# જૈનમાર્ગની પિછાણ

પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણીવર

# જૈનમાર્ગની પિછાણ

પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

પ્રકાશક

**કુસુમ સૌરભ કેન્દ્ર**

**C/o પી. બી. જૈન**

૭-ખરીદીયા એપાર્ટમેન્ટ

વાસણા બસ સ્ટેન્ડ પાછળ

**અમદાવાદ-૭**

●

લેખક–પરિચય :
પૂ. પાદ વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ
શ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન
**પૂ. પં શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

●

આવૃત્તિ ચોથી
વીર સંવત ૨૫૧૦
વિક્રમ સંવત ૨૦૪૦,

●

પ્રિન્ટર્સ :
**સરસ્વતી કમ્પોઝ**
ખાનપુર, **અમદાવાદ–૧.**

**મૂલ્ય રૂ. ૫–૦૦**

---

: પ્રાપ્તિસ્થાનો :

**૧. સરસ્વતી પુસ્તક ભંડાર**
રતનપોળ, હાથીખાના
**અમદાવાદ–૧**

**૨. સોમચંદ ડી. શાહ**
સુઘોષા કાર્યાલય, જીવનનિવાસ
સામે, **પાલિતાણા** (સૌરાષ્ટ્ર)

●

**૩. પાર્શ્વનાથ જૈન પુસ્તક**
**ભંડાર** ફૂવારા સામે
પાલીતાણા.

**૪. શંખેશ્વર પાર્શ્વનાથ**
**પુસ્તક ભંડાર**
શંખેશ્વર વાયા, હારિજ ઉ.ગુ.

●

**૫. ગૂર્જરગ્રંથરત્ન કાર્યાલય**
ગાંધીરોડ, ફુવારા સામે
**અમદાવાદ–૧.**

**૬. સેવંતીલાલ વી. જૈન**
૨૦, મહાજન ગલી, ૧લે માળે
ઝવેરી બજાર, **મુંબઈ–૨.**

## પૂજ્યપાદ પંન્યાસજી પ્રવર શ્રી ભદ્રંકર વિજયજી ગણિવરશ્રીનાં પ્રગટ થયેલ પુસ્તકોની સૂચિ

| | | |
|---|---|---|
| ૧ | જૈન માર્ગની પિછાણ | ૫—૦૦ |
| ૨ | નમસ્કાર મહામંત્ર | ૧૦—૦૦ |
| ૩ | પરમેષ્ઠિ નમસ્કાર | ૭—૦૦ |
| ૪ | અનુપેક્ષા (કિરણ ૧—૨—૩ સાથે) | ૮—૦૦ |
| ૫ | નમસ્કાર મીમાંસા | ૭—૦૦ |
| ૬ | નમસ્કાર દોહન | ૫—૦૦ |
| ૭ | જિન—ભક્તિ (અપ્રાપ્ય) | ૩—૦૦ |
| ૮ | દેવ દર્શન | ૬—૦૦ |
| ૯ | પ્રતિમા—પૂજન હિન્દી | ૮—૦૦ |
| ૧૦ | પ્રાર્થના | ૨—૫૦ |
| ૧૧ | પ્રતિક્રમણની પવિત્રતા | ૧—૫૦ |
| ૧૨ | ધર્મ શ્રદ્ધા | ૬—૦૦ |
| ૧૩ | આરાધનાનો માર્ગ | ૫—૫૦ |
| ૧૪ | આસ્તિકતાનો આદર્શ | ૧૦—૦૦ |
| ૧૫ | શ્રી મહાવીર દેવનું જીવન (અપ્રાપ્ય) | |
| ૧૬ | તત્ત્વ દોહન | ૧૦—૦૦ |
| ૧૭ | તત્ત્વ પ્રભા | ૯—૦૦ |
| ૧૮ | મનન માધુરી | ૪—૦૦ |
| ૧૯ | મંગલ—વાણી | ૩—૦૦ |
| ૨૦ | પ્રતિમા—પૂજન—ગુજરાતી (અપ્રાપ્ય) | |
| ૨૧ | વચનામૃતસંગ્રહ | ૪—૦૦ |
| ૨૨ | અજાત શત્રુની અમરવાણી | ૫—૦૦ |
| ૨૩ | ચુંટેલું ચિંતન | ૪—૦૦ |
| ૨૪ | કલ્યાણ શ્રદ્ધાંજલિ વિશેષાંક | ૨૦—૦૦ |
| ૨૫ | મહામંત્રનાં અજવાળા | પ્રેસમાં |
| ૨૬ | અનુપ્રેક્ષાનાં અજવાળા | પ્રેસમાં |

# પ્રસ્તાવના

तथ्ये धर्मे ध्वस्तहिंसाप्रबन्धे ।
देवे रागद्वेषमोहादिमुक्ते ॥
साधौ सर्वग्रन्थसंदर्भहीने ।
संवेगोऽसौ निश्चलो योऽनुरागः ॥१॥

●

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।

●

સમ્યગ્દર્શન (સાચી શ્રદ્ધા), સમ્યગ્જ્ઞાન (સાચું જ્ઞાન) અને સમ્યક્ચારિત્ર (સાચું વર્તન અને ધ્યાન) એ સાચા મોક્ષસુખનો ખરો માર્ગ છે.

—પૂજ્ય શ્રી ઉમાસ્વાતિજી વાચક

●

● ધર્મનાં ચાર અંગ

શ્રદ્ધા વિના એટલે કોઈ પણ એક સારા વિષયની સાચી જિજ્ઞાસા થયા વિના સાચું જ્ઞાન થતું નથી, સાચા જ્ઞાન વિના વર્તન સુધરતું નથી. અને સમ્યગ્વર્તન વિના સમ્યગ્-ધ્યાન સંભવતું નથી એટલે કે સમ્યગ્ધ્યાન માટે સમ્યગ્-વર્તનની જરૂર છે. સદ્વર્તન માટે સમ્યગ્જ્ઞાનની જરૂર છે, અને સમ્યગ્જ્ઞાન માટે સમ્યગ્શ્રદ્ધાની જરૂર છે. શ્રદ્ધાહીનનું જ્ઞાન અજ્ઞાન છે. જ્ઞાનહીનનું ચારિત્ર કાયકષ્ટ છે અને ચારિત્રહીનનું ધ્યાન દુર્ધ્યાન છે. દુર્ધ્યાનના અંતે દુર્ગતિ નિયમા છે. દુર્ગતિથી ભીરુઅને સદ્ગતિના કામી આત્માઓને જેટલી જરૂર સમ્યગ્-ધ્યાનની છે, તેટલી જ જરૂર ધ્યાનને સુધારનાર સમ્યગ્જ્ઞાનની

અને જ્ઞાનને સુધારનાર સમ્યગ્શ્રદ્ધાની છે. શ્રી જૈનશાસનની આરાધના એટલે સમ્યગ્શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન, સમ્યક્વર્તન અને સમ્યગ્ધ્યાન; તથા એ ચારેને ધારણ કરનાર સત્પુરુષોની આરાધના. એ ચારેમાંથી એકેની તથા એ ચારેને ધારણ કરનાર કોઈ એકની પણ અવગણના, એ શ્રી જૈનશાસનની જ અવગણના છે. એ ચારેની અને એ ચારેને ધારણ કરનારની એકસરખી આરાધના, એ શ્રી જૈનશાસનની ખરી આરાધના છે. શ્રી જૈનશાસનની ખરી આરાધના કરવાના અભિલાષુક આત્માઓને એકલું જ્ઞાન કે એકલું ધ્યાન, એકલી શ્રદ્ધા કે એકલું ચારિત્ર, કદી પણ સંતોષ આપી શકતું નથી. શ્રદ્ધા વિનાનું કોરું જ્ઞાન કે જ્ઞાન વિનાની કોરી ક્રિયા કે ક્રિયા વિનાનું કોરું ધ્યાન, મુક્તિને આપવા માટે સમર્થ થતું નથી. એ કારણે મુક્તિનો માર્ગ એકલી શ્રદ્ધા, એકલું જ્ઞાન, એકલી ક્રિયા કે એકલું ધ્યાન નથી, પણ શ્રદ્ધા અને જ્ઞાન તથા ક્રિયા અને ધ્યાન એ ચારેનો સુમેળ છે, એટલું જ નહિ પણ એ ચારેની સંપૂર્ણ શુદ્ધિ છે.

### • ચારની શુદ્ધિ

શ્રદ્ધાની શુદ્ધિ એટલે શ્રદ્ધેય વસ્તુઓ, શ્રદ્ધાવાન આત્મા અને શ્રદ્ધાનાં સાધનોની શુદ્ધિ.

જ્ઞાનની શુદ્ધિ એટલે જ્ઞેય, જ્ઞાતા અને જ્ઞાનનાં સાધનોની શુદ્ધિ.

ક્રિયાની શુદ્ધિ એટલે ક્રિયા, ક્રિયાવાન્ અને ક્રિયાનાં સાધનોની શુદ્ધિ.

ધ્યાનની શુદ્ધિ એટલે ધ્યેય, ધ્યાતા અને ધ્યાનનાં સાધનોની શુદ્ધિ.

શ્રી જૈનશાસનમાં શ્રદ્ધા કરવાયોગ્ય વીતરાગદેવ, તેમને

માર્ગે ચાલનારા નિર્ગ્રંથ ગુરુ અને તેમણે બતાવેલો શ્રુત અને ચારિત્રસ્વરૂપ ધર્મ છે.

**• વીતરાગદેવ**

રાગાદિ દોષો કે જેમણે સંપૂર્ણ જગત ઉપર વિજય મેળવ્યો છે, તે દોષો ઉપર પણ જેઓએ વિજય પ્રાપ્ત કર્યો છે, તેઓ 'જિન' એટલે ત્રણ જગતના 'વિજેતા' 'victors' ગણાય છે. દોષો ઉપરના એ વિજયનું બીજું નામ જ 'વીતરાગતા' છે. એવી વીતરાગતા ઉપરની શ્રદ્ધા એટલે દોષોના વિજય ઉપરની શ્રદ્ધા. જગતમાં જેમ દોષો છે, તેમ એ દોષો ઉપર વિજય મેળવનારાઓ પણ છે, એવી શ્રદ્ધા. એ શ્રદ્ધા દોષોના વિજેતાઓ ઉપર ભક્તિરાગ ઉત્પન્ન કરે છે. દોષોના વિજેતાઓ ઉપરનો ભક્તિરાગ, એ એક પ્રકારનો વેધક રસ છે. વેધક રસ જેમ તાંબાને પણ સુવર્ણ બનાવવાની તાકાત ધરાવે છે, તેમ દોષોના વિજેતાઓ ઉપરનો ભક્તિ-રાગ, જીવરૂપી તામ્રને શુદ્ધ કાંચન સમાન–સર્વ દોષરહિત અને સર્વ ગુણસહિત–બનાવવાની શક્તિ ધરાવે છે.

દોષરહિતતા અને ગુણસહિતતા સહભાવી છે. જેમ અંધકારનો નાશ અને પ્રકાશનો ઉગમ એકસાથે જ થાય છે, તેમ દોષોનો વિજય અને ગુણોનો પ્રકર્ષ પણ સમ કાળે જ ઉદય પામે છે. 'વીતરાગ' એ દોષોના વિજેતા છે, માટે જ ગુણોના પ્રકર્ષવાળા છે. એ રીતે વીતરાગ ઉપરની શ્રદ્ધામાં જેમ દોષોના વિજય ઉપરની શ્રદ્ધા વ્યક્ત થાય છે, તેમ ગુણોના પ્રકર્ષ ઉપરની શ્રદ્ધા પણ અભિવ્યક્ત થાય છે. એ ઉભય ઉપરની શ્રદ્ધાથી જાગેલો ભક્તિરાગ પણ જ્યારે તેના પ્રકર્ષને પામે છે, ત્યારે આત્માને એક ક્ષણ–અંતરમુહૂર્તમાં વીતરાગ સમાન બનાવી દે છે.

## • નિર્ગ્રંથ ગુરૂ

જૈનશાસનમાં શ્રદ્ધેય તરીકે પ્રથમ નંબરે જેમ 'વીતરાગ' છે, તેમ બીજે નંબરે 'નિર્ગ્રંથ ગુરુ' છે. 'નિર્ગ્રંથ' એટલે 'વીતરાગ' નહિ હોવા છતાં 'વીતરાગ' બનવાને સતત પ્રયત્નશીલ. 'ગ્રંથ' શબ્દનો અર્થ પરિગ્રહ છે અને 'પરિગ્રહ' શબ્દ જૈનશાસનમાં 'મૂર્છા'ના પર્યાય તરીકે ઓળખાય છે. આત્મા અને તેના ગુણો સિવાય જગતના કોઈ પણ પદાર્થ ઉપર (મૂર્છાના અત્યંત કારણભૂત સ્વશરીર ઉપર પણ) મમત્વ કે રાગભાવ ધારણ ન કરવો, એ નિર્ગ્રંથતાની ટોચ છે. આત્મા અને તેના ગુણો ઉપરનો રાગ, એ મૂર્છા કે મમત્વસ્વરૂપ નથી, પણ સ્વભાવરમણતારૂપ છે. સ્વભાવરમણતા–એ દોષ નહિ, પણ વસ્તુનું પોતાનું સ્વરૂપ છે, તેથી સહજ અને નિર્દોષ છે, નિર્ગ્રંથતા ઉપરની શ્રદ્ધાનો એક પ્રકાર છે. 'વીતરાગ' દોષરહિત છે અને 'નિર્ગ્રંથ' દોષસહિત હોવા છતાં, દોષરહિત બનવાનો પ્રયાસ કરી રહેલ છે. દોષના અભાવમાં દોષરહિત બની રહેવું, એ સહજ છે, પરંતુ દોષની હયાતિમાં દોષને આધીન ન બનવું, એ સહજ નથી. દોષોના હલ્લાઓની સામે ટકી રહેવું અને દોષોને મૂલમાંથી ઊખેડી નાંખવા માટે સતત મચ્યા રહેવું, એ નિર્ગ્રંથતા છે. આ નિર્ગ્રંથતા જ વીતરાગતાની સખી છે–બેનપણી છે. એવી નિર્ગ્રંથતાને વરેલા મહાપુરુષો ઉપરની શ્રદ્ધા (Respect for the religious Heroes) પણ સાચી વીતરાગતાની ભક્તિનું જ પ્રતીક છે. 'વીતરાગ' ઉપરનો ભક્તિભાવ, એ જેમ દોષોનો દાહક અને ગુણોનો ઉત્તેજક છે, તેમ 'નિર્ગ્રંથ ઉપરનો ભક્તિભાવ પણ દોષદાહકક અને ગુણોત્તેજક છે.

## • શ્રુત–ચારિત્ર–ધર્મ

જૈનશાસનમાં શ્રધ્ધેય તરીકે પહેલો નંબર જેમ 'વીત-રાગ'નો અને બીજો નંબર જેમ 'નિર્ગ્રંથ ગુરુનો છે, તેમ ત્રીજો નંબર વીતરાગે કહેલા અને નિર્ગ્રન્થે પાળેલા શ્રુતરૂપ અને ચારિત્રરૂપ ધર્મનો આવે છે.

શ્રુતધર્મની શ્રદ્ધા એટલે વીતરાગનાં વચનસ્વરૂપ શાસ્ત્રમાં બતાવેલા પદાર્થો અને તત્ત્વો ઉપરનો વિશ્વાસ. અર્થાત્ કેવલિ નિરૂપિત શાસ્ત્રોમાં (જીવાદિક) ષટ્ દ્રવ્યો અને (મોક્ષાદિક) નવ તત્ત્વોનું સ્વરૂપ જેવી રીતે બતાવ્યું છે, તે તેવી જ રીતે છે, એવી પૂર્ણ ખાત્રી અને વિશ્વાસ. એ વિશ્વાસના બળે જગતનો સ્વભાવ અને મોક્ષનું સ્વરૂપ જેવું છે, તેવું યથાર્થ જાણવા અને સમજવાની તક મળે છે અને એ તકના પરિણામે શુદ્ધ ચારિત્રધર્મની પણ કાળક્રમે પ્રાપ્ત થાય છે.

ચારિત્રધર્મ એક એવી વસ્તુ છે, કે તે સર્વાંશે કે અંશે પણ પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી જીવ બીજાને પીડા આપવા-માંથી મુક્ત થઈ શકતો નથી, અને જ્યાં સુધી બીજાની પીડામાંથી જીવ અંશે પણ નિર્વૃત્ત થતો નથી, ત્યાં સુધી પોતાના ઉપર આવતી વર્તમાન કે આગામી પીડાઓને અટકાવી શકાતી નથી, અર્થાત્ પરની પીડામાં નિમિત્ત બનતો જીવ જ સ્વપીડાનો ભોગ બને છે. જ્યાં સુધી જીવ મનથી, વચનથી કે કાયાથી પરપીડામાં લેશમાત્ર પણ નિમિત્ત બને છે, ત્યાં સુધી તેને તન્નિમિત્ત કર્મબંધ પણ ચાલુ જ રહે છે. તે કર્મબંધ થતો જો અટકાવવો હોય, તો તેનો એક જ ઉપાય છે, કે "હિંસા પાપસ્થાનકોથી ત્રિવિધે ત્રિવિધે અટકવું, તેનાથી વિરત–નિવૃત્ત થવું. એ નિવૃત્તિ

નથી થતી, ત્યાં સુધી કર્મનો આસ્રવ અટકતો નથી. અને એક વખતે થયેલો કર્મનો આસ્રવ તેનું ફળ આત્માને ચખાડ્યા સિવાય રહેતો પણ નથી. કહ્યું છે કે–

'नाऽभुक्तं क्षीयते कर्म, कल्पकोटिशतैरपि ।'

ક્રોડો કલ્પે (વર્ષે) પણ બાંધેલું કર્મ ભોગવ્યા સિવાય ખપતું નથી.'

પરપીડા એ પાપ છે અને પરોપકાર એ પુણ્ય છે, એ વાત એક ને એક બે જેવી છે. છતાં જેઓને એ વિષયમાં થોડો પણ સંદેહ હોય, તેઓએ વિચારવું જોઈએ, કે પોતાને કોઈ પીડા આપે, તો તે પાપ કરનારો છે, એમ લાગે છે કે નહિ ? અને પોતાના ઉપર કોઈ ઉપકાર કરે, તો તે પુણ્યનું કામ કરે છે, એમ લાગે છે કે નહિ? જો લાગે છે, તો એ નિયમ પોતાના માટે સાચો છે અને બીજાને માટે નહિ–એમ કયા આધારે કહી શકાય ? કાંટામાંથી કાંટા અને અનાજમાંથી અનાજ થાય–એ સૃષ્ટિનો અટલ નિયમ છે. એ નિયમને અનુસારે જ પીડામાંથી પીડા અને ઉપકારમાંથી ઉપકાર–એ સિદ્ધાન્ત ફલિત છે. ચારિત્રધર્મ એ પરપીડાના પરિહારસ્વરૂપ અને પરોપકારનાં પ્રધાન અંગસ્વરૂપ છે. તે ચારિત્રધર્મ ઉપરની શ્રદ્ધા અને તેના પાલનના શુભ અને કલ્યાણકારી ફલ ઉપર અખંડ વિશ્વાસ, એ પણ સદ્‌ભક્તિ અને સદાચારની પ્રેરણાનું બીજ છે.

પરને લેશમાત્ર પણ પીડા ન થાય અને સંસર્ગમાં આવનાર યોગ્ય આત્માઓને શુદ્ધ ધર્મની પ્રાપ્તિરૂપ પરમ ભાવોપકાર થાય, એવા પ્રકારનું ચારિત્રપાલન અને તેના ઉત્તમ નિયમો શ્રી જૈનશાસનમાં સૂક્ષ્મ રીતિએ બતાવેલા છે. તે બધાનો સમાવેશ 'ચરણસિત્તરી' અને 'કરણસિત્તરી'

એટલે ચારિત્રના (૭૦) અને ક્રિયાના (૭૦) એમ (૧૪૦)[1] ભેદોમાં, અગર સંયમ અને શીલના (૧૮૦૦૦)[2] પ્રકારોમાં થઈ જાય છે. એ (૧૪૦) અને (૧૮૦૦૦) પ્રકારોને સૂક્ષ્મ બુદ્ધિથી અને મધ્યસ્થ દૃષ્ટિએ વિચારવામાં આવે, તો સદાચારનાં સર્વશ્રેષ્ઠ અંગો તેમાં સમાઈ જાય છે અને સદાચારનું એક પણ અંગ બાકી રહી જતું નથી. એની ખાત્રી થયા સિવાય રહે નહિ. સદાચારનાં એ શ્રેષ્ઠ અંગોનું નિયમિત પાલન કરવા માટે ઇચ્છા–મિચ્છાદિક દશવિધ ચક્રવાલસામાચારી અને આવશ્યક પ્રતિલેખનાદિ અનેક પ્રકારની પ્રતિદિન સામાચારીનું પાલન પણ શ્રી જૈનશાસનમાં દર્શાવવામાં

---

१ **वयसमणधम्मसंजमवेयावच्चं च बंभगुत्तीओ ।**
**नाणाइतियं तवकोहनिग्गहाइं चरणमेयं ॥ १ ॥**

(પાંચ) વ્રત, (દશ) યતિધર્મ, (સત્તર) સંયમ, (દશ) વૈયાવચ્ચ, (નવ) બ્રહ્મચર્ય ગુપ્તિ, (ત્રણ) જ્ઞાનાદિ, (બાર) તપ અને (ચાર) ક્રોધાદિનો નિગ્રહ, એ (સીત્તેર પ્રકારનું) ચારિત્ર છે. ૧

**पिंडविसोहि समिई, भावणपडिमा य इंदियनिरोहो ।**
**पडिलेहणगुत्तिओ, अभिग्गहं चेव करणं तु ॥ २ ॥**

(ચાર) પિંડવિશુદ્ધિ, (પાંચ) સમિતિ, (બાર) ભાવના, (બાર) પ્રતિમા (પાંચ) ઈંદ્રિયનિરોધ, (પચીસ) પ્રતિલેખના અને (ત્રણ) ગુપ્તિ, (ચાર) અભિગ્રહો એમ સીત્તેર પ્રકારની ક્રિયા છે. ૨

२ **जोए करणे सन्ना, इंदियभोमाइ समणम्मे य ।**
**सीलांगसहस्साणं, अट्ठारसगस्स निप्फत्ती ॥ ३ ॥**

(ત્રણ) યોગ, (ત્રણ) કરણ, (ચાર) સંજ્ઞા, (પાંચ) ઇંદ્રિય, (દશ) પૃથિવી આદિ અને (દશ) શ્રમણધર્મ મળી અઢાર હજાર શીલ–સદાચારનાં અંગ બને છે. ૩

આવ્યું છે. તેથી તે બધા ભેદોના પાલનમાં ઉપયોગવંત જીવને જીવનમાં સદાચારને ભંગ થવાનો અવકાશ રહેતો નથી.

શ્રદ્ધાની શુદ્ધિ માટે શ્રદ્ધેય વસ્તુઓની શુદ્ધિ જોઈ. એવી શુદ્ધ વસ્તુઓ ઉપરની શ્રદ્ધા (Respect) એ કોઈ પણ આત્માને પવિત્ર બનાવનાર છે, એમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી.

**• આત્માની શુદ્ધિ**

હવે આવે છે શ્રદ્ધાવાન આત્માની શુદ્ધિની વાત. શ્રદ્ધા એક ગુણ છે, તે ગુણી વિના રહી શકતો નથી, તેથી શ્રદ્ધા ગુણને ધારણ કરનાર આત્માનું સ્વરૂપ પણ તેવું માનવું જોઈએ, કે જે શ્રદ્ધેય હોય. આત્માને એકાન્ત નિત્ય કે એકાન્ત ક્ષણિક માનવામાં આવે, એકાન્ત શુદ્ધ કે સર્વથા નિર્ગુણ માનવામાં આવે, શરીરથી એકાન્ત ભિન્ન કે એકાન્ત અભિન્ન માનવામાં આવે, તો કેવળ શ્રદ્ધા જ નહિ કિન્તુ કોઈ પણ ગુણની પ્રાપ્તિ–અપ્રાપ્તિ ઘટી શકતી નથી. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર કે ધ્યાન વગેરે ગુણોની પ્રાપ્તિ–અપ્રાપ્તિ આત્મામાં તો જ ઘટી શકે, જો આત્મા નિત્યાનિત્ય, શુદ્ધાશુદ્ધ કે શરીરથી ભિન્નાભિન્ન હોય. દ્રવ્યથી નિત્ય છતાં પર્યાયથી અનિત્ય, મોક્ષમાં શુદ્ધ છતાં સંસારમાં અશુદ્ધ, નિશ્ચયનયે શરીરથી ભિન્ન છતાં વ્યવહારનયે અભિન્ન, એવા પ્રકારનો આત્મા જો માનવામાં ન આવે, તો શ્રદ્ધાદિ ગુણોની પ્રાપ્તિ–અપ્રાપ્તિનો વિચાર નિરર્થક ઠરે અને એ વિચારોને દર્શાવનાર શાસ્ત્રો પણ કલ્પિત ઠરે. શ્રી જૈનશાસનમાં આત્માનું સ્વરૂપ જે રીતે નિત્યાનિત્યાત્મક આદિપણે બતાવ્યું છે, તે રીતે માનવામાં આવે, તો જ મોક્ષમાર્ગનું નિરૂપણ શ્રદ્ધેય ઠરે છે.

### * શ્રદ્ધા આદિનાં સાધનોની શુદ્ધિ

શ્રદ્ધેય પદાર્થો અને શ્રદ્ધાવાન આત્માની જેમ શુદ્ધિ જોઈએ, તેમ શ્રદ્ધાનાં સાધનોની શુદ્ધિ ઉત્પન્ન થવાનાં સાધનો, શ્રી જૈનશાસનમાં બે પ્રકારનાં કહ્યાં છે–

**तन्निसर्गादधिगमाद्वा ।**

સમ્યગ્દર્શનની ઉત્પત્તિ જેમ નિસર્ગથી તેમ અધિગમથી પણ થાય છે. નિસર્ગ એટલે જેમાં આત્મા સિવાય બીજાં કોઈ પણ સાધનની જરૂર નથી. અધિગમ એટલે આત્મા સિવાય બીજાં ગુરુ ઉપદેશાદિ સાધનો પણ જેમાં રહેલાં છે. એકલી નિસર્ગથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માનવી કે એકલા અધિગમથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માનવી, એમાં પ્રત્યક્ષ બાધ છે. કોઈ વિશિષ્ટ કોટિના સંસ્કારી આત્માને પૂર્વજન્મોના શુભ અભ્યાસથી આ જન્મમાં બાહ્ય નિમિત્ત વિના પણ શ્રદ્ધાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે અને કોઈ જીવને ઉપદેશાદિ મળ્યા પછી જ સમ્યગ્દર્શન થાય છે. એ બંને પ્રકારોને માનવા, એ શ્રદ્ધાનાં સાધનોની શુદ્ધિ છે.

જેમ શ્રદ્ધાની તેમ જ્ઞાનની શુદ્ધિ માટે જ્ઞેય, જ્ઞાન અને જ્ઞાનનાં સાધનોની શુદ્ધિ, ક્રિયાની શુદ્ધિ માટે ક્રિયા, ક્રિયાવાન અને ક્રિયાનાં સાધનોની શુદ્ધિ તથા ધ્યાનની શુદ્ધિ માટે ધ્યેય, ધ્યાતા અને ધ્યાનનાં સાધનોની શુદ્ધિ પણ તેટલી જ જરૂરી છે.

જૈનશાસનમાં જ્ઞેય તરીકે અનંત વિશ્વ, તેમાં રહેલા જીવો, પુદ્ગલ પરમાણુઓ અને સ્કંધો, જીવ અને પુદ્ગલોની ગતિ અને સ્થિતિ તથા તેના આધારભૂત દ્રવ્યો તથા તે બધાને અવકાશ આપનાર આકાશ અને પરિવર્તન કરનાર

કાલ વગેરેને તેના યથાર્થ સ્વરૂપમાં દર્શાવેલ છે અને 'જ્ઞાતા' આત્મા પણ નિત્યાનિત્ય, શુદ્ધાશુદ્ધ અને શરીરથી ભિન્નાભિન્ન બતાવેલ છે તથા જ્ઞાનનાં સાધનો (બાહિરંગ) ઉપદેશાદિ અને (અંતરંગ) ક્ષયોપશમાદિ યથાસ્થિત રીતે વર્ણવેલાં છે. જ્ઞાનનાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ, એ પાંચ મૂળ ભેદો, તેના (૫૧) પેટા ભેદો તથા અસંખ્ય અવાંતર ભેદો પણ સૂક્ષ્મ અને સંગત રીતિએ નિરૂપણ કરેલા છે. ક્રિયાની શુદ્ધિ માટે સંયમના (૧૭)[૧] અને ચારિત્રના (૭૦) ભેદો, તેના અસંખ્ય પ્રભેદો તથા સંયમસ્થાનો બતાવેલાં છે. ક્રિયાવાન આત્માની લેશ્યા તથા તેની શુદ્ધિ–અશુદ્ધિ, (૧૪) ગુણસ્થાનકો અને તેના અસંખ્ય ભેદ–પ્રભેદો પ્રરૂપેલા છે તથા ક્રિયાનાં (ગુરુકુલવાસાદિ) બાહ્ય તથા (વીર્યાંતરાય ક્ષયોપશમાદિ) અભ્યંતર સાધનો પણ શુદ્ધ રીતિએ વર્ણવેલાં છે. ધ્યાનની શુદ્ધિ માટે ધ્યેય તરીકે મુક્તિ, મુક્તિસ્થાન, મુક્તિનાં જીવો, મુક્તિનું સુખ, 'ધ્યાતા' તરીકે નિત્યાનિત્યત્વાદિ સ્વરૂપવાળો આત્મા અને ધ્યાનનાં સાધનો તરીકે બાહ્ય અભ્યંતરાદિ બાર પ્રકારના તપનું સુવિસ્તૃત અને સુસંગત વર્ણન કરેલું છે, તેથી આ બધા પદાર્થો પરમ શ્રદ્ધેય છે.

**• સાંગોપાંગ આરાધના**

એ રીતે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર તથા ધ્યાન–એ ચાર અંગવાળો મુક્તિનો માર્ગ, શ્રી જૈનશાસનમાં યથાસ્થિતપણે

---

૧ **पंचाश्रवाद्विरमणं, पंचेन्द्रियनिग्रहश्च कषायजयः ।**
**दंडत्रयविरतिश्चेति, संयमः सप्तदशभेदः ॥ १ ॥**

પાંચ આસ્રવથી વિરમણ, પાંચ ઈન્દ્રિયનો વિગ્રહ, ચાર કષાયનો જય તથા ત્રણ દંડથી વિરતિ, એ સત્તર પ્રકારનો સંયમ છે. ૧

વર્ણવાયેલો છે. તેની સાંગોપાંગ આરાધના જીવને થોડા જ કાળમાં મુક્તિસુખને અપાવનારી થાય છે. શ્રી જૈનશાસનમાં કોઈ પણ એક અંગની આરાધનામાં ચારે અંગની સાધના એક સાથે રહેલી છે. જેમ કે, સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે (પ્રાતઃકાળે અને સાયંકાળે ધૂપ–દીપાદિ વડે અને મધ્યાહ્ન કાળે જલ–ચંદન–પુષ્પાદિ વડે) ત્રિકાળ જિનપૂજન કરવાથી જિનેશ્વરદેવો પ્રત્યે વિનય, ભક્તિ અને આદર બતાવાય છે, તેથી શ્રદ્ધાની શુદ્ધિ થાય છે. જિનેશ્વરો કેવળજ્ઞાની, શુકલધ્યાની અને યથાખ્યાતચારિત્રી છે, તેથી તેમનું પૂજન, અર્ચન, વંદન તથા નમન, સ્તવન, ધ્યાનાદિ કરનારો પોતાની ભક્તિના બળે કાળક્રમે તેમના જેવો જ્ઞાની, ધ્યાની અને ચારિત્રી થઇ શકે છે. સમ્યગ્જ્ઞાનની શુદ્ધિ માટે સત્-શાસ્ત્રનું અધ્યયન કે શાસ્ત્રાનુસારી ઉપદેશનું શ્રવણ છે. તેને કરનારો અનુક્રમે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર અને શુદ્ધ ધ્યાનને પામનારો થાય છે.

સમ્યક્ચારિત્રની શુદ્ધિ એટલે વ્રત–નિયમોનું પાલન, વ્રતધર સાધુ અને શ્રાવકોની ભક્તિ તથા યતિધર્મ અને ગૃહીધર્મ ઉપર શ્રદ્ધા ધારણ કરવી તે છે. તેને કરનારો અનુક્રમે પાપક્ષય અને કર્મક્ષય કરીને ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક જ્ઞાન, ક્ષાયિક ચારિત્ર અને ક્ષાયિક વીર્ય આદિને પામી શકે છે.

સમ્યગ્ધ્યાનની શુદ્ધિ માટે અનશનથી માંડીને કાયો-ત્સર્ગપર્યંત કોઈ પણ પ્રકારનો તપ છે, તેને કરનારો અશુભ કર્મ તથા અશુભ ભવનો ક્ષય કરી, પરિણામે નિર્મળ આત્મ-સ્વરૂપને પામી કેવળજ્ઞાન, કેવળદર્શન, અવ્યાબાધ સુખ તથા અનંતવીર્ય આદિને પામે છે.

સર્વજ્ઞકથિત ચાર વિભાગવાળા આ મોક્ષમાર્ગને યત્કિંચિત્ ઓળખાવવા આ નાનકડા પુસ્તક દ્વારા સ્વલ્પ પ્રયાસ કરવામાં આવ્યો છે.

આશા છે કે જૈનમાર્ગની પ્રાથમિક પિછાન માટે, તેવા પ્રકારના અધિકારી જીવોને આ નાનકડું પુસ્તક મદદગાર નીવડશે.

ફોફલિયાવાડો,
જૈન ઉપાશ્રય — પં. ભદ્રંકરવિજય
પાટણ (ઉ. ગુજરાત).
સંવત : ૨૦૦૧, આસો સુદ ૧૫.

---

जिनो देवः कृपा धर्मो,
गुरवो यत्र साधवः ।
श्रावकत्वाय कस्तस्मै,
न श्लाघेताऽविमूढधीः ॥१॥

જેમાં દેવ તરીકે શ્રી જિન-વીતરાગ, ધર્મ તરીકે શુદ્ધ કૃપા-દયા અને ગુરુઓ તરીકે સુસાધુ-મહાત્માઓ છે, તે શ્રાવકપણાની અવિમૂઢબુદ્ધિ-નિર્મળ મતિવાળો કોણ શ્લાઘા ન કરે ? સર્વ કોઈ કરે. ૧.

जिनधर्मविनिर्मुक्तो
मा भुवं चक्रवर्त्यपि ।
स्यां चेटोऽपि दरिद्रोऽपि
जिनधर्माधिवासितः ॥१॥

શ્રી જિનધર્મથી રહિત ચક્રવર્તી પણ હું ન થાઉં. શ્રી જિનધર્મથી અધિવાસિત દાસ અને દરિદ્ર પણ હું થાઉં. ૧

# સાચો જૈન

**अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य ।**
**अप्पा मित्तममित्तं च, दुप्पट्ठिय सुपट्ठिओ ॥१॥**

સુખો અને દુઃખોને ઉત્પન્ન કરનાર અને નાશ કરનાર આત્મા છે. ઇન્દ્રિયોને વશ નહિ થયેલો આત્મા પોતાનો મિત્ર છે અને ઇન્દ્રિયોને આધીન થયેલો આત્મા પોતાનો શત્રુ છે. ૧.

**अप्पा नई वेयरणी, अप्पा मे कूडसामली ।**
**अप्पा कामदुहा धेणू, अप्पा मे नंदणं वणं ॥२॥**

આત્મા એ વૈતરણી નદી છે, મારો આત્મા એ શાલ્મલી વૃક્ષ છે. આત્મા એ કામધેનુ છે અને મારો આત્મા એ જ નંદનવન છે. ૨.

**अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।**
**अप्पा दंतो सुही होई, अस्सिं लोए परत्थ य ॥३॥**

આત્મા જ દમન કરવાને યોગ્ય છે અને આત્મા જ ખરો દુર્દમ્ય છે. આત્માનું દમન કરનાર આ લોક અને પરલોકમાં સુખી થાય છે. ૩.

**वरं मे अप्पा दंतो, संजमेण तवेण य ।**
**माऽहं परेहिं दम्मन्तो, बन्धणेहिं वहेहि य ॥४॥**

સંયમ અને તપથી મારા આત્માનું દમન કરવું શ્રેષ્ઠ છે, કે જેથી બીજાઓ દ્વારા વધ અને બંધનોથી મારું દમન ન થાય. ૪

**जो सहस्सं सहस्साणं, संगामे दुज्जए जिणे ।**
**एगं जिणिज्ज अप्पाणं, एस से परमो जओ ॥५॥**

એક માણસ દુર્જય એવા સંગ્રામમાં લાખો માણસોને જીતે, પરન્તુ એક પોતાના આત્માને જીતે, એ જ તેનો ઉત્કૃષ્ટ જય છે. ૫.

**पंचिंदियाणि कोहं, माणं मायं तहेव लोभं च ।**
**दुज्जयं चेव अप्पाणं, सव्वमप्पे जिए जियं ॥६॥**

પાંચ ઈન્દ્રિય તથા ક્રોધ, માન, માયા અને લોભ—એ દુર્જય છે. પરંતુ આત્માને જીતવાથી બધા જીતાય છે. ૬

**अप्पाणमेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ ।**
**अप्पणा चेव अप्पाणं, जइत्ता सुहमेहए ॥७॥**

આત્માની જ સાથે યુદ્ધ કરો, બહારના સાથે યુદ્ધ કરવાથી શું ? આત્મા વડે આત્માને જીતવાથી જ સુખ પ્રાપ્ત થાય છે.

# જૈન માર્ગની પિછાણ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. ધર્મના આદ્ય પ્રકાશક | ૧ |
| ૨. સાધુધર્મ અને શ્રાવકધર્મ | ૨૨ |
| ૩. શ્રદ્ધા | ૩૩ |
| ૪. શ્રાવકધર્મ | ૫૦ |
| ૫. શ્રાદ્ધવિધિ (મૂળનો અનુવાદ) | ૮૦ |
| ૬. તીર્થંકરોના નામનો મંગળ જાપ | ૮૪ |
| ૭. જૈન પરમેશ્વરનું સ્વરૂપ | ૧૦૦ |

સાચા પરમેશ્વર તરીકે પૂજાવા લાયક આ જગતમાં કોઈ પણ હોય, તો તે માત્ર શ્રી અરિહંત પરમાત્માઓ જ છે. ધર્મના આદ્ય પ્રકાશક પણ તેઓ જ છે, કારણ કે, જે ધર્મનું પ્રકાશન કરવું છે, તે ધર્મ અતીન્દ્રિય (extra-sensory) છે, તેથી અતીન્દ્રિય જ્ઞાનને ધારણ કરનાર મહાપુરુષો જ તેને તેના સત્ય સ્વરૂપમાં જાણી શકે છે. જેઓ ધર્મને સાક્ષાત્ જોઇ કે જાણી શકતા નથી, તેઓ ધર્મની બાબતમાં જેટલાં અનુમાન કરે, તે ભાગ્યે જ સાચાં હોય; તેમાં પણ કોઇ સાચું અનુમાન પ્રાપ્ત થઈ જતું હોય, તો તેનું કારણ પણ અતીન્દ્રિય જ્ઞાનીઓ દ્વારા પ્રકાશિત કરાયેલા પદાર્થોનો સાક્ષાત્ (directly) અથવા પરંપરાએ (indirectly) થયેલો પરિચય છે, કારણ કે, ધર્મનું વાસ્તવિક અને આદ્ય પ્રકાશન તો; તે ધર્મના સ્વરૂપને સાક્ષાત્ જોનાર અને જાણનાર જ કરી શકે, એમાં કોઈના પણ બે મત હોઈ શકે નહિ.

શ્રી જૈન શાસનના કથન મુજબ એવા અતીન્દ્રિય જ્ઞાનીઓ ઘણા હોય છે, કે જેઓ ધર્મના સ્વરૂપને સાક્ષાત્ જાણી અને જોઈ પણ શકે છે. છતાં તેને વ્યવસ્થિત રીતે અને વંશપરંપરાઓ સુધી સચવાઈ રહે, એ રીતે પ્રકાશન કરવાનું સામર્થ્ય માત્ર તીર્થંકર દેવોના આત્માઓને જ પ્રાપ્ત થઈ શકે છે. તે સિવાયના કેવળજ્ઞાની મહર્ષિઓ ધર્મતીર્થનું સ્થાપન તથા શિષ્ય–પ્રશિષ્યાદિની પરંપરાએ તેનું અવિચ્છિન્ન પાલન અને પ્રકાશન કરવા તથા કરાવવા શક્તિમાન બની શકતા નથી. ધર્મતીર્થનું પ્રકાશન, ચતુર્વિધ સંઘનું સ્થાપન તથા બુદ્ધિનિધાન ગણધરાદિ શિષ્યો દ્વારા દ્વાદશાંગી (આગમશાસ્ત્ર)ની

રચના, શ્રી તીર્થંકરનામકર્મની સર્વશ્રેષ્ઠ પુણ્યપ્રકૃતિનો ઉપભોગ કરનાર તીર્થંકર મહર્ષિઓ જ કરી શકે છે. એ કારણે ધર્મના આદ્ય પ્રકાશક શ્રી અરિહંત પરમાત્મા અથવા શ્રી તીર્થંકર દેવને જ માનવા, એ વાસ્તવિક છે.

## શ્રી અરિહંત દેવ

અરિ એટલે રાગ–દ્વેષાદિક આંતરિક દુશ્મનો, તેને હંત એટલે હણનારા દેવ, તે શ્રી અરિહંત દેવ છે. આથી એમ નથી માની લેવાનું, કે રાગ–દ્વેષાદિ અંતરંગ દુશ્મનોને હણનારા એકલા શ્રી અરિહંત દેવો જ હોય છે, કિન્તુ અન્ય કોઈ હોતા નથી. સર્વ કેવળજ્ઞાની મહર્ષિઓ અને સિદ્ધ પરમાત્માઓ આંતરિક શત્રુઓનો સર્વથા વિજય કરીને જ કેવળજ્ઞાન કે શ્રી સિદ્ધિપદને પ્રાપ્ત કરે છે, પરંતુ આંતરારિ (internal enemies)નો નાશ કરવા ઉપરાંત શ્રી અરિહંત દેવોના આત્માઓમાં વિશિષ્ટ પ્રકારની અન્ય પણ અલૌકિક વિભૂતિઓ રહેલી હોય છે. તે વિભૂતિઓમાં પ્રધાન વિભૂતિઓ (પ્રતિહાર્યાદિ વડે) ત્રિભુવનવર્તીવિશિષ્ટ–નરામરપૂજ્યતા (all reverence) અને નિરતિશય વચનાતિશયતા (par excellence of speech) એ બે છે. આ બે વિભૂતિઓ શ્રી અરિહંત દેવોની મુખ્ય છે, કે જે અન્ય કેવળજ્ઞાની મહર્ષિઓમાં હોતી નથી. રાગ–દ્વેષ અને મોહથી સર્વથા રહિતપણું (free from all passions) તથા જગતના તમામ પદાર્થોનું તમામ પ્રકારે જ્ઞાયકપણું (omniscience), એ સર્વ કેવળજ્ઞાનીઓમાં સમાન હોવા છતાં, જે જાતિનું ત્રિભુવનપૂજ્યપણું (all reverence) અને ધર્મોપદેશકપણું (Benevolence by speech) શ્રી અરિહંત દેવના

આત્માઓને પ્રાપ્ત થાય છે, તે તેમના સિવાય અન્ય કોઈને પણ પ્રાપ્ત થતું નથી. એ રીતે અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય, પૂજાતિશય અને વચનાતિશય-એ ચાર લોકોત્તર અદ્ભુત અતિશયોના ધારક શ્રી અરિહંત દેવો, એ જ જગતમાં સાચા પરમેશ્વર છે અને તેમની જે આજ્ઞા એનું જ નામ જૈનશાસન છે.

શ્રી અરિહંત પરમાત્માએ જે નિર્મળ શાસનનું સ્થાપન કર્યું, તેની સેવા કરવી એ પ્રત્યેક આત્માની મોટામાં મોટી તથા અગત્યની ફરજ છે. એ શાસનની સેવા એ શાસને બતાવેલા માર્ગની આરાધના દ્વારા જ શક્ય છે. તેથી એ શાસને આરાધના માટે કયો માર્ગ દર્શાવ્યો છે, તે સ્પષ્ટ સ્વરૂપમાં જાણી લેવું એ પરમ આવશ્યક છે. તે પહેલાં એક વાત સમજી લેવી જોઇએ, કે શાસ્ત્રકાર મહર્ષિઓ તરફથી શાસનની સેવા કરવી એવું જ્યારે પણ ફરમાન કરવામાં આવે છે ત્યારે તે 'સેવા' શબ્દ ઘણા વિશાળ અર્થ (enlightened sense)માં વપરાયેલો છે. સામાન્ય રીતે 'સેવા' શબ્દનો જ્યાં જ્યાં પ્રયોગ આવે છે, ત્યાં સર્વત્ર જેની સેવા કરવાની છે, તેને પ્રસન્ન કરવા માટેની ક્રિયાના અર્થમાં તે શબ્દ વપરાય છે. જેમ કે લૌકિક ધર્મોમાં ઈશ્વરસેવા, દેવ–દેવીની સેવા, ગુરુ–ગુરુણીની સેવા વગેરે સઘળા પ્રયોગોમાં સેવ્યની પ્રસન્નતા સંપાદન કરવાનો અર્થ છુપાયેલો છે. લોકવ્યવહારમાં પણ એ જ નિયમ છે: જેમકે–રાજસેવા, મા–બાપની સેવા, ગુરુ–શિક્ષકની સેવા, સ્ત્રી–પુત્રાદિની સેવા, સ્વજન–પરિવારની સેવા, લોકની કે દેશબન્ધુઓની સેવા; સઘળા પ્રયોગોમાં તે તે વ્યક્તિઓની પ્રસન્નતા સંપાદન કરવાનો હેતુ વ્યક્ત કે અવ્યક્ત રીતિએ રહેલો જ છે અથવા

એ સઘળી સેવા વ્યક્ત કે અવ્યક્ત રીતિએ તે તે સેવ્યને પ્રસન્ન કરવાનું સામર્થ્ય ધરાવે છે.

### શાસનસેવા એ આત્મસેવા

શ્રી જૈનશાસનની સેવામાં ઉપર્યુક્ત અર્થથી તદ્દન ભિન્ન અર્થ જ રહેલો છે. એ કહેવાય છે શાસનની સેવા, પણ એથી થાય છે પોતાની જ સેવા. બાહ્ય દૃષ્ટિએ એ કોઈ અરિહંત આદિ શાસનનાં નાયકને રીઝવવાના કાર્ય તરીકે દેખાય છે, પરંતુ એ શાસનનાયકોની સેવાથી વાસ્તવિક તો પોતાનો આત્મા જ રીઝે છે.

શ્રી જૈનશાસનની સેવા એ કોઇ અલૌકિક વસ્તુ છે. એને શાસનની સેવાનું કાર્ય કહેવું એના કરતાં પોતાના આત્માની સેવા (self service)નું કાર્ય કહેવું, એ જ વધુ વ્યાજબી છે.

### સેવાનો માર્ગ

શ્રી જૈનશાસનની સેવા એણે બતાવેલા આરાધનાના માર્ગથી જ થઇ શકે છે, તેથી તે માર્ગની યથાર્થ પિછાન કરવી આવશ્યક છે. શ્રી જૈનશાસન આરાધના માટે જે માર્ગ બતાવે છે, તે માત્ર ગ્રંથોની શોભારૂપ છે, એમ આજના કેટલાકોનું માનવું છે. તેઓ કહે છે કે વર્તમાન જમાનામાં જૈનાગમોમાં દર્શાવેલા આચાર અને વિચારોનું પાલન લગભગ અશક્ય છે અને એ જ કારણે જૈનાગમો જે આચારો અને વિચારો દર્શાવે છે, તે બીજાઓની સરખામણીમાં સર્વશ્રેષ્ઠ હોવા છતાં માત્ર પોથીઓમાં જ રહી ગયા છે. વર્તમાન જમાના ઉપર તેની કંઇ પણ અસર છે નહિ અથવા

રહી છે, તો તે તેવા પ્રકારના કેટલાક માત્ર 'જુનું તે જ સોનું" એવી જાતના બદ્ધાગ્રહને પકડી રાખનારા (orthodox) તથા તેને કોઈ પણ ભોગે નહિ છોડનારા (dogmatic) લોકો ઉપર જ રહી છે.

શ્રી જૈનશાસન અને તેના ચુસ્ત (staunch) અનુયાયીઓ ઉપરનો આ જાતનો આક્ષેપ વિચારણીય છે. શ્રી જૈનશાસને દર્શાવેલા આચારો અને વિચારો, એનું પાલન અને આચરણ વર્તમાન જમાનામાં અશકય છે, એમ કહેવું શું સત્ય છે ? એના અનુયાયીઓ બદ્ધાગ્રહના કારણે તેને પકડી રાખે છે અને છોડતા નથી, એમ કહેવું—એ શું ન્યાયપુરઃસર છે ? એમ કહેવાથી તો એક શકય અને ઉપકારક શાસનની આરાધનાથી જગતને વિના કારણ વંચિત રાખવાનું થાય છે. તથા એક સર્વશ્રેષ્ઠ શાસનને વિચારપૂર્વક આદરનાર વિવેકી વર્ગને ઘોર અન્યાય કરવા જેવું થાય છે. શ્રી જૈનશાસને દર્શાવેલા આચારો અને વિચારો એ માનવીને પોતાના નિત્ય જીવનમાં કેટલા ઉપકારક છે અને તેના પાલનથી અલ્પપ્રયત્ને પણ તે કેટલી જાતના બાહ્ય અનર્થોથી બચી જાય છે, એનો જ્યારે જ્યારે એ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે છે, ત્યારે ત્યારે એ શાસનના સંસ્થાપક મહાપુરુષો ઉપર કોઈ અપૂર્વ ભક્તિભાવ જાગ્રત થયા વિના રહેતો નથી.

### આજની પરિસ્થિતિ

મનુષ્ય જાતિને આપત્તિમાંથી ઉગારી લેવા માટે આજે અનેક જાતની નવી નવી શોધખોળો થઈ રહી છે અને તેની પાછળ પ્રતિવર્ષ લાખો, ક્રોડો અને અબજો રૂપિયા ખર્ચાઈ

રહ્યા છે, છતાં આપણે સાંભળીએ છીએ કે, મનુષ્યજાતિ ઉપર આપત્તિઓ રોજ ને રોજ વધતી જ જાય છે. નિત્ય નવાં નવાં ઔષધો તેમ નિત્ય નવા નવા રોગો પણ વધતા જાય છે, નિત્ય નવાં નવાં કારખાનાંઓ બંધાતાં જાય છે, તેમ નિત્ય નવા નવા બેકારો પણ વધતા જાય છે. નિત્ય નવા નવા હુન્નર-ઉદ્યોગો શોધાય છે, તેમ બજારોમાં નિત્ય અણધારી અવનવી તેજીમંદીઓ પણ આવતી જાય છે. થોડા હુન્નરો હતા ત્યારે ઝાઝી ઘરાકી હતી. હુન્નરો વધુ થયા તો ઘરાકી માટે બજારો ખૂટી પડયાં. નિત્ય નવો ઉત્પન્ન થતો થોકબંધ માલ ખપાવવા માટે, એક રાજ્યની બીજા રાજ્ય ઉપર દૃષ્ટિ દોડી અને એક રાષ્ટ્રની બીજા રાષ્ટ્ર ઉપર હકુમત મેળવવાની વૃત્તિ થઈ. ભૂમિ, લક્ષ્મી કે સ્ત્રીઓની ખાતર યુદ્ધ થતાં કદી સાંભળ્યાંછે, પણ માલ ખપાવવાનાં બજારો હાથ કરવા યુદ્ધ થતાં કદી સાંભળ્યાં નથી. આજના હુન્નર–ઉદ્યોગ અને શોધખોળના જમાનામાં માલ ખપાવવા માટેનાં બજારો હાથ કરવા માટે લાખો મનુષ્યોનો ઘાતકી સંહાર જેની પાછળ રહેલો છે, એવા ઘોર રણસંગ્રામો લડાય છે અને એનો અંત ક્યારે આવશે, તેની કોઈને ખબર નથી. મનુષ્યજાતિનાં સુખ અને સંરક્ષણ ખાતર આમ જેટલાં સાધનો વધતાં જાય છે; તેટલાં તેટલાં તેનાં દુઃખ અને આપત્તિમાં ઓર વધારો કરનારજ થતાં જાય છે. શ્રી જૈનશાસનના આદેશ અને ઉપદેશનો શક્તિ મુજબ અમલ કરનાર આવા પ્રકારની આપત્તિ અને પીડામાંથી કેવો આબાદ બચી જાય છે, એ બહુ સમજવા જેવું છે.

### ભોજનનો પ્રભાવ

શ્રી જૈનશાસનના આદેશ અને ઉપદેશનો શક્તિ મુજબ અમલ કરનાર આત્મા રોગથી ઘેરાતો નથી એમ નહિ.

પરન્તુ માત્ર કર્મના ઉદયથી આવનારી રોગની પીડા જ એને સહવી પડે છે. શક્તિ અને સૌંદર્ય માટે નવી નવી દવાઓનો ઉપભોગ કરવાથી ઉત્પન્ન થતા નવા નવા રોગોનો ભોગ તે કદી પણ થતો નથી. દવાઓનો ઉપભોગ નહિ કરવાની સાથે તેણે માન્ય રાખેલા શાસનના આદેશ મુજબ તે અભક્ષ્ય કે અનંતકાયનું પણ કદી ભોજન કરી શકતો નથી. શ્રી જૈનશાસને માનેલા અભક્ષ્ય કે અનંતકાય એ એવી જાતના પદાર્થો છે, કે તેનું ભોજન કરનાર આત્મા પૂર્વનો તીવ્ર પુણ્યોદય ન હોય, તો ભાગ્યે જ, આગંતુક રોગોનો ભોગ થતો બચી શકે. વાસી કે વિદળ, તુચ્છ ફળ કે અજાણ્યાં ફળ, ચલિતરસ કે બોળ અથાણાં, માંસ કે મદિરા, મધ કે માખણ, બરફ કે કરા, બહુબીજ કે અનંતકાય, રાત્રિભોજન કે ભૂમિકંદ વગેરેનું ભક્ષણ એ બધા રોગોનું ઘર છે, એની આજના વૈજ્ઞાનિક યુગમાં કોનાથી ના પાડી શકાય તેમ છે ? તાજેતરમાં જ એક પ્રસિદ્ધ પત્રકાર પોતાના છાપામાં એક લેખ પ્રગટ કરીને જણાવે છે કે :–

"દુનિયાના મોટામાં મોટા રસાયણશાસ્ત્રીઓ હાલમાં આપણા અદ્ભુત શરીરરૂપી મોટરમાં નંખાતા પેટ્રોલ રૂપી ખોરાક માટે જાતજાતના પ્રયોગો કરી અમુક ખાદ્યથી શરીરના અમુક અવયવ અથવા અંગ ઉપર અમુક અસર થાય છે, અથવા અમુક ખોરાકની શરીર ઉપર અમુક પ્રકારની સારી–માઠી અસર થાય છે. વગેરે બાબતો વિજ્ઞાનની મદદથી સાબિત કરી રહ્યા છે, જેમાંની છેલ્લી કેટલીક શોધો તો ઘણી જ અચંબો પમાડનારી છે.

"તમને કદાચ આ વાત વાહિયાત લાગતી હશે, પરંતુ ઉપર્યુક્ત મન્તવ્યને સબળ ટેકો આપે એવા અનેક પુરાવા દરેક સમાજમાંથી મળી શકે. આપણે જેવો ખોરાક ખાઈએ છીએ તેવા પ્રકારના વિચારો

જન્મે છે, જેની અસર રાષ્ટ્રના ભાવિ ઉપર પણ પડે છે. દુનિયાની તમામ મહત્ત્વની બાબતો મોટા ભાગે ખોરાકના સત્ત્વ, રજસ, અને તમોગુણ ઉપર અવલંબે છે. આપણે જેવા પ્રકારનો ખોરાક લઈએ છીએ, તેવા પ્રકારની સારી યા માઠી અસર આપણા વિચાર, વાણી અને વર્તન ઉપર થાય છે.

"ફ્રેંચ સામ્રાજ્યની પ્રગતિમાં પલટો થવાનું કારણ એ હતું, કે જ્યારે મગજને સમતોલ રાખી યોગ્ય દોરવણી કરવાની જરૂર હતી, ત્યારે નેપોલિયને ડુંગળી ખાધી હતી. ડુંગળીની અસરને લીધે તેણે સૈન્યની દોરવણી કરવામાં ભારે ભૂલ કરી હતી અને પરિણામે લીપ્ઝીગની મહત્ત્વની લડાઈમાં તેને હાર ખમવી પડી હતી.

"આહારશાસ્ત્રના અધ્યયનથી સમજાય છે, કે મનુષ્યને થતી વ્યાધિઓમાંથી સેંકડે નવાણું ટકા વ્યાધિઓ અયોગ્ય ખાનપાન અથવા હદ ઉપરાંત ખાવાથી થાય છે. બત્રીસ જાતનાં પકવાન અને તેત્રીસ જાતનાં શાકથી પીરસેલી શ્રીમન્ત લોકોની દબદબાવાળી પત્રાવલિમાં અજીરણ, સંધિવા, જલોદર, જ્વર અને બીજા રોગો ગુપ્ત રીતે છુપાએલા હોય છે.

"સ્પેનનો પાંચમો ચાર્લ્સ પથારીમાંથી ઊઠતાંની સાથે જ પાંચ વસ્તુનો નાસ્તો કરતો, બપોરે બાર વાગે ભારે ભોજન લેતો, સાંજે વીસ વસ્તુઓ સાથે જાત જાતના દારૂ ચઢાવતો અને મધ્યરાત્રે પાછો જમતો. આ પ્રકારનાં ખાનપાનથી પિસ્તાળીશ વર્ષની વયે તે તદ્દન અશક્ત થઈ ગયો હતો.

"જગતનો મહાન પાપાત્મા નીરો બપોરથી અર્ધી રાત્રિ સુધી જમ્યા જ કરતો. કેલીગ્યુલા (Caligula) એક જ વખતના વાળુ (evening dinner)માં સવાલાખ રૂપિયા ખર્ચતો અને સીઝરોનો અમલ તો અત્યાચારથી પૂર્ણ હતો. અકરાંતિયાપણુ, મદ્યપાનાદિ વ્યસનો અને નિર્દયતા હંમેશાં સાથે જ વસે છે.

વગેરે વગેરે ઘણી વાતો આહારથી શરીર ઉપર નિપજતી અસર વિષે લખી છે. આપણે ત્યાં કહેવત છે, કે 'આહાર તેવો ઓડકાર' તેમ જર્મની આદિ દેશોમાં પણ તેવા જ પ્રકારની કહેવતો છે, કે માણસ જેવું ખાય તેવું થાય' વગેરે. એ અનુભવનો કોઇ પણ ઇન્કાર કરી શકયું નથી. મનુયષ્યને નિરોગી રાખવા જેમ અભક્ષ્યના ભક્ષણના ત્યાગની જરૂર છે, તેમ મનુષ્યને દયાળુ રાખવા માટે પણ તેની જ જરૂર છે. છતાં તેનો અમલ જેટલો જૈન કુળોમાં થઇ રહ્યો છે, તેનો એક અંશ પણ બીજાઓથી થતો નથી. એ અભક્ષ્ય ભક્ષણનો ત્યાગ આજે એક બાળકથી માંડી વૃદ્ધ પર્યન્તના તમામ આત્માઓ સંસ્કારી જૈન કુળોમાં ચુસ્તપણે અને કોઈ પણ જાતના દબાણ, અભિમાન કે આડંબર વિના નૈસર્ગિક રીતિએ પાળી રહ્યા હોય છે, એ સત્યનો કોઈથી પણ નિષેધ થઈ શકે તેમ નથી.

### ઉદ્ધારનો માર્ગ

આરોગ્યાદિ કોઈ પણ જાતની અભિલાષા વિના ઉપર્યુક્ત પદાર્થોનો જીવનપર્યન્ત સર્વથા ત્યાગ, કોઈ પણ પ્રકારના આડંબરાદિને ધારણ કર્યા સિવાય ભોગોને જ એક તત્ત્વ માનનાર આજના જડવાદપ્રધાન કાળમાં અનેક આત્માઓ અખંડિતપણે આચરી શકે, એ પ્રભાવ કાંઈ નાનોસૂનો નથી અને એ પ્રભાવ શ્રી જૈનશાસને દર્શાવેલ આરાધનાના માર્ગનો જ છે, એની કોઈથી પણ ના પાડી શકાશે નહિ, અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ એ આરોગ્યને બાધક છે, એમ આજે તેવા અનેક સત્યશોધક ડોકટરો કે આરોગ્યશાસ્ત્રના અભ્યાસીઓને કબૂલ કરવું પડ્યું છે. તે છતાં પણ તેનો જીવનપર્યન્ત ત્યાગ કરાવવો, એ શ્રી જૈનશાસન અને તેની આરાધનાને નહિ

પામેલા આત્માઓ માટે શકચ નથી, એટલું જ નહિ, પણ તેઓ પાસે તેમાંના એકાદ પદાર્થનો પણ અખંડિત રીતિએ ત્યાગ કરાવવો ઘણો મુશ્કેલ છે. જ્યારે સ્વશરીરના આરોગ્ય –સંરક્ષણાર્થે પણ તે જાતિના અભક્ષ્ય પદાર્થોના ભક્ષણનો ત્યાગ જનતાને અશકચ થઈ પડ્યો છે, ત્યારે તે જ જમાનામાં જીવરક્ષાની ખાતર, પરલોકના પારમાર્થિક હિતની ખાતર કે કેવળ ધર્મશાસ્ત્રકારોની આજ્ઞાના પાલનની ખાતર હજારો બાલક અને બાલિકાઓ, યુવકો અને યુવતીઓ, પ્રૌઢ અને પ્રૌઢાઓ, વૃદ્ધ અને વૃદ્ધાઓ તેનો સર્વથા ત્યાગ આચરી રહ્યા હોય, એ વાત શું ઓછી અનુમોદનીય છે? એ અભક્ષ્ય પદાર્થોના ભક્ષણના ત્યાગથી સાહજિક રીતિએ (naturally) જ એના ત્યાગને આચરનારાઓ, તે પદાર્થોના ભક્ષણથી ઉત્પન્ન થનારા હજારો રોગોથી આપોઆપ બચી જવા પામે છે. એટલું જ નહિ, પરંતુ જીવરક્ષાદિ આત્માના ઉચ્ચ અધ્યવસાયો કાયમ માટે ટકાવી શકે છે. તેવા આત્માઓ પોતાની સાત્ત્વિક, દયાળુ અને કોમળ અહિંસક લાગણીઓનું આ ઘોર હિંસક જમાનામાં પણ જીવનના અંત સુધી રક્ષણ કરી શકે છે. જગતને શારીરિક રોગ અને માનસિક નિર્દયતાના વ્યાધિમાંથી મુક્ત કરવાં માટે આટ-આટલાં ઔષધો અને અખતરાઓ તથા સાહિત્ય અને તત્ત્વજ્ઞાન પ્રચાર પામ્યાં છતાં, જે રોગો અને વ્યાધિઓનું તથા તેનાથી ઉત્પન્ન થતા ઉપદ્રવોનું નિવારણ નથી થઈ શક્યું, તે શ્રી જૈનશાસને દર્શાવેલી આરાધનામાંનાં એક પ્રાથમિક, સ્વલ્પ અને સહેલાઈથી આચરી શકાય તેવાં અંગને અપનાવી લેવાથી બની શકે છે. શ્રી જૈનશાસને નિષેધેલા એક અભક્ષ્ય ભક્ષણનો ત્યાગ સમસ્ત દુનિયા જો રાજી-ખુશીથી સ્વીકારી લે, તો કેટલા ઉપદ્રવોમાંથી વિના આડંબરે,

વિના લક્ષ્મીના વ્યયે કે વિના બીજાઓને તકલીફ આપ્યે બચી જાય ?

મનુષ્યજાતિ અભક્ષ્યનું ભક્ષણ કરે, રોગથી પીડાય અને પછી તેના સંરક્ષણાર્થે નિરપરાધી પશુ અને જંતુજગતનો સંહાર કરીને દવાઓ ઉત્પન્ન કરાય અને એ દવાઓ ઉત્પન્ન કરનારા દયાળુ મનાય, એના કરતાં મનુષ્યજાતિને અભક્ષ્ય ભક્ષણથી જ બચાવી લેવાનો પ્રયાસ કરનાર પરમ દયાળુ છે, એમ ન માનવામાં શું કારણ છે ? નિરપરાધી પ્રાણીઓના સંહારથી મનુષ્યજાતિ ઉપર વધતો જતો પાપનો ભાર શું મનુષ્યદયાની આડ નીચે ઢંકાઈ જશે ? પાપ તો પાપ જ છે અને તેમાં પણ નિરપરાધી ત્રસ જન્તુઓની હિંસા–એ તો ઘોર પાપ છે, એના વિપાકો (results) અતિશય કડવા છે તથા એક વખત પાપ કર્યા પછી તેના પરિણામમાંથી કોઈથી પણ છૂટી શકાતું નથી, એ સત્ય શાશ્વત (eternal) છે. એની સામે આંખમીંચામણાં કર્યે મનુષ્યજાતિનું શું ભલું થવાનું છે ? શ્રી જૈનશાસને ફરમાવેલી અભક્ષ્ય ભક્ષણાદિના ત્યાગની વાતો વર્તમાન જમાનામાં કોઈને ઉપયોગી થઈ પડે એવી નથી, એ જાતના ઉપલક જવાબો દ્વારા એમાંથી છૂટી જવા પ્રયત્ન કરવો, એ પોતાની જાતને ખતરામાં મૂકવા જેવું છે.

### મહારંભોને પણ તજવા જોઈએ

અભક્ષ્ય ભક્ષણનો જીવનપર્યન્ત ત્યાગ, એ જેમ શ્રી શાસનનો આદેશ છે. તેમ આજીવિકા યા જીવનનિર્વાહનાં સાધનો મેળવવા માટે, તેમ જ વ્યાપારાદિકથી ધનવૃદ્ધિ માટે પણ જેમાં મહારંભ યાવત્ પંચેન્દ્રિય પ્રાણીઓનો ભયંકર વિનાશ રહેલો છે, એવા ધંધાઓ નહિ કરવા માટેનું ફરમાનથી પણ શ્રી જૈનશાસનમાં જ કરવામાં આવેલું છે.

આ ફરમાનથી, તે તે ધંધામાં નાશ પામતાં પ્રાણીઓને અભયદાન મળે છે. એટલું જ નહિ, પણ એવા મહારંભ-જનિત વ્યાપારો કૃત્રિમ રીતે ઉત્પન્ન થતાં અને મનુષ્યોનાં સુખ અને સગવડોમાં વધારો કરી આપવાનું કલ્પિત નામ ધરાવતા સંખ્યાબંધ પદાર્થો, મનુષ્યજાતિ ઉપર અનેક પ્રકારની નવી તકલીફોને ઊભી કરે છે, તે અટકી જાય છે, કારણ કે એ રીતે ઉત્પન્ન થતો વધારાનો માલ ખપાવવાને સામસામા દેશોમાં હરીફાઈ જાગે છે અને યુદ્ધના ભયંકર વાતાવરણોમાં મનુષ્યજાત એવી ઘસડાઈ જાય છે, કે જેમાંથી ઉગરવું તેને માટે અશક્ય થઈ પડે છે,

જીવરક્ષાનાં વિશુદ્ધ પરિણામોથી કરાતા આજીવિકાદિ માટે પણ થતા મહા આરંભોનો ત્યાગ વગેરે મનુષ્યજાતિનાં સુખ અને શાન્તિમાં વધારો કરનારા છે; જ્યારે એ સિવાયના ઉપાયો એ નિરર્થક આપત્તિઓને ઢસડી લાવી મનુષ્ય-જાતિને વિનાશના માર્ગે લઈ જનારા છે. આજે આપણે જોઈ શકીએ છીએ, કે અભક્ષ્ય ભક્ષણના ત્યાગની જેમ, શ્રી જૈન-શાસનના આ આદેશને પણ પ્રેમથી ઝીલનારા અનેક ગુણવાન (virtuous) મનુષ્યો છે, કે જેઓ પોતે એક યા બીજી રીતે જેમ સુખ અને શાન્તિ મેળવી શકે છે, તેમ જગતના અન્ય મનુષ્યો તથા પ્રાણીઓને પણ સુખ અને શાન્તિની પ્રાપ્તિમાં નિમિત્તભૂત થઈ શકે છે.

## ત્યાગમાં નિર્બલતા નથી

અભક્ષ્ય ભક્ષણ અને મહારંભવાળા (પ્રાણીઓના ઘોર વિનાશ જેમાં છે તેવા) ધંધાઓનો ત્યાગ, આ રીતે મનુષ્ય-જાતિને પોતાના ઉપર આવી પડતી નિરર્થક આપત્તિઓથી

બચાવી લઇ, સુખ–શાન્તિના વાસ્તવિક માર્ગે લઇ જનાર છે. ત્યારે એને નહિ જાણનાર વર્ગમાંથી કેટલાક કોઇ પણ જાતનો ભય કે સંકોચ રાખ્યા સિવાય એ બે ઉત્તમ નિયમ ઉપર જ દોષ વરસાવે છે. તેઓ કહે છે કે "અભક્ષ્યના ત્યાગના ઉપદેશે જ જૈનસમાજ નિર્માલ્ય બનતો જાય છે અને મહાઆરંભોથી બંધાતા પાપની ભડકે જ જૈનસમાજ ધંધાવિહોણો થતો જાય છે." આ કથનની પાછળ સહેજ પણ વિચાર, વિવેક કે સભ્યતા નથી, સમાજને ઉન્નત બનાવવાની થોડી પણ આંતરિક લાગણી અને થોડો પણ વિચાર–વિવેક જો અંતઃકરણમાં હોય, તો ઉપર્યુક્ત ઉદ્‌ગારો કદી પણ નીકળી શકે નહિ,

'જૈનસમાજ નિર્માલ્ય છે, તેનું કારણ અભક્ષ્ય ભક્ષણનો ત્યાગ યા તો તેનો ઉપદેશ છે અથવા જૈનસમાજ પૈસેટકે નિર્ધન થતો જાય છે, તેનું કારણ મહારંભાદિકનો ત્યાગ યા તેનો ઉપદેશ છે'–એમ કહેવું એ ન્યાયની રીતિએ સર્વથા અઘટિત છે. અભક્ષ્ય ભક્ષણનો ત્યાગ તો આપણે આગળ વિચારી આવ્યા તેમ, નવા ઉત્પન્ન થતા રોગોને અટકાવનાર છે તથા સત્ત્વગુણને વધારનાર છે અને મહારંભાદિકનો ત્યાગ પણ મનુષ્ય અને ઈતર પ્રાણીજાતિનો વિનાશ અટકાવી જીવદયાની લાગણીને વિકસાવનાર છે, એની સાથે જ જૈનસમાજના અધઃપતનને જોડી દેવું, એ તો ઉપકારક વસ્તુઓનો જ દ્રોહ છે. શ્રી જૈનસમાજની નિર્માલ્યતા (degradation) યા નિર્ધનતાના કારણ તરીકે તેના ઉત્તમ કોટિના આચારો કે ઉપદેશોને કલ્પવા એ સર્વથા અઘટિત છે. એ કલ્પનાની પાછળ ત્યાગ અને ત્યાગના ઉપદેશક ધર્મ પ્રત્યે અરુચિ રહેલી છે.

ધર્મની ખાતર થોડો પણ ત્યાગ માનવીને અપ્રિય થઇ પડે છે, અભક્ષ્ણ ભક્ષણ આદિ મહાદોષોનો ધર્મની ખાતર ત્યાગ કરવાનો ઉપદેશ એવા જ કોઈ કારણે અમુક પ્રકારના ઘડતરવાળા આત્માઓને ખટકે છે. એ જ પદાર્થોનો યા તેમાંના કોઇ પણ એક પદાર્થનો ત્યાગ કરવાનું કોઈ વૈજ્ઞાનિક શોધક કે અમેરિકન ડોકટર કહે અને તેમ નહિ કરવાથી અનેક પ્રકારની શારીરિક અને માનસિક હાનિઓ દર્શાવે, તો બધા સાંભળવા તત્પર થઇ જાય છે અને તે મુજબ અમલ કરવો જોઇએ, એમ પણ કહેવા લાગી જાય છે. મધ્યસ્થબુદ્ધિવાળા શોધકો જેમ જેમ તેમને સામગ્રી મળતી જશે, તેમ તેમ માંસાદિકના ખોરાકથી થતી આરોગ્યની હાનિને જેમ જોઈ શકયા છે, તેમ બહુબીજ, અભક્ષ્ય અને અનન્તકાયાદિકના ભોજનથી થતી શારીરિક અને માનસિક હાનિઓને પણ જોઇ શકશે. રાત્રિભોજનથી થતી હાનિઓ તો તદ્દન સ્પષ્ટ છે અને તેઓ જ્યારે તેની સામે પોકાર ઉઠાવશે ત્યારે જ્ઞાનીઓની આજ્ઞા ખાતર નહિ, તોપણ તેમના વચનોની ખાતર તેને જરૂર વધાવી લેવાશે, પરંતુ તે વખતે તે વધામણી કેવળ આરોગ્યાદિક ઇહલૌકિક હેતુઓ માટે હશે, તેથી અભક્ષ્ય ભક્ષણાદિનો ત્યાગ કરવા દ્વારા જે વિશિષ્ટ પ્રકારનો આત્મિક લાભ મળવાનો હતો, તે ભાગ્યમાં રહેશે કે કેમ ? તથા મનુષ્યની દયાની લાગણીને નવપલ્લવિત રાખીને તેને ઉત્તરોત્તર ઉચ્ચ કોટિમાં મૂકવાનું જે જ્ઞાનીઓનું ધ્યેય હતું, તે પણ પાર પડશે કે કેમ ? એ વિચારણીય છે.

આથી એક બીજી વાત એ સિદ્ધ થાય છે, કે 'વૈજ્ઞાનિકોની 'શોધકદૃષ્ટિ' લોકો ઉપર વધારે છાપ પાડે છે અને

જ્ઞાનીઓની 'જ્ઞાન દૃષ્ટિ' માત્ર શ્રદ્ધા ઉપર જ ભાર મૂકતી હોવાથી માણસને આકર્ષી શકતી નથી.' પરંતુ એ સાચી નથી. વૈજ્ઞાનિકોની 'શોધક-દૃષ્ટિ' કરતાં પણ જ્ઞાનીઓની 'શુદ્ધ-દૃષ્ટિ' અધિક ઉપકારક છે છતાં એના પ્રત્યે લોકનું આકર્ષણ નથી, એમાં હેતુ લોકની ધર્મરુચિનો અભાવ છે. ધર્મની ખાતર થોડો પણ ત્યાગ લોકને અરુચિકર છે જ્યારે શરીરાદિ ઇહલૌકિક પદાર્થોની ખાતર ફના થઇ જવાની વાતથી પણ લોકને ગભરાટ નથી. આ જાતનો રુચિભેદ એ જ વૈજ્ઞાનિકો પ્રત્યેનો આદર અને જ્ઞાનીઓ પ્રત્યેનો અનાદર થવામાં કારણ છે.

## ઈહલૌકિક અને પારલૌકિક હિત

આવા પ્રકારનો રુચિભેદ આજનો નથી પણ અનાદિકાળનો છે. અર્થ અને કામની ખાતર માણસ સર્વ પ્રકારના ત્યાગને આચરે છે; દેશને છોડે છે, ગામને છોડે છે અને ઘરને પણ છોડે છે; કુટુંબને છોડે છે, પરિવારને છોડે છે અને ધર્મને પણ છોડે છે.

ધર્મની ખાતર એ સઘળાનો ભોગ આપનાર તો કોઈ વિરલ વ્યક્તિ જ નીકળે છે. ધર્મની પાછળ પરલૌકિક હિત (spiritual welfare) સંકળાયેલું છે; જે પરોક્ષ છે અને અર્થ અને કામની પાછળ ઈહલૌકિક હિત (material–welfare) સંકળાયેલું છે, જે પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષની ખાતર પરોક્ષનો ભોગ આપવો સુકર છે, જ્યારે પરોક્ષની ખાતર પ્રત્યક્ષનો ભોગ આપવો એ સ્વાભાવિક રીતિએ જ દુષ્કર છે. મનુષ્યની સામાન્ય દૃષ્ટિ (common–sense) અથવા સામાન્ય દૃષ્ટિ (general vision) પરલોકના હિત સુધી પહોંચી શકતી નથી

અને પહોંચે, તોપણ પરલોકના વિષયમાં અનેક પ્રકારના વાદવિવાદ હોવાથી કોઈ એક વાદ ઉપર સ્થિર થઈ શકતી નથી. પરંતુ પરલોક સંબંધી શ્રી જૈનશાસને દર્શાવેલો માર્ગ એ એટલો સુનિશ્ચિત છે, કે તે જેને પ્રાપ્ત થાય છે, તેનો પરલોક સંબંધીનો સઘળો વિવાદ મટી જાય છે. તેને આ લોક કરતાં પણ પરલોક અધિક મહત્ત્વનું સમજાય છે અને તે કેવો છે, વગેરેનું સુનિશ્ચિત જ્ઞાન, જ્ઞાનીઓનાં વચનના બળે, તેના અંતરમાં સ્પષ્ટ રૂપે અંકિત થઇ જાય છે.

શ્રી જિનકથિતમાર્ગને પામેલા આત્માઓને આ જ એક વિશેષ લાભ છે, કે બીજાઓની અપેક્ષાએ તેઓ પોતાના પરલોકને સુધારવા વધુ જાગ્રત અને સાવધાન રહે છે, અર્થાત્ ઇહલૌકિક સુખના ભોગે પણ તેઓ પોતાના પરલોકને સુધારવા પ્રયત્ન કરે છે.

## જ્ઞાનીની દૃષ્ટિ અને વૈજ્ઞાનિક દૃષ્ટિ

કોઇ પણ જાતની ઈહલૌકિક વાસનાઓ વિના, કેવળ પરલોકની ખાતર જ, ઉત્તમ કોટિના ત્યાગને આચરી રહેલ પ્રજાઓમાં જૈન કોમનો નંબર મોખરે આવે તેમ છે. તેનું કારણ તેને પ્રાપ્ત થયેલ પરલોકવિષયક સંગીન (concrete) અને શ્રદ્ધેય (trustworthy) જ્ઞાન છે. આજે વૈજ્ઞાનિકો તરફ ઢળેલી દૃષ્ટિ અને જ્ઞાનીઓ પ્રત્યે આવેલી ઉપેક્ષા, એ ધર્મરુચિના અભાવમાંથી જન્મેલી છે. જ્ઞાન પ્રત્યેનો પ્રેમ (Love for knowledge) માણસને આજે પણ જેટલું આકર્ષણ જ્ઞાનીઓનાં પ્રમાણમાં અલ્પ પણ સુનિશ્ચિત વિદ્યમાન વચનો પ્રત્યે કરી શકે તેમ છે, તેનો એક અંશ પણ વૈજ્ઞાનિકોનાં વિશાળ પણ અનિશ્ચિત અને સંદિગ્ધ વચનો

પ્રત્યે કરી શકે તેમ નથી. વૈજ્ઞાનિકોનાં તારણો એ સંદિગ્ધ (ambiguous) અને અનિશ્ચિત (uncertain) છે. તેઓની દૃષ્ટિ બીજા સામાન્ય મનુષ્યોની અપેક્ષાએ દૂર પણ પહોંચેલી હોય, છતાં અનંત જગતની દૃષ્ટિએ તો તેઓનું જ્ઞાન એક બિંદુ જેટલું પણ નથી હોતું–એ વાત તેઓનાં જ વચનોથી સુસિદ્ધ છે.

વર્તમાન વૈજ્ઞાનિકોમાં આઈઝેક ન્યૂટન (Issac Newton) નું નામ સૌથી મોખરે છે. ગુરુત્વાકર્ષણ (Law of gravitation)ના આદ્ય શોધક તરીકે તે પ્રખ્યાત છે. વર્ડ્ઝવર્થ જેવા કવિઓએ તેની પ્રશંસાનાં ગીતો ગાયાં છે. તેવા એક વિજ્ઞાનવેત્તાએ પણ પોતાના પ્રશંસકોને મૃત્યુ-શય્યા ઉપરથી જે વચનો સંભળાવ્યાં છે તે દરેકે યાદ રાખી લેવા લાયક છે. તે કહે છે કે–

'જગતની દૃષ્ટિમાં હું કેવો હોઈશ, તેનું મને જ્ઞાન નથી, પણ મને તો મારા વિષે એમ જ લાગ્યું છે કે, અનંત મહાસાગરને કાંઠે એક નાના બાળકની માફક હું રમત જ રમી રહ્યો હતો. બીજાઓને મળી શકે તેના કરતાં વધુ ઘાટીલા, ગોળ અને લીસા પથ્થરો અથવા તો વધુ સુન્દર છીપો વીણવાનો મેં પ્રયાસ કર્યો હશે; પરંતુ સત્યના અનંત મહાસાગરને તો હું સ્પર્શી શક્યો પણ નથી.''

એમ કહેવાય છે કે, સર આઈઝેક ન્યૂટન જ્યારે કુદ-રતનાં રહસ્યોની શોધમાં રોકાતા, ત્યારે જે નવાં નવાં ભયં-કર સત્યો તેમની દૃષ્ટિ સમક્ષ ઉપસ્થિત થતાં, વિશ્વની વિરાટ રચનાની ભયંકર અનંતતા, જેમ જેમ તેમના મગજને વમળે ચઢાવતી, તેમ તેમ તેઓ એ વિરાટતાથી, એ અકલ્પ્ય

રહસ્યોથી ત્રાસી જતા અને પોતાના અદ્‌ભુત પ્રયાસોને છોડી દેતા. બીજા શબ્દોમાં, કુદરતનાં રહસ્યોની અમર્યાદિત શકયતાઓ અપનાવી લેવા જેટલું તેમનું મન બળવાન નહોતું. એ જ વાતને સાદા શબ્દોમાં એમ કહી શકાય, કે તેમનું જ્ઞાન કુદરતનાં રહસ્યો સમજવા માટે છેક જ અસમર્થ હતું. આ તો થઇ મોટામાં મોટા વૈજ્ઞાનિકની વાત. જ્યારે બીજા વૈજ્ઞાનિકો તો જે કાંઈ શોધો કરી શકયા છે, તે મોટે ભાગે સર આઈઝેક ન્યૂટનનો ગુરુત્વાકર્ષણનો સિદ્ધાન્ત શોધાયા પછી જ. તે શોધો સામાન્ય મનુષ્યની અપેક્ષાએ ગમે તેટલી મોટી મનાતી હોય, તોપણ અનંત જગતની દૃષ્ટિએ અને એ અનંત જગતને જાણનાર અનંત જ્ઞાનીઓની જ્ઞાનની દૃષ્ટિએ તો તે એક બિન્દુ માત્ર પણ નથી, એ વાતની કોનાથી ના પાડી શકાય એમ છે ?

વૈજ્ઞાનિકો અને તેમની શોધો આ રીતે જ્યારે સત્યના એક અંશને પણ પૂર્ણતયા શોધી શકેલ નથી, ત્યારે તેના ઉપર જ મદાર બાંધીને જીવનની સઘળી પ્રવૃત્તિઓને અપનાવવા તૈયાર થવું, એ શું સાહસિકતા નથી ? સાચી વાત એ છે, કે લોક ભૌતિક પદાર્થોને ઓળખે છે, તેનાથી થતાં અને થનારાં સુખોને પિછાને છે અને તે કોઇ પણ ઉપાયે મળતાં હોય, તો તેના શોધકોને હૃદયનાં અભિનંદન આપે છે. આ જાતની ઈહલૌકિક સુખભોગની તીવ્ર લાલસા, એ જ જ્ઞાનીઓનાં સત્ય, સુસગંત અને ન્યાયયુક્ત વચનો પ્રત્યે જાણે અનાદરનું કારણ બને છે. એ ભોગલાલસા જેની નાશ પામે છે, તેને વૈજ્ઞાનિકોનાં વચનો અપૂર્ણતાથી ભરેલાં લાગે છે, એટલું જ નહિ પણ, તેની પાછળ (blindly) દોરાવામાં તેને સ્વ-પરનો એકાન્ત વિનાશ જ દેખાય છે. એ જ

રીતિએ એવા આત્માઓને અનંત જ્ઞાનીઓનાં વચનો પરિપૂર્ણ અને વિશુદ્ધ (absolute and pure) સત્ય જ્ઞાનને પેદા કરનારાં લાગે છે તથા તેનું વારંવાર મનન અને પરિશીલન તેમને મન જીવનના એક અપૂર્વ આહ્‌લાદનું અને વિકાસનું સાધન થઈ પડે છે. જે આનંદ અને જે સુખ તેમને જ્ઞાનીઓનાં વચનોનું પરિશીલન કરતી વખતે અનુભવાય છે, એ આનંદ અને એ સુખ દુનિયાની કોઈ શહેનશાહતનાં સુખોમાં પણ તેમને દેખાતાં નથી. જ્ઞાનીઓનાં વચનોની આ વિશિષ્ટતા (peculiarity) તેઓને જ સમજાય, કે જેઓની ભોગરુચિ (Love of passions) નષ્ટ થઇ હોય એને તત્ત્વરુચિ (Love for knowlekge of reality) જાગ્રત થઇ હોય. બીજાઓની દૃષ્ટિએ તો આ વાત અતિશયોક્તિરૂપ પણ બની જાય.

### શોધક-દૃષ્ટિ અને સિદ્ધ-દૃષ્ટિ

વૈજ્ઞાનિકો અને જ્ઞાનીઓ વચ્ચેનું આ અંતર સમજાયા પછી હવે એવી શંકા નહિ રહે કે, જ્ઞાનીઓની જ્ઞાન–દૃષ્ટિ માત્ર શ્રદ્ધા ઉપર જ નિર્ભર હોવાથી તે મનુષ્ય માત્રને આકર્ષી શકતી નથી. પરંતુ આ લોકના માર્ગમાં કે પરલોકના માર્ગમાં શોધકદૃષ્ટિ કરતાં પણ શુદ્ધ–દૃષ્ટિ વધુ ઉપકારક છે. શોધક–દૃષ્ટિ એ અસિદ્ધ છે અને શુદ્ધ–દૃષ્ટિ એ સિદ્ધ (established truth) છે. સિદ્ધ કરતાં અસિદ્ધનું મહત્ત્વ અધિક હોઈ શકે, એ ત્રણ કાળમાં બનવા યોગ્ય નથી.

સિદ્ધ–દૃષ્ટિ એ અધિક ઉપકારક હોવા છતાં, તે શ્રદ્ધા અવશ્ય માગે છે અને એ જાતની શ્રદ્ધા એ દુર્ગુણ નથી પણ સદ્‌ગુણ છે. અપૂર્ણ આત્માને પૂર્ણ ઉપરની શ્રદ્ધા, જ એક

એવું અવલંબન છે, કે જે તેને પૂર્ણતા સુધી પહોંચાડે. પૂર્ણ પ્રત્યેની શ્રદ્ધા વિના અપૂર્ણ આત્મા કદી પણ આગળ વધી શકે, એ માનવા યોગ્ય નથી. એ કારણે જ એ જાતની શ્રદ્ધા કેળવવા માટે ઉત્તમ આત્માઓ કદી પણ નાખુશ હોતા નથી. જગતના વ્યવહારમાં પણ જ્યારે અપૂર્ણ જ્ઞાની અને અશુદ્ધ અંતરવાળાઓ ઉપર શ્રદ્ધા રાખીને જ ચાલવું પડે છે, તો કયો એવો મૂર્ખ હોય, કે જે સંપૂર્ણ જ્ઞાની અને પરિશુદ્ધ અંતઃકરણવાળા મહાપુરુષોનાં વચનો ઉપર શ્રદ્ધા રાખવાની આનાકાની કરે ? સંપૂર્ણ અને શુદ્ધના નામે અસંપૂર્ણ અને અશુદ્ધ આત્માઓ પોતાની જાતને શુદ્ધ અને સંપૂર્ણ તરીકે ઓળખાવતા હોય છે અને એટલા જ માટે જો સાચા જ્ઞાનીઓ પણ અનાદરણીય ઠરે, તો એ નિયમનો આ જગતમાં કોઈ પણ જગ્યાએ અપવાદ નથી. દરેક ક્ષેત્રમાં, દરેક કાળમાં અને દરેક વિષયમાં એ જાતનો ભય ઊભો જ છે, છતાં પણ, તેટલા ખાતર જ પોતાના ક્ષેત્રમાં પોતાની બુદ્ધિરૂપી કસોટી ઉપર શુદ્ધ થયેલા સારાઓનો પરિત્યાગ કોઈએ પણ કર્યો નથી. જ્યાં શાહુકારો વસે છે, ત્યાં શાહુકારોના વેષમાં જ ચોરો પણ વસે છે. જ્યાં સજ્જનો વસે છે, ત્યાં સજ્જનોના લેબાસમાં દુર્જનો પણ હોય છે. જ્યાં સદાચારી પુરુષો વસે છે, ત્યાં સદાચારી પુરુષોના દેખાવમાં જ દુરાચારી પુરુષો પણ હોય છે. એટલા ખાતર ચોર, દુર્જન અને દુરાચારીની સાથે શાહુકાર, સજ્જન અને સદાચારીનો પણ શું ત્યાગ કરી દેવો જોઈએ ? શાહુકાર અને ચોરનાં, સજ્જન અને દુર્જનનાં તથા સદાચારી અને દુરાચારીનાં લક્ષણો છૂપાં રહી શકતાં નથી. એમનાં એ લક્ષણો દ્વારા તેઓને ઓળખી કાઢવા અને બૂરાઓને છોડી દઈને સારાઓને સ્વીકારવા, એ તો ન્યાય છે, પરંતુ બૂરા છે માટે સારાનો

પણ ત્યાગ કરવો એ તો ન્યાયનું દેવાળું (bankruptcy) છે. ધર્મના વિષયમાં પણ સરાગી અને વીતરાગ, અપૂર્ણ અને સંપૂર્ણ, અશુદ્ધ અને શુદ્ધ હોઈ શકે છે. પણ લક્ષણો દ્વારા તેની તરત જ પરીક્ષા થઈ શકે છે અને એ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વીતરાગ, સંપૂર્ણ અને શુદ્ધનો સ્વીકાર અને બીજાઓનો અસ્વીકાર પણ થઈ શકે છે. જેઓને શુદ્ધનો જ ખપ છે, તેઓ માટે તેને મેળવવા માટેના સઘળા માર્ગ આ દુનિયામાં બંધ થયેલા નથી, પરંતુ ખુલ્લા જ છે.

*　*　*

## મોટા થવાનો ઉપાય

जइ इच्छह गुरुयत्तं,
तिहुयणमज्झंमि अप्पणो नियमा,
ता सव्वपयत्तेणं
परदोषविवज्जणं कुणह

ત્રણ ભૂવનમાં જો તમો તમારી ચોક્કસ મોટાઈ ઈચ્છતા હો, તો સર્વ પ્રકારે પ્રયત્ન કરી બીજાના દોષ જોવાનું છોડી દો. અર્થાત્ બીજાના ગુણ જોતાં શીખો.

# સાધુધર્મ અને શ્રાવકધર્મ ૨

શ્રીજૈનશાસને દર્શાવેલો આત્મવિકાસનો માર્ગ બે વિભાગમાં વહેંચાઈ જાય છેઃ એક સાધુધર્મ અને બીજો ગૃહસ્થ ધર્મ. એ બન્ને પ્રકારના માર્ગ એકબીજાથી સંકળાયેલા છે. બંને માર્ગની પાછળ એક જ તત્ત્વજ્ઞાન છે, એક જ આદર્શ છે, બંનેયનું એક જ ધ્યેય છે. પાલન કરવાની શક્તિના ભેદે બંનેનો ભેદ કરવામાં આવ્યો છે, પરંતુ જાણવાની, માનવાની કે શ્રદ્ધા ધારણ કરવાની દૃષ્ટિએ બંને માર્ગમાં કશો જ તફાવત નથી. સાધુ પણ મુક્તિ માટે સાધુપણું પાળે છે, શ્રાવક પણ મુક્તિ માટે જ શ્રાવકપણું પાળે છે. ફેર એટલો છે, કે સાધુપણું એ મુક્તિનું સાક્ષાત્ સાધન છે, જ્યારે શ્રાવકપણું એ મુક્તિનું પરંપરાએ સાધન છે, એટલે કે, મુક્તિના સાધનરૂપ સાધુપણાનું સાધન છે; કારણનું કારણ છે. એથી એ પણ ફલિત થાય છે, કે શ્રાવકપણાનો સઘળો આચાર પાળવા છતાં, જો ધ્યેય સાધુપણાનું નથી, આ ક્રિયાઓથી મને શીઘ્ર સાધુપણું પ્રાપ્ત થાઓ એવી ભાવનાવિહોણું છે, તો તે શ્રાવકપણું શ્રી જૈનશાસને દર્શાવેલા માર્ગમાં સમાવેશ પામતું નથી.

### સાધુના ગુણો

જીવનપર્યન્ત મુક્તિની સાધના કરે તે સાધુ. અર્થાત્ એ સાધનાને બાધક એવો સંસાર, ઘરબાર, કુટુંબકબીલો, ધન, માલ–મિલકત આદિનો ત્યાગ કરે, ગુરુકુલવાસમાં વસે તથા પવિત્ર રત્નત્રયીનું નિરતિચારપણે આરાધન કરવામાં તત્પર રહે તે સાધુ. સાધુના ગુણોનું વર્ણન કરતાં એક

જગ્યાએ ફરમાવ્યું છે કે "છ વ્રત અને છ કાયના પાલક; પાંચ ઇન્દ્રિયો અને લોભના નિરોધક; ક્ષમા, ભાવવિશુદ્ધિ, પ્રતિલેખનાદિક ક્રિયા અને સંયમવ્યાપારોમાં ઉદ્યમી; અકુશલ મન, વચન અને કાયાનો નિરોધ કરનારા; શીતાદિ બાવીસ પરિષહો અને દેવાદિકૃત પ્રાણાંત ઉપસર્ગોને સહન કરનારા; સ્વશરીરને વિષે પણ નિઃસ્પૃહ; બાહ્ય–અભ્યંતર પરિગ્રહના ત્યાગી; ચારિત્રની રક્ષા માટે માત્ર ધર્મોપકરણોને ધારણ કરનારા; પાંચ ઇન્દ્રિયોનું દમન કરવામાં તત્પર; શ્રી જિનોક્ત સિદ્ધાન્તના પરમાર્થના જ્ઞાતા; પાંચ સમિતિએ સમિત અને ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત એવા ગુરુઓનું મને શરણ થાઓ."

**સાધુઓની વિદ્યમાનતા**

સાધુજીવન એ કેટલું ઉચ્ચ કોટિનું છે, એ ઉપર્યુક્ત વર્ણનથી સહજ ખ્યાલમાં આવશે, અહીં કોઈએ એમ માની લેવાની જરૂર નથી કે, ઉપર્યુક્ત ગુણોને ધારણ કરનારા ગુરુઓ આજે મળવા જ દુર્લભ છે. ઉપર્યુક્ત સઘળા ગુણોને ધારણ કરનાર અનેક સાધુઓ પૃથ્વીતલને પાવન કરી રહ્યા છે અને પોતાના ઉત્તમ આચારવિચારથી ભૂમંડળને શોભાવી રહ્યા છે.

ગુણોને વિષે અસૂયાને ધારણ કરનારા આત્માઓને છોડી દઈએ તો સર્વ કોઈને કબૂલ કરવું પડશે, કે પ્રાણાતિપાત-વિરમણ, મૃષાવાદ-વિરમણ, અદત્તાદાન-વિરમણ, મૈથુન-વિરમણ પરિગ્રહ–વિરમણ અને રાત્રિભોજન–વિરમણ, એ છએ વ્રતોનું ચીવટપૂર્વક પાલન કરનારા; પૃથ્વીકાયના જીવોનું, અપકાયના જીવોનું. તેઉકાયના જીવોનું, વાયુકાયના જીવોનું, વનસ્પતિકાયના જીવોનું અને ત્રસકાયના જીવોનું પોતાના પ્રાણ બરાબર રક્ષણ કરનારા; સ્પર્શનેન્દ્રિયના અપ્રશસ્ત ભોગો,

રસનેન્દ્રિયના અપ્રશસ્ત ભોગો, ઘ્રાણેન્દ્રિયના અપ્રશસ્ત ભોગો, ચક્ષુરિન્દ્રિયના અપ્રશસ્ત ભોગો અને શ્રવણેન્દ્રિયના અપ્રશસ્ત ભોગોનો જીવનપર્યન્ત ત્યાગ કરનારા; દુન્યવી લોભથી સર્વથા રહિત; ક્ષમાગુણુના નિધાન તથા વિશુદ્ધ ભાવને ધરનારા; પ્રતિલેખન અને પ્રતિક્રમણાદિ ક્રિયાઓને વિષે સદા અપ્રમત્ત; મન, વચન, અને કાયાની અપ્રશસ્ત પ્રવૃત્તિઓને સતત રુંધનારા; શક્તિ મુજબ ઠંડી, ગરમી આદિ પરિષહો અને અનુકૂલ, પ્રતિકૂલ ઉપસર્ગોને સહન કરનારા અનેક મહાપુરુષો આજે પણ વિચરી રહ્યા હોય છે. એમના ગુણોની કદર ભારેકર્મી આત્માઓ ન કરી શકે. દોષનો લેશ જોવા માત્રથી જેઓ સ્વગુરુઓને ધિક્કારે છે, તેઓ શ્રી જૈનશાસનમાં મહાપાપી મનાયા છે. દુનિયાના ઈતર ગુરુઓથી પાલન કરવાને સર્વથા અશકય એવાં પણ, મહાવ્રતોને ધારણ કરનાર સ્વગુરુઓની જેઓ અયોગ્ય રીતિએ નિન્દાઓ કરે છે, તેઓ નરકાદિક દુર્ગતિઓમાં જવા લાયક ઘોર પાપકર્મનું ઉપાર્જન કરે છે. અનેક દોષો વચ્ચે રહેલો એક ગુણ પણ જ્યાં ઉપાદેય છે, ત્યાં અનેક ગુણો વચ્ચે રહેલા એકાદ કાલ્પનિક દોષને આગળ કરી નિન્દવા મંડી જવું, એ સજ્જનોનું નહિ પણ અતિશય દુર્જનાનું કાર્ય છે. જ્યાં સુધી પ્રાણાતિપાત–વિરમણાદિ મૂળ ગુણો અને પિંડવિશુદ્ધિ આદિ ઉત્તર ગુણોનું પાલન વિદ્યમાન રહેવાનું છે, ત્યાં સુધી તેનું પાલન કરનારા ગુરુઓની ગુરુતાને લેશ માત્ર આંચ આવવાની નથી.

**સગુરુની હીલના ત્યાજ્ય છે**

એ જ રીતે જેઓ શ્રી જિનાજ્ઞાના પ્રતિપાલક છે; દેશ, કાળ, ધૃતિ, સંહનન, વીર્ય અને બળ મુજબ સંયમને આચરનારા છે, શકય આચારોનું પાલન અને અશકય

આચારો પ્રત્યે શ્રદ્ધા ધરાવનારા છે, તેઓની સાથે જેઓ ઇરાદાપૂર્વક દુશ્મનાવટ ધરાવે છે; તેમ જ કોઈ પણ પ્રકારના ઐહિક સ્વાર્થોની પૂર્તિ તેઓ તરફથી થતી નથી, એ જ કારણે જે લોકો તેઓને ધિક્કારે છે અથવા તો તેઓના ઉત્તમ પ્રકારના આચાર–વિચારોથી પોતાની અગર પોતે માનેલા ગુરુઓની હલકાઇ થાય છે–એવા તુચ્છ વિચારોથી જ, જે લોકો તેઓનો સંસર્ગ ત્યજી દે છે અને તેઓની સાથે વાર્તાલાપ કે સહવાસ કરવામાં પોતાની માન-હાનિ જુએ છે, તે લોકો સર્વશ્રેષ્ઠ ગુરુતત્ત્વનો નાશ કરવા જેટલા જ પાપનું ઉપાર્જન કરનારા બને છે.

સુગુરુઓ ઉપાસ્ય છે એક પણ સુગુરુના સુગુરુત્વની અવહેલના પણ સમ્યક્ત્વનો નાશ કરનારી છે. એકની આરાધના એ સર્વની આરાધના અને એકની વિરાધના એ સર્વની વિરાધના એ એક સિદ્ધાન્ત છે.

**શ્રાવકનું લક્ષણ**

શ્રાવક શબ્દનો અર્થ કરતાં પરમ જ્ઞાની પુરુષો ફરમાવે છે, કે સમ્યગ્ દર્શન આદિ સહિત અણુવ્રતો અને શિક્ષાવ્રતો આદિને ધારણ કરનાર જે આત્મા પ્રતિ દિવસ સાધુજન પાસેથી સાધુ અને શ્રાવક સંબંધી સામાચારી (એટલે નિરન્તર આચરવાલાયક શિષ્ટ પુરુષો વડે આચરિત ક્રિયાકલાપ)ને સાંભળે છે, તે આત્માને શ્રી તીર્થંકર–ગણધરાદિ મહાપુરુષો શ્રાવકો કહે છે. **શ્રુણોતીતિ શ્રાવકઃ** 'સાંભળે તે શ્રાવક.' પણ શું સાંભળે ? તેનું સ્પષ્ટીકરણ ન કરવામાં આવે તો શ્રવણેન્દ્રિયને પ્રાપ્ત કરનારા સર્વ આત્માઓ શ્રાવક બની જાય.

એ કારણે સાધુમુખે સાધુ અને શ્રાવક સંબંધી સામાચારીનું નિરંતર શ્રવણ કરે તે શ્રાવક; એવું સ્પષ્ટીકરણ કરવું પડ્યું. સાધુ અને શ્રાવક સંબંધી ઉત્તમ સામાચારીનું નિરંતર શ્રવણ કરે, તે શ્રાવક એટલું જ લક્ષણ નહિ કરતાં 'સમ્યગ્-દર્શનાદિને પામેલો આત્મા સાધુ અને શ્રાવક સંબંધી સામાચારીને સાધુ-મુખે સાંભળે તે શ્રાવક.' એ લક્ષણ કરવાથી મિથ્યાદૃષ્ટિ આત્મા સાધુમુખે સાધુ અને શ્રાવક સંબંધી સામાચારી સાંભળે તો પણ શ્રાવક નહિ, એ નક્કી થાય છે. આ લક્ષણ સ્વબુદ્ધિથી કલ્પેલું નથી, કિન્તુ શ્રી તીર્થંકર-ગણધરાદિ મહાપુરુષોએ કહેલું છે. તેથી પરમ શ્રદ્ધેય (worthy of belief) છે.

**શ્રદ્ધાન અને અનુષ્ઠાનનું મૂળ શ્રવણ**

નિત્ય ગુરુમુખે ધર્મશ્રવણ કરવાથી નવીન નવીન સંવેગ, અંતઃકરણની આર્દ્રતા, સંસાર પ્રત્યે ઉદાસીનતા અને મોક્ષ પ્રત્યે તીવ્ર અભિલાષ થાય છે. સંવેગાદિકથી સમ્યગ્જ્ઞાનને આવરણ કરનારાં કર્મોનો અધિક ક્ષયોપશમ થાય છે, જ્ઞાનને આવરણ કરનારાં કર્મોનો અધિક અધિક ક્ષયોપશમ થવાથી તત્ત્વાતત્ત્વનો યથાર્થ બોધ થાય અને તત્ત્વાતત્ત્વનો યથાર્થ અને નિશ્ચિત બોધ થવાથી આત્મા અતત્ત્વનો ત્યાગી અને તત્ત્વને સેવનારો થાય છે. શ્રી જિનવચનનું શ્રવણ કરવાના પરિણામે આત્માને આ રીતે અનેક લાભોની પરંપરા પ્રાપ્ત થાય છે, જ્યારે એની ઉપેક્ષા કરનારને એમાંનો એક પણ લાભ પ્રાપ્ત થતો નથી; એટલું જ નહિ, પણ જીવનપર્યન્ત અસાર એવા દેહ, ધન અને સ્વજનાદિની મમતા કરવા દ્વારા અનેક પ્રકારનાં પાપોને ઉપાર્જન કરી દુર્ગતિમાં જવાનું થાય છે.

ધન, સ્વજન અને શરીરાદિની મમતામાં પડીને જે આત્માઓ શ્રી જિનવચનના શ્રવણનો તિરસ્કાર કરે છે, તે આત્માઓ તુચ્છ એવા કાચના કટકાની ખાતર ચિન્તામણિ રત્નને ફેંકી દે છે અથવા ધત્તુરો ઉગાડવાની ખાતર કલ્પવૃક્ષને ઉખેડી નાખે છે અથવા ગધેડાને ખરીદવા માટે હસ્તીને વેચી નાખે છે.

ધન એ મનુષ્યને મોહ ઉત્પન્ન કરે છે, પરન્તુ એ મોહ મોટાભાગે નિષ્કારણ તકલીફ અને નિરર્થક ચિન્તાઓને ઊભી કરે છે. સ્વજનોનો સ્નેહ, એ ધર્મ પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ કરાવે છે અને પરિણામે એ સ્વજનો જ શોક અને કલેશનું કારણ થઈ પડે છે. અને શરીર તો અશાશ્વત અને પ્રતિક્ષણ વિનશ્વર છે એ સૌના અનુભવની વાત છે. પછી એવા ક્ષણિક, અશાશ્વત અને કલેશના જ એક કારણભૂત શરીર, ધન અને સ્વજનાદિકની ખાતર શ્રી જિનવચનના શ્રવણથી કોણ દૂર રહે ? આટલા વિવેકને પામેલો આત્મા સાધુમુખથી પ્રતિદિન ઉત્તમ સામાચારી સાંભળવા ઉત્સુક રહે છે અને એ શ્રવણ માટેના એક પણ પ્રસંગને તે શકય હોય ત્યાં સુધી નિષ્ફળ જવા દેતો નથી.

**શ્રાવકના મુખ્ય આચારો**

શ્રાવકનું આ લક્ષણ જ એના આચારને સૂચવી આપે છે. સાધુ અને શ્રાવક સંબંધી જેટલા આચારો છે, તેમાં સામાચારીનું શ્રવણ કરનારો શ્રાવક અતિશય કુશળ હોય છે અને એ કુશળતા એને પ્રતિદિન અધિક વ્રત–નિયમમાં આગળ વધારનારી થાય છે. અભક્ષ્ય ભક્ષણનો ત્યાગ અને અતિ આરંભવાળા પાપના ધંધાઓથી વિરામ, એ શ્રાવકના

પ્રાથમિક આચારો છે. ત્રિકાળ શ્રી જિનપૂજન, ઉભયકાળ આવશ્યક (પ્રતિક્રમણ) નિત્ય સદ્‌ગુરુવન્દન, સદ્‌ગુરુમુખે શ્રી જિનવચનનું શ્રવણ, સામાયિક, પૌષધ; દેશાવગાશિકાદિ (સાધુધર્મના અભ્યાસરૂપ) શિક્ષાવ્રતોનું આચરણ, દિશિપરિમાણ, ભોગોપભોગપરિમાણ અને અનર્થદંડવિરમણાદિ ગુણવ્રતોનું પાલન, મોટી હિંસા, મોટું જૂઠ, મોટી અનીતિ, પરદારાગમન, અતિશય લોભ આદિથી પાછા હઠવું અને અન્ત સમયે આરાધના (અનશન તથા પંચપરમેષ્ઠિસ્મરણ) પૂર્વક મરવું, એ શ્રાવકજીવનના મુખ્ય આચારો છે.

સાત ક્ષેત્રમાં ધનનું વપન, તીર્થયાત્રાદિએ ગમન, અનુકંપાદાન, સુપાત્રદાન, નિર્મળ શીલ, પર્વતિથિઓની (વિશેષ ધર્મક્રિયાઓ વડે) આરાધના, ઉપવાસાદિકનો તપ વગેરે શ્રાવકજીવનના વિશેષ અલંકારો છે. એ અલંકારોથી વિભૂષિત શ્રાવકો મનુષ્યજાતિને દીપાવનારા બને છે. અનેક પુણ્યપુરુષો એ આચારોનું આજે પણ પાલન કરી રહ્યા છે. જેઓ પોતાના એ આચારો ભૂલી ગયા છે અથવા 'તેમાં કાંઈ નથી' એમ માનતા અને બોલતા થઈ ગયા છે, તે આત્માઓ પણ એ આચારોના મહિમાને સારી રીતે સમજે અને પરિણામે એમ માને કે એના સમાન કોઈ ઉત્તમ આચારો આ જગતમાં નથી, એવી શ્રદ્ધાપૂર્વક તેઓ પણ એનો આદર કરે. તેમાં જ તેમનું હિત છે.

જગતશાન્તિ અને લોકકલ્યાણના અર્થી આત્માઓને અંતે પણ શ્રાવકજીવનના આચારોને એક યા બીજા રૂપમાં અપનાવ્યા સિવાય શાન્તિ કે સાચું કલ્યાણ સંભવિત નથી. લોકકલ્યાણ કે જગતશાન્તિના નામે આજે જે પ્રયાસો થઈ

રહ્યા છે તેની સાથે શ્રાવકજીવનના આચારોને ઘડીભર સરખાવવામાં આવે, તો આ વાત ઉપર દરેકને શ્રદ્ધા ઉત્પન્ન થઈ શકે તેમ છે.

## ઉત્તમ વિચારોનું પાન ગળથૂથીમાં

એ શ્રાવકજીવન જો અપનાવી લેવા જેવું લાગે, તો એ જીવન જીવવા પ્રોત્સાહન આપનાર જે વિચારો છે, તેને પણ અપનાવવા જ જોઈએ. આજે દુષ્કર ગણાતું એવું સાધુજીવન કે શ્રાવકજીવનનું જો થોડુંઘણું પણ આચરણ આ જગતમાં થઈ રહ્યું છે, તો તેમાં પણ એની પાછળ રહેલા ઉત્તમોત્તમ વિચારોનું પ્રાબલ્ય જ પરમ નિમિત્ત છે એ વિચારો એટલા નિશ્ચિત છે, કે એના વિચારકોને તે વિચાર ઈતર આત્માઓને દુષ્કર લાગતાં અનુષ્ઠાનોને પણ સુકર બનાવવાનું બળ સમર્પે છે. જડવાદના હજારો વિદ્વાનો આજ સુધી લાખો પુસ્તકો લખીને જે વિચારો નિશ્ચિત કરી ચૂકયા નથી, તેવા ઉત્તમ અને કલ્યાણસાધક વિચારોનું પાન શ્રાવક કુળમાં ઉત્પન્ન થયેલા આત્માઓને ગળથૂથીમાં જ જ કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે.

શ્રાવકજીવન કે સાધુજીવનની જે કાંઈ ઉત્તમતા છે, તે તેના વિચારોને આભારી છે. આ વાત જ્યારે કહેવામાં આવે છે. ત્યારે એ સમજી રાખવું જોઈએ, કે એનું કારણ એ છે કે, એ વિચારોના દર્શક અનંત જ્ઞાની છે. જેના જ્ઞાનમાં કોઈ પદાર્થ છૂપો નથી, એવા જ્ઞાનીઓ દ્વારા એ વિચારો પ્રકાશિત છે. આ જ્ઞાનનો વારસો જેઓને મળેલો છે, તેઓની તોલે પહોંચવા માટે તો બુદ્ધિનાં હજારો અનુમાનો દોડાવનારા પંડિતો પણ સમર્થ નથી. છદ્મસ્થ જે જાણી શકે છે, તેના કરતાં તેના વડે નહિ જાણી શકાતી વસ્તુઓ અપરિ-

મિત જ રહેવાની છે, તેથી એ બધાનો નિર્ણય આપવા માટે છદ્મસ્થ બુદ્ધિ નિષ્ફળ જ નીવડવાની છે અને તેથી જ જડવાદમાં જે વસ્તુઓ નીતિના સર્વશ્રેષ્ઠ સિદ્ધાન્તો તરીકે શોધાયેલી કહેવાય છે, તે વસ્તુઓને શ્રી સર્વજ્ઞશાસનમાં નાનાં બાળકો બાલ્યાવસ્થાથી જ જાણતાં, સમજતાં અને આચરતાં હોય છે. આત્મા અને પરલોકાદિ પદાર્થો સંબંધી અનેક પ્રકારનાં અનુમાનો આજ સુધી બાંધ્યાં છતાં હજુ સુધી, જેનો નિશ્ચય જડવાદી પંડિતોથી કે ઇતર આધ્યાત્મવાદી વડે પણ નથી થઈ શકયો. તે પદાર્થો કેવા છે, તેનો નિશ્ચિત બોધ શ્રાવકકુળમાં ઉત્પન્ન થયેલાં બાલક-બાલિકાઓને બાલ્યા વસ્થાથી જ પ્રાપ્ત થવાની તક મળે છે.

પરલોક અને વિશ્વ કેવું છે અને તેની વ્યવસ્થા શી રીતે થઈ રહી છે, એનું જ્ઞાન આટઆટલા પ્રયત્નોના પરિણામે જે વૈજ્ઞાનિકોને હજુ સુધી થઈ શકયું નથી, તે પરલોક અને વિશ્વનું સમસ્ત સ્વરૂપ અને તેની સઘળી વ્યવસ્થા કેવી છે તથા કેવી રીતે થઇ રહી છે, એનો નિશ્ચિત બોધ શ્રી જિનવચનનો શ્રદ્ધાળુ આત્મા થોડી જ મહેનતે કરી શકે છે.

ઍરિસ્ટોટલ, સોક્રેટીસ કે પ્લેટો જેવા તત્ત્વજ્ઞાનીઓ જે તત્ત્વોને છેવટનાં (finnl truth) તરીકે શોધી શકવામાં નિષ્ફળ નીવડચા છે અને ત્યાર પછીના પદાર્થવેત્તાઓ કે જેઓ અનંતની ગહનતાનો સ્પર્શ કરી શકવા માટે પણ પોતાનું અસામર્થ્ય જાહેર કરી ગયા છે, તે તત્ત્વોનું નિશ્ચિત જ્ઞાન શ્રી જિનવચનથી તેનો શ્રદ્ધાળુ આત્મા સહજમાં પ્રાપ્ત કરી શકે છે અને એ જ્ઞાન એને એના આત્માની પ્રગતિમાં અપૂર્વ સહાયક નીવડે છે. આત્મપ્રગતિમાં સમ્યગ્જ્ઞાન વડે

પરિપકવ થયેલો નિશ્ચત બોધ જ સહાયક બને છે. સમ્યગ્-જ્ઞાન વડે પરિપકવ થયેલા નિશ્ચિત બોધનું જ બીજું નામ સમ્યક્શ્રદ્ધા છે. એ શ્રદ્ધા યથાર્થ વર્તન કરાવનારી બને છે, અથવા યથાર્થ વર્તન કરવા માટે જે સામર્થ્ય જોઈએ, તે આત્માને સમર્પે છે. ચારિત્રમાં બળ પ્રેરનાર શ્રદ્ધા છે અને શ્રદ્ધાને બળ આપનાર સમ્યગ્જ્ઞાન શ્રી જિનવચન પરત્વે વિશ્વાસપૂર્વકના અધ્યયનથી પેદા થાય છે.

## બૌદ્ધિક ગુલામી

અદૃશ્ય અનંત જગતનું યથાર્થ જ્ઞાન મેળવવા માટે સર્વજ્ઞ–વચન સિવાય બીજો કોઇ આધાર નથી. સર્વજ્ઞ–વચનનું સંક્ષિપ્ત, વિસ્તૃત કે સંક્ષિપ્ત પણ નહિ અને વિસ્તૃત પણ નહિ એવું કોઈ પણ પ્રકારનું અધ્યયન; આત્માને પરલોકાદિ અતીન્દ્રિય પદાર્થોનો સૂક્ષ્મ બોધ કરાવે છે, કે જે બોધ કરાવવા માટે એ સિવાયનાં લાખો સાધનો પણ સમર્થ થઈ શકે નહિ, એ જ સર્વજ્ઞ–વચનની વિશિષ્ટતા છે. તેનો ટૂંકો દાખલો એ છે કે, આત્મા અને તેના ગુણો કેવા છે, તેનું વિશ્વાસ કરવા લાયક ચોક્કસ સ્વરૂપ જે ઇતર દર્શનના અનુ-યાયીઓ કે સમર્થ પંડિતોને અનેક શાસ્ત્રોનું અધ્યયન કર્યા પછી પણ પ્રાપ્ત થતું નથી, તે શ્રી જિનમતના શ્રદ્ધાળુ અનુ-યાયીને શરૂથી જ પ્રાપ્ત થાય છે.

"एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ ।
सेसा मे बाहिराभावा, सव्वे संजोगलक्खणा ॥१॥"

જ્ઞાન અને દર્શનગુણને ધારણ કરનારો મારો આત્મા શાશ્વત છે અને એકલો છે; તે સિવાય સંયોગ સંબંધથી

પ્રાપ્ત થયેલા બાહ્ય પદાર્થો અશાશ્વત અને જુદા છે–આ જાતના નિશ્ચિત જ્ઞાન ઉપર જ શ્રી જિનમતના શ્રદ્ધાળુ સાચા સમ્યગ્દૃષ્ટિ આત્માઓની સઘળી પ્રવૃત્તિ હોય છે. એ જ્ઞાન આત્માની પ્રગતિમાં પરમ સહાયક થાય છે તથા એ જાતનું નિશ્ચિત જ્ઞાન ન થાય, ત્યાં સુધી આત્માના કોટિ ગમે પ્રયાસો પણ નિરર્થક જાય છે. એવા તો કેટલાય પ્રકારના નિશ્ચિત બોધો જૈન કુળમાં ઉત્પન્ન થનાર પુણ્યવાન આત્માઓને બચપણથી જ પ્રાપ્ત થાય છે અને એ જ્ઞાનના બળે જ જીવદયાદિક સુંદર પ્રકારના આચારો એ કુળમાં આજે પણ પળાઈ રહ્યા છે. આજે કેટલાક લોકોને એ ટેવ પડી છે કે પોતાને મળેલા સારામાં સારા વારસાને પણ જ્યાં સુધી પાશ્ચાત્ય પંડિતો કે આધુનિક વૈજ્ઞાનિકો ન વખાણે ત્યાં સુધી તેને સારો માનવો નહિ કે તેના ઉપર શ્રદ્ધા ધારણ કરવી નહિ અને પાશ્ચાત્ય પંડિતે કે વિજ્ઞાનવેત્તાએ વખાણેલી વાત અપૂર્ણમાં અપૂર્ણ કોટિની હોય, તોપણ તેને સંપૂર્ણની જેવી સ્વીકારી લેવી. પાશ્ચાત્ય પંડિતોની દૃષ્ટિએ વસ્તુઓની ઉત્તમતા કે અધમતાને આંકવાની (moral valuation of things) આપણી આ બૌદ્ધિક ગુલામી મટવી જ જોઇએ. એ જો નહિ મટે, તો અલ્પ પણ આત્મિક ઉદ્ધારની વાત અશક્ય જ છે. કારણ કે, પાશ્ચાત્ય પંડિતો આંધિભૌતિક બાબતોમાં ગમે તેટલા આગળ વધ્યા હોય, તોપણ આધ્યાત્મિક બાબતોમાં તો તેઓ ઊતરતી કોટિના જ છે.

કેટલાકોમાં આજે એક એવી જાતની માન્યતા ફેલાઈ છે કે, 'અક્ષરજ્ઞાનને નહિ ધારણ કરનાર આત્માઓ ગમે તેટલી ધર્મક્રિયાઓ કરે, તોપણ તે તેમનું અજ્ઞાન કષ્ટ છે.' પરંતુ આ માન્યતા ભૂલભરેલી છે. ગમે તેટલું અક્ષરજ્ઞાન (literal knowledge) ધારણ કરવામાં આવે, યાવત્ ચૌદ પૂર્વપર્યંતનું શ્રુતજ્ઞાન સ્વાધીન કરી લેવામાં આવે, તોપણ તે જ્ઞાનનો સરવાળો કેવળજ્ઞાનના માત્ર અનંતમા ભાગ જેટલો જ છે, તેથી તે સઘળું જ્ઞાન સંપૂર્ણ જ્ઞાનના અંનતમા ભાગે છે, તેથી તે મતે ચતુર્દશ પૂર્વધરોની ક્રિયાને પણ કષ્ટ ક્રિયા જ માનવી પડે. 'ભલે સંપૂર્ણ જ્ઞાન ન હોય, પણ થોડું જ્ઞાન તો હોવું જોઈએ ને ?' તો એ વાત બરાબર છે. પરંતુ ધર્માચરણ કરનાર અજ્ઞાનીમાં અજ્ઞાની પણ અવશ્ય થોડું જ્ઞાન ધરાવે છે. જો એમ પણ ન હોય, તો પરલોકના નામે કષ્ટ કેવી રીતે આચરી શકે ? માટે એ કષ્ટ એ અજ્ઞાન કષ્ટ છે, એમ કહીને એની ઉપેક્ષા થઈ શકે નહિ.

અજ્ઞાનનો અર્થ વિશિષ્ટ શ્રુતજ્ઞાનનો અભાવ કરવામાં આવો, તો તે બરાબર છે, પણ અજ્ઞાનનો અર્થ સર્વથા જ્ઞાનરહિતતા કરવામાં આવે, તો તે સત્ય નથી; કારણ કે અક્ષરજ્ઞાનને નહિ પામેલા આત્માઓ પણ મતિ–શ્રુતજ્ઞાનને ધારણ કરનાર હોય છે અને તેમાં પણ, અનંતજ્ઞાનીઓના કથન પ્રત્યે શ્રદ્ધાળુ આત્માનું અલ્પ પણ મતિ–શ્રુતજ્ઞાન આત્મિક માર્ગમાં ઘણું જ કાર્યસાધક થાય છે, તેવા

અલ્પમાં અલ્પ મતિ–શ્રુતજ્ઞાનની પણ, જો તે શ્રદ્ધા સહિતનું હોય તો પ્રશંસનીય છે. અનંત જ્ઞાનીઓ અને તેમનાં કથનો પ્રત્યેની અંતરંગ શ્રદ્ધા એ જ અલ્પજ્ઞાની આત્માઓનો મોટામાં મોટો ખજાનો છે. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ શ્રી વીતરાગની સ્તવના કરતાં એક સ્થળે ફરમાવે છે કે—

**ઇતને દિન તૂં નાહી પીછાન્યો,**
**મેરો જન્મ ગયો અજાનમેં,**
**અબ તો અધિકારી હુઈ બેઠે,**
**પ્રભુ ગુન અખય ખજાનમેં;**
**હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં. ૧**

ઉ૦ શ્રી યશોવિજયજી મહારાજ આ પદ્યમાં નિશંકપણે કહે છે 'પ્રભુના સમગ્ર ગુણોનો ખજાનો એ હવે મારો જ છે, તેના ઉપર મને મારી શ્રદ્ધાના બળે અધિકાર પ્રાપ્ત થઈ ચૂકયો છે.' બાળક માતા ઉપરની શ્રદ્ધાથી જ માતાના જ્ઞાનનો લાભ ઉઠાવી શકે છે. પુત્ર પિતા ઉપરની શ્રદ્ધાથી જ પિતાના અનુભવનો સઘળો ફાયદો પોતા માટે પ્રાપ્ત કરી શકે છે. એ ફાયદો ઉઠાવવા માટે એને પિતા જેટલા જ્ઞાની બનવાની આવશ્યકતા રહેતી નથી. કિન્તુ પિતા ઉપર પિતા તરીકેની શ્રદ્ધા જ કેળવવાની રહે છે. એ શ્રદ્ધાથી જ પિતાના અનુભવનો લાભ પુત્ર પોતાના માટે મેળવી શકે છે.

શ્રદ્ધાના બળે પિતાની આજ્ઞા મુજબ વર્તવાથી અનેક પ્રકારની હાનિઓથી તે બચી શકે છે અને અનેક પ્રકારના લાભોને તે પામી શકે છે. એ જ ન્યાયે અનંત જ્ઞાનીઓ પ્રત્યે માતા અને પિતા કરતાં અધિક શ્રદ્ધાળુ બનેલા

આત્માઓ અનંત જ્ઞાનીઓના સઘળા જ્ઞાનનો ઉપભોગ કરી શકે છે. એ જ્ઞાન ઉપરની શ્રદ્ધાના બળે, એમની આજ્ઞા મુજબ વર્તવાથી, સંસારમાં અવશ્યંભાવી આપત્તિઓથી શ્રદ્ધાળુ જીવ ઉગરી જાય છે અને નિત્ય નવી નવી સંપત્તિ અને સદ્‌ગતિને પામે છે.

એ પ્રતાપ શ્રદ્ધાનો છે, કિન્તુ એકલા જ્ઞાનનો નથી. અનંત જ્ઞાનીઓ ઉપરની શ્રદ્ધા એ જ અલ્પજ્ઞ આત્માઓ માટે જ્ઞાનગુણ કે બીજા કોઈ પણ ગુણની પ્રાપ્તિનો સાચો ઉપાય છે. એ શ્રદ્ધા અલ્પજ્ઞાની અને અલ્પગુણી આત્માને પણ સંપૂર્ણ જ્ઞાન અને સમસ્ત ગુણોનો અધિકારી બનાવનાર થાય છે.

શ્રદ્ધાની આ કિંમતને સમજી શકનારાઓ કદી જ એમ નહિ કહી શકે કે, 'અક્ષરજ્ઞાન વિનાના શ્રદ્ધાળુ આત્માઓની ધર્મક્રિયાઓ નિરર્થક છે અથવા કોઈ પણ ગુણને પમાડનારી નથી.'

શ્રદ્ધાળુ આત્માઓની શ્રદ્ધા, એ ગુણની પ્રાપ્તિમાં પરમ સહાયક છે. એથી જ્ઞાનની જરૂર નથી એમ નહિ, પણ સાચી શ્રદ્ધા પછી જ્ઞાન અવશ્ય થાય છે. માત્ર એ શ્રદ્ધા થવા માટેનું જે જ્ઞાન જોઈએ, તે જ શ્રદ્ધા પહેલાં આવશ્યક છે અને શ્રદ્ધા થાય તેટલું જ્ઞાન તો બધા ધર્મક્રિયા આચરનારમાં અવશ્ય હોય છે.

### સતી સ્ત્રીઓનું જ્ઞાન

શ્રદ્ધા વિનાનું જ્ઞાન એ મિથ્યા છે અને જ્ઞાન વિનાનું ચારિત્ર એ કાયકષ્ટ છે. અહીં જ્ઞાનનો અર્થ અક્ષરજ્ઞાન કે બારાખડીજ્ઞાન નથી, કિન્તુ પરલોકની હિતચિન્તાનું જ્ઞાન છે.

એ હિતચિન્તા જેના હૈયે વસે છે, તેને અક્ષરજ્ઞાન વિના પણ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થવું શક્ય છે અને એ વાત આપણે સતી સ્ત્રીઓના દૃષ્ટાંતથી જોઈ શકીએ છીએ.

આજે કોઈ સતી કે પતિવ્રતા છે જ નહિ, એમ કોઈથી પણ કહી શકાય તેમ નથી. પ્રત્યુત હજારો અને લાખો સ્ત્રીઓ, કે જેઓ અક્ષરજ્ઞાનને બિલકુલ ધરાવતી નથી, તેઓ પણ સુંદર પ્રકારનું શીલ અને એકપતિવ્રત પાળી રહેલી હોય છે. એ વ્રતથી એમને ડગાવવા માટે દેવો પણ શક્તિમાન નથી, એમ ઉપાચારથી કહી, શકાય કારણ કે, આજે દેવો તો આવતા નથી, પરંતુ મનુષ્યોના સેંકડો પ્રયત્નોથી પણ ડગ્યા વિના જે સ્ત્રીઓ અખંડ શીલવ્રતને પાળે છે અને જેને અક્ષર-જ્ઞાન નથી, તેટલા માટે જ તેમનું પાળેલું શીલ શું ફોગટ અગર ખોટું છે ? ના. પવિત્રતા સ્ત્રીઓના એ શીલને ફોગટ કે ખોટું કોઈથી પણ કહી શકાય તેમ નથી, કારણ કે તેમનામાં એટલું જ્ઞાન તો અવશ્ય રહેલું છે, કે 'આ શીલને હું ન પાળું તો ભવોભવ વૈધવ્ય મળે. એક ભવના પણ શીલ-ખંડનથી અનેક ભવો બગડે. પૂર્વજન્મોમાં કરેલા શીલભંગના દોષથી જ આ ભવમાં વૈધવ્ય આવે છે અને આ ભવમાં પણ આ પાપી શરીરથી ક્ષણિક સુખની લાલચે શીલનો ભંગ કરું, તો જન્માતરમાં મારું થાય શું ?'

આ શું ઓછું જ્ઞાન છે ? આ ઓછો વિવેક છે ?

### શિક્ષણ અને સદ્ગુણો

આ રીતે નિરક્ષર ગણાતા માણસોમાં પણ પાપનો ડર, ભવથી ભીરુપણું, આત્મહિતની ચિન્તા, દુર્ગતિગમનનો ભય, ગુણનો આદર, પરમાત્મતત્ત્વ પ્રત્યે પ્રેમ, વગેરે વૃત્તિઓ

રહેલી હોય છે. એ વૃત્તિઓ ન હોય; તો જે દયા, દાન, શીલ, તપ, ભક્તિ આદિની અસંખ્ય પ્રવૃત્તિઓ ચાલી રહી હોય છે, તે શી રીતે શક્ય છે ? એ પ્રવૃત્તિઓ અજ્ઞાન કહીને નિન્દવી એ ભણેલા કે સમજુઓને ઉચિત નથી. આગળ વધીને કહીએ, તો જે સમજ (undersanding) કે જે ભણતર, પાપ કે દુર્ગતિનો ભય પેદા નથી કરતાં, આત્મા કે પરલોકની ચિન્તા નથી થવા દેતાં, ગુણોનો રાગ કે દુર્ગુણોનો દ્વેષ નથી જન્મવા દેતાં, તે સમજ કે તે ભણતર અતત્ત્વજ્ઞ કે સ્વાર્થી આત્માઓ તરફથી ગમે તેટલી પ્રશંસા પામતા હોય, તોપણ તે વાસ્તવિક સમજ કે વાસ્તવિક ભણતર કહેવડાવવાને લાયક નથી. ઊલટું, સામે પક્ષે અક્ષરજ્ઞાન કે તેવા પ્રકારની કોઈ પણ વિશેષતા વિના, આત્માને પ્રાપ્ત થયેલ પાપભીરુતા આદિ સદ્‌ગુણો જ્યાં હોય ત્યાં ભણતરનું ફળ રહેલું જ છે, કારણ કે, એ જ ભણતરનું સાચું ફળ છે.

એ સદ્‌ગુણોની પ્રાપ્તિને અર્થે જ ભણવાનું હતું, છતાં ભણતરથી એ સદ્‌ગુણો પ્રાપ્ત થવાને બદલે એ સદ્‌ગુણોનો નાશ જ થતો હોય અને જેના વિના પાપભીરુતાદિ સદ્‌ગુણો ટકી રહેતા હોય, તો તેવા ભણતરથી દૂર રહેવું એ જ શ્રેષ્ઠ છે–એમ કહેવામાં પણ ખોટું શું છે ? આનો અર્થ એવો નથી, કે પાપભીરુતાદિ સદ્‌ગુણોમાં સહાયક શિક્ષણ બિનજરૂરી છે. એ શિક્ષણ તો અતિશય જરૂરી છે, પણ એથી વિપરીત પરિણામ ઉપજાવનાર શિક્ષણ પ્રશંસનીય નથી. સદગુણોની વૃદ્ધિમાં શિક્ષણ એ સહાયક છે, એનો અર્થ એમ થતો નથી કે શિક્ષણ માત્ર સહાયક છે. ત્યાં પણ સુશિક્ષણ અને કુશિક્ષણનો વિવેક રહેલો જ છે, તથા કુશિક્ષણનો

ત્યાગ અને સુશિક્ષણનો સ્વીકાર એ જ કર્તવ્ય બને છે.

પાપભીરુતાદિ ગુણો અને આત્મહિત આદિની ચિન્તામાંથી ઉત્પન્ન થયેલી સત્ ક્રિયાઓ અક્ષરજ્ઞાનમાંથી ન હોવા છતા પણ, અન્ય પ્રકારના સમ્યગ્જ્ઞાનમાંથી જન્મેલી છે, તેથી ઉપાદેય છે. અને પાપભિરુતાદિ સદગુણો પ્રત્યેનો દ્વેષ યા ઉપેક્ષા–એ અક્ષરજ્ઞાનમાંથી જન્મેલી હોય, તોપણ તે ત્યાજ્ય ઠરે છે. તેમાં પણ જ્યારે એ જાતિનું અક્ષરજ્ઞાન સ્વાભાવિક સદગુણોમાંથી પેદા થયેલ ઉત્તમ આચરણોને હલકાં પાડવાના કામમાં વપરાય, ત્યારે તો તે અતિશય વર્જ્ય ઠરે છે.

## સંસારની અસારતારૂપ ઉત્તમ વિચાર

જૈનજગતમાં ફેલાયેલા આત્મોન્નતિસાધક ઉત્તમોત્તમ વિચારોમાં સૌથી પ્રથમ અને મુખ્ય વિચાર એ છે કે 'આ ચતુર્ગતિરૂપ સંસાર એ અસાર છે.' આ વિચારનાં મૂળિયાં એટલાં ઊંડાં પ્રસરેલાં છે કે જૈનજગતના પ્રત્યેક ઉપદેશ, નિર્દેશ કે ક્રિયાકર્મમાં તેને મુખ્ય સ્થાન મળેલું હોય છે અને જૈનજગતનું સર્વસ્વ તેનાથી જ વણાઈ ગયેલું હોય, એમ લાગ્યા સિવાય રહેતું નથી,

શ્રી જિનપૂજા કરતાં, શ્રી જિનની પ્રાર્થના કરતાં, અને શ્રી જિનનું વચન સાંભળતાં તેમાંથી પણ સંસારની એક નિઃસારતા જ નીતરે છે.

ગુરુના ઉપદેશ, આદેશ કે આચારમાંથી પણ સંસારની એક નિર્ગુણતા જ ધ્વનિત થાય છે. શ્રાવકને યોગ્ય સ્વાધ્યાયાદિમાં પણ તેની જ એક છાયા પડેલી હોય છે. જ્યાં સુધી એ તત્ત્વજ્ઞાન પ્રત્યેની અખૂટ શ્રદ્ધા જૈનજનતામાં રહેલી

છે ત્યાં સુધી તેને તેના માર્ગમાંથી ચલિત કરવી સર્વથા અશક્ય છે. જેમ સૂર્યની સામે ધૂળ ઉડાડનાર કે કાદવની અંદર પત્થર ફેંકનાર પોતાની જાતને જ મલિન તથા હાંસીપાત્ર બનાવે છે, તેમ 'સંસારની નિ:સારતા' પ્રત્યે પણ રોષ યા વિરોધ દર્શાવનારની ગતિ પણ તેવી જ થાય છે. લાખ યોજનનો મેરુ જો આડી આંગળી રાખવા માત્રથી ઢંકાઇ શકતો હોય, અગર વર્તમાન વિજ્ઞાનના મતે પૃથ્વી કરતાં તેર લાખગુણો મોટો સૂર્ય આડો હાથ ધરવા માત્રથી છુપાઇ શકતો હોય, તોપણ ચતુર્ગતિરૂપ સંસારની નિર્ગુણતા કે નિ:સારતા કલ્પનાશાસ્ત્રીઓની ક્રોડો દલીલોથી પણ ઢંકાઇ શકે તેમ નથી.

પ્રત્યેક ગતિમાં જન્મ, જરા, મરણ, ઈષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, ક્ષુધા, પિપાસા, રોગ, શોક આદિ સેંકડો ઉપદ્રવો મોઢું ફાડીને જગતનું ગ્રસન કરી જવા માટે બેઠેલા જ હોય છે. તેના ગ્રાસથી કોઇ પણ બચી શકતું નથી. રાજાથી રંક સુધી અને દેવેન્દ્રથી કીટ સુધી સર્વ કોઈને તે સર્વના શરણે દીન બનીને ઝુકવું જ પડે છે.

માનસશાસ્ત્રના અભ્યાસીઓ આજે માનસિક પ્રયોગો દ્વારા મનુષ્યજાતની સુખ, શાંતિ અને ઉન્નતિ સાધવાના પ્રયાસો કરી રહેલ છે, તેવા અવસરે તેવા કોઈ પણ જાતના આડંબર વિના, શ્રી જૈનશાસન મનુષ્યજાતિની ઉન્નતિ થાય તેવા કેટલાયે ઉત્તમ વિચારોને અને આચારોને આ જગતમાં ફેલાવવાનું કાર્ય અસંખ્યાત વર્ષોથી અવિરતપણે કરી રહેલ છે, તે જાણીને કોઈ પણ સુહૃદય આત્માનું હૃદય પુલકિત બન્યા સિવાય રહેશે નહિ.

## ઉત્તમ વિચારોને દર્શાવતાં વાક્યો

જૈનશાસન કહે છે અને જૈનજગત શ્રદ્ધાપૂર્વક સ્વીકારે છે કે—

(૧) આ જીવ અશુચિ અને બિભત્સ એવા ગર્ભાવાસમાં શુભાશુભ કર્મના પ્રભાવે અનંતી વાર રહેલો છે.

(૨) જીવની ઉત્પત્તિનાં સ્થાન ચોરાશી લાખ છે, તે ચોરાશી લાખ યોનિમાંથી એક એક યોનિમાં એક એક જીવ અનંતીવાર ઉત્પન્ન થયો છે.

(૩) બહુ યોનિયોમાં નિવાસ કરતાં માતા, પિતા અને સ્વજનો વડે આ લોક પૂરાયેલો છે. પરંતુ તેઓ કોઇ જીવને ત્રાણ કે શરણરૂપ થઈ શકતા નથી.

(૪) માતા સ્ત્રી બને છે અને સ્ત્રી માતા થાય છે. એ જ રીતે પિતા પુત્ર થાય છે અને પુત્ર પિતા થાય છે. કર્મ-વશ આત્માઓને ઉત્પન્ન થવા માટે આ સંસારમાં કોઇ પણ પ્રકારનો નિયમ નથી.

(૫) તેવી કોઈ જાતિ નથી, તેવી કોઈ યોનિ નથી, તેવું કોઇ સ્થાન નથી, કે તેવું કોઇ કુલ નથી, કે જ્યાં સર્વ જીવો અનંતીવાર જન્મ પામ્યા ન હોય કે મર્યા ન હોય.

**(૬) લોકમાં વાલાગ્ર માત્ર તેવું સ્થાન નથી કે જ્યાં જીવો અનેક વાર સુખદુઃખની પરંપરા પામ્યા ન હોય.**

(૭) સંસારમાં જીવે, સર્વ પ્રકારની ઋદ્ધિઓ અને સર્વ પ્રકારના સ્વજન–સંબંધોને અનેક વાર પ્રાપ્ત કર્યા છે.

(૮) જ્ઞાનાવરણીયાદિ કર્મને જીવ એકલો જ બાંધે છે અને તેના પરિણામે વધ, બંધન, તાડન, તર્જન, રોગ, જરા, મૃત્યુ આદિ પણ જન્માંતરોમાં એકલો જ સહન કરે છે. પોતાના કર્મ વડે જીવ પોતે જ ઠગાય છે.

(૯) આત્માનું હિત કે અહિત અન્ય કોઈ કરતું નથી. પોતે જ પોતાનાં જ કર્મથી ઉત્પન્ન થયેલા સુખ-દુઃખને ભોગવે છે.

(૧૦) ઘણા આરંભથી ઉપાર્જન કરેલાં ધન વગેરેનો ઉપભોગ સ્વજનવર્ગ કરે છે, પરંતુ તજ્જનિત પાપકર્મનો ઉપભોગ તો તેને પોતાને જ કરવો પડે છે.

(૧૧) આ સંસારમાં જંતુઓ દુઃખો વડે પીસાય છે. પ્રાણીઓને પ્રથમ જન્મનું દુઃખ છે, પછી જરા યાને વૃદ્ધાવસ્થાનું દુઃખ છે, વચ્ચે રોગોનું દુઃખ છે અને અંતે મૃત્યુનું દુઃખ અવશ્ય (unevitable) છે.

(૧૨) જ્યાં સુધી ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ થઇ નથી, જ્યાં સુધી જરા-રાક્ષસી આવીને ઊભી નથી, જ્યાં સુધી રોગોના વિકારો પ્રાદુર્ભાવ પામ્યા નથી અને જ્યાં સુધી મૃત્યુ નિકટ આવી પહોંચ્યું નથી, ત્યાં સુધી બને તેટલું આત્મહિત સાધી લેવું જોઈએ.

(૧૩) આગ લાગે ત્યારે કૂવો ખોદવો અને આગ ઓલવવી, એ જેમ અશક્ય છે, તેમ મરણ પ્રાપ્ત થયે ધર્મ સાધવો અને દુર્ગતિથી બચવું, એ પણ અશક્ય છે.

(૧૪) શરીરનું રૂપ અશાશ્વત છે, શરીરનું સુન્દરપણું વીજળીના ઝબકારાની જેમ ચંચળ છે અને શરીરનું તારુણ્ય એ સંધ્યાના રંગ સમાન ક્ષણ-રમણીય છે.

(૧૫) લક્ષ્મી હાથીના કાન સમાન અસ્થિર છે તથા વિષયસુખ ઇન્દ્રધનુષ્યની જેમ ક્ષણવિનાશી છે, તેથી તેનો વિશ્વાસ રાખવો અયોગ્ય છે.

(૧૬) સંધ્યાકાળે પક્ષીઓનો અને માર્ગમાં વટેમાર્ગુઓનો સમાગમ જેમ થોડા કાળ માટેનો છે, તેમ સ્વજનોનો સંગ પણ ક્ષણભંગુર છે.

(૧૭) પાછલી ચાર ઘડી રાત્રિ બાકી રહે ત્યારે આત્મા વિચારે કે 'આ શરીરરૂપી ઘર બળવા માંડે છે, છતાં હું સૂઈ કેમ રહું છું ? શરીરરૂપી ઘરની સાથે બળતા એવા મારા આત્માની હું કેમ ઉપેક્ષા કરું છું ? હું ધર્મરહિત બનીને મારા દિવસો ફોગટ કેમ ગુમાવું છું ?

(૧૮) જે જે રાત્રિ-દિવસ જાય છે તે પાછા આવતા નથી. અધર્મને આચરનાર આત્માઓના રાત્રિ-દિવસ નિષ્ફળ જાય છે એટલું જ નહિ, પરંતુ હાનિકારક થાય છે. જેને મૃત્યુની સાથે મિત્રતા હોય, જેનામાં મૃત્યુથી નાસી છૂટવાનું સામર્થ્ય હોય, અથવા જે જાણતા હોય કે મારે મરવાનું છે જ નહિ—તે જ પુરુષ એમ કહી શકે, કે હું ધર્મ આવતી કાલે કરીશ.

(૧૯) જેમ સિંહ હરણિયાનાં બચ્ચાંને ગરદનથી પકડી તેનો નાશ કરે છે, તેમ અંતકાળે મૃત્યુ પુરુષને ગળેથી પકડી લઇ તેનો અવશ્ય નાશ કરે છે. તે વખતે તે પુરુષનું તેના માતા-પિતા કે ભ્રાતા રક્ષણ કરવા માટે જરા પણ સમર્થ થઇ શકતા નથી.

(૨૦) જીવન ડાભના અગ્રભાગ ઉપર રહેલા જળના બિન્દુ સમાન ચંચલ છે, સંપત્તિઓ સમુદ્રના તરંગ જેવી ચપળ

છે અને સ્ત્રી આદિકનો સ્નેહ, એ સ્વપ્નની જેમ મિથ્યા છે : એ રીતે તે તે પદાર્થોનું અસ્થિરપણું જાણીને ધર્મ આચરવો એ જ સાર છે.

(૨૧) સંધ્યાના રંગ, પાણીના પરપોટા અને નદીના વેગ સમાન યૌવનને અને જીવિતને અસ્થિર અને વિનશ્વર જાણવા છતાં, પાપી જીવ પ્રતિબોધ પામતો નથી.

(૨૨) નિગોદની અંદર આ જીવ અનંત પુદ્ગલ-પરાવર્તન-કાળ સુધી તીક્ષ્ણ દુઃખોને સહન કરતો વસ્યો છે.

(૨૩) નિગોદમાંથી નીકળીને મનુષ્યભવ પામવો, એ જીવને અતીવ દુષ્કર છે અને તે મનુષ્યપણામાં ચિન્તામણિ રત્નની પ્રાપ્તિની જેમ શ્રી જિનકથિત ધર્મને પામવો, તે તેથી પણ મહાદુષ્કર છે.

(૨૪) જિનકથિત ધર્મને પામ્યા પથી પણ પ્રમાદ આત્માને ભારે સતાવે છે અને ફરીથી ભવરૂપી અંધ કૂવામાં ફેંકી દે છે.

(૨૫) શ્રી જિનધર્મને પામ્યા પછી પણ જે આત્મા માત્ર પ્રમાદના દોષથી તેને આચરતો નથી, તે આત્મા પોતાનો જ વૈરી છે અને પરલોકમાં અનંત દુઃખને પામે છે.

(૨૬) પ્રમાદથી જેઓ શ્રી જિનધર્મને સંચિત કરતા નથી, તે આત્માઓ મરણ આવ્યે છતે રાંક પુરુષની જેમ અત્યંત શોક કરે છે.

(૨૭) આ સંસારને ધિક્કર છે કે જ્યાં દેવ મરીને એકેન્દ્રિય થાય છે તથા ચક્રવર્તી મરીને નરકની જ્વાલામાં પટકાય છે.

(૨૮) સંસારમાં ભટકતો આ આત્મા અનંતી પાર પર્વતોમાં વસ્યો છે, પર્વતોની ગુફાઓમાં વસ્યો છે. સમુદ્રમાં વસ્યો છે, સમુદ્રના મધ્ય ભાગોમાં વસ્યો છે, વૃક્ષોની ટોચ ઉપર પણ વસ્યો છે.

(૨૯) આ સંસારમાં જીવ દેવ પણ થયો છે, નારકી પણ થયો છે; કીટ પણ થયો છે, પતંગ પણ થયો છે અને મનુષ્ય પણ થયો છે. મનુષ્યમાં પણ સુરૂપ થયો છે અને કુરૂપ પણ થયો છે; સુખભાગી થયો છે અને દુઃખભાગી પણ થયો છે; રાજા થયો છે અને રંક પણ થયો છે; વેદવિદ બ્રાહ્મણ થયો છે અને ચાંડાળ પણ થયો છે; સ્વામી થયો છે અને દાસ પણ થયો છે; પૂજ્ય થયો છે અને અપૂજ્ય પણ થયો છે; સજ્જન થયો છે અને દુર્જન પણ થયો છે; ધનપતિ થયો છે અને ધનહીન પણ થયો છે. પોતાના કર્મ મુજબ ચેષ્ટાને કરતો આ જીવ નટની જેમ અન્ય અન્ય રૂપ અને વેષને ધારણ કરતો વારંવાર ભટક્યો છે.

(૩૦) અશાતાથી વ્યાપ્ત એવી રત્નપ્રભાદિ સાતે નરકોમાં આ જીવ અનંતી વાર અનેક પ્રકારની વેદનાઓને પામ્યો છે.

(૩૧) દેવપણામાં અને મનુષ્યપણામાં પરાધીનતાને પામેલાં આત્માએ અનંતી વાર બહુ પ્રકારનાં ભીષણ દુઃખોને અનુભવ્યાં છે.

(૩૨) તિર્યંચ ગતિને પામીને આ આત્માએ અનંતી વાર જન્મ-મરણરૂપ અરહટ્ટમાં ભ્રમણ કર્યું છે અને અનેક પ્રકારની ભીષણ વેદનાઓને સહી છે. આ સંસારરૂપી

અટવીમાં શરીર અને મન સંબંધી જેટલાં દુખો છે, તેને આ જીવે અનંતી વાર સહ્યાં છે.

(૪૩) સંસારમાં અનંતી વાર નરકાદિ ગતિઓમાં આ જીવને એટલી તૃષા સહન કરવી પડી છે, કે જેને શમાવવા માટે સર્વ સમુદ્રોનાં જલ પણ સમર્થ ન થાય. એ જ રીતે ક્ષુધા પણ અનંતી વાર તેટલી સહન કરી છે, કે જે ક્ષુધાને શમાવવા માટે સર્વ પુદ્ગલ સ્કંધ પણ અસમર્થ નીવડે.

(૩૪) આ રીતે સેંકડો જન્મ-મરણનાં પરાવર્તનો સહ્યા બાદ જ, જીવને પોતાની ઇચ્છા પ્રમાણે કુશળતાને પમાડનારું મનુષ્યપણું પ્રાપ્ત થઈ શકે છે.

(૩૫) દશ દૃષ્ટાંતે દૂર્લભ અને દુઃખે પ્રાપ્ત થઈ શકે તેવાં તથા વિજળીની જેમ સમાન ચંચળ મનુષ્યપણાને પામીને જે આત્માઓ ધર્મને વિષે પ્રમાદ કરે છે, તે સત્પુરૂષો નથી, કિન્તુ કાપુરુષો છે.

(૩૬) સંસાર-સમુદ્રના કાંઠારૂપ મનુષ્યજન્મ પ્રાપ્તા કર્યા છતાં પણ, જેઓ શ્રી જિનેંદ્રકથિત ધર્મને કરતા નથી, તેઓ પણછ તૂટી ગયેલા ધનુર્ધારી પુરુની જેમ પાછળથી મહાખેદને પામે છે.

(૩૭) આ સંસારમાં શરીરાદિક જે બાહ્ય પદાર્થો દેખાય છે, તે સર્વ ઇન્દ્રજાળ સમાન છે, કારણ કે, એ સર્વને મૂકીને આ જીવને પરલોકમાં ચાલ્યા જવું પડે છે.

(૩૮) લોકમાં પિતા, પુત્ર મિત્ર. ઘર અને ગૃહિણી સૌ પોતપોતાને સુખ કરવાના સ્વભાવવાળાં છે. તેઓની ખાતર કરેલાં પાપોનું પરિણામ તિર્યંચ અને નરકગતિમાં અસંખ્ય

દુઃખો સહન કરીને પોતાને જ ભોગવવું પડે છે. તે વખતે તેમાંનું કોઈ શરણ આપનાર થતું નથી.

(૩૯) સીંચાણો પક્ષી જેમ તેતર પક્ષીને મારે છે, તેમ આયુષ્યનો ક્ષય થયે યમરાજા બાળક હોય યા વૃદ્ધ હો, સર્વ કોઈને એક પલકમાં ઝડપી લે છે.

(૪૦) ત્રણે ભુવન યમરાજાને વશ થતું જોવા છતાં, જે આત્માઓને ધર્મ કરવાના પરિણામ થતા નથી, તે આત્માઓની ધિટ્ટાઈ (નિર્લજ્જતા)ને ધિક્કાર હો !

(૪૧) ચીકણાં કર્મોથી બંધાયેલા આત્માને હિતોપદેશ પણ મહાદોષ યા દ્વેષને કરનારો થાય છે.

(૪૨) અનંત દુઃખના કારણભૂત ધનસ્વજનાદિક પદાર્થો અને તેનાં સાધનોને વિષે આત્માને મમતા થાય છે, તથા અનંત સુખને આપનાર મોક્ષ કે તેનાં સાધનો પ્રત્યે તેવા પ્રકારનો આદર થતો નથી, તે જીવની બહુલકર્મિતાને સૂચવે છે.

(૪૩) તુચ્છ વસ્તુઓ પ્રત્યેના સ્નેહરૂપી બંધનની બેડીથી બંધાયેલો આત્મા દુઃખસ્વરૂપ, દુઃખના ફળવાળો અને દુઃખની જ પરંપરાને આપનારો જે સંસાર છે, તેને છોડી શકતો નથી.

(૪૪) સંસારરૂપી ઘોર વનને વિષે પોતે જ ઉપાર્જન કરેલાં કર્મોરૂપી પવનથી અથડાતો જીવ વિવિધ પ્રકારનાં દુઃખદ દુઃખો અને ઘોર વિટંબણાઓને સહે છે. સંસારરૂપી અટવીમાં આ જીવ પ્રત્યેક ઠેકાણે ધન અને સ્વજનોના સમૂહનો ત્યાગ કરીને આકાશમાર્ગમાં પવનની પેઠે અદૃશ્ય રૂપવાળો થઈને વારંવાર ભટકે છે.

(૪૫) ચાર ગતિરૂપ સંસારમાં ભમતા જીવો જન્મ, જરા અને મરણરૂપી તીક્ષ્ણ ભાલાઓથી વારંવાર વીંધાતા છતાં, રૌદ્ર દુઃખને અનુભવે છે, તોપણ અજ્ઞાનરૂપી સર્પથી ડસાયેલા તે આત્માઓ સંસારરૂપી કેદખાનાથી કોઇ પણ વખતે લેશ પણ ઉદ્વેગને ધારણ કરતા નથી. પ્રાપ્ત થયેલા શ્રી જિનધર્મને જો પ્રમાદથી હારી જવામાં આવે, તો તે ફરી પામવો દુર્લભ છે.

(૪૬) સુખની વાંચ્છાવાળો આત્મા પણ જો પ્રમાદનો ત્યાગ કરી ધર્મને ન કરે, તો દુઃસહ (દુઃખે કરીને પણ સહન કરવાં કઠણ) એવાં નરકનાં દુઃખોને અનંતી વાર પ્રાપ્ત કરે છે, માટે મનુષ્યભવને અને શ્રી જિનધર્મને પ્રાપ્ત કરીને એક ક્ષણ પણ પ્રમાદ કરવો ઉચિત નથી.

(૪૭) અસ્થિર, મલિન અને પરાધીન એવા આ શરીર વડે સ્થિર, નિર્મળ અને સ્વાધીન એવો ધર્મ સાધી શકતો હોય તો, અન્ય કાર્યમાં પડવાથી શો ફાયદો છે ?

(૪૮) મિથ્યાત્વમાં પ્રગટ અનંતદોષો દેખાય છે. પરંતુ ગુણનો તેમાં લેશ પણ નથી, છતાં મોહે કરીને અંધ બનેલા આત્માઓ તે મિથ્યાવનું જ સેવન કરે છે. સમ્યક્ત્વમાં પ્રત્યક્ષ અનંતગુણ દેખાય છે, અને દોષનો લેશ પણ જણાતો નથી. તોપણ આજ્ઞાનથી અંધ થયેલા જીવો શ્રી જિનેન્દ્ર-ભાષિત સમ્યક્ત્વ મૂળ ધર્મનું સેવન કદી પણ કરતા નથી.

(૪૯) વિજ્ઞાન અને કળામાં કુશળ એવા આત્માઓ પણ સુખકારક અને સત્ય ધર્મની પરીક્ષા કરવા માટે પોતાની વિદ્વત્તા અને કળાનો જો ઉપયોગ ન કરતા હોય, તો તેવા

વિજ્ઞાનની અને કળાઓની કુશળતાઓ લેશ માત્ર પ્રશંસનીય નથી.

(૫૦) જીવોને શ્રી જિનધર્મ એ અપૂર્વ કલ્પવૃક્ષ છે, કારણ કે, એના આરાધનથી આ લોકમાં શાન્તિ અને પરલોકમાં સ્વર્ગ અને અપવર્ગનાં સુખોરૂપી સ્વાદુ ફળોની પ્રાપ્તિ થાય છે.

(૫૦) શ્રી જિનકથિત ધર્મ એ સુબંધુ છે, સુમિત્ર છે અને પરમ ગુરુ છે. મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત આત્માને શ્રી જિનધર્મનું આરાધન એ ઉત્તમ રથની ગરજ સારે છે.

(૫૨) મહાભયંકર એવી આ ચાર ગતિમાં રહેલાં અનંત દુઃખોરૂપી મોટા અગ્નિથી સળગી રહેલા આ સંસારરૂપી વનમાં શ્રી જિનવચનનું સેવન એ **અમૃતના કુંડની** ગરજ સારે છે.

(૫૩) ભવરૂપી ગહન વનમાં ભટકતા જીવોને જેના આશ્રયે મોક્ષસુખની પ્રાપ્તિ રહેલી છે, તે **કલ્પતરુના ઉદ્યાન તુલ્ય** શ્રી જિનશાસન સદાકાળ જયવંત વર્તે છે.

(૫૪) દુર્લભ એવું મનુષ્યપણું અને તેમાં પણ દુર્લભ એવું શ્રી જિનવચન પામીને આત્માએ શાશ્વત સુખના જ રસિયા બનવું જોઈએ. શાશ્વત સુખની પ્રાપ્તિમાં વિષયસુખની સેવા અંતરાયભૂત છે. તેથી તેનો ત્યાગ કરવો જોઈએ. વિષયનું સુખ જે આજે થાય છે, તે આવતી કાલે સ્મૃતિશેષ બની જાય છે. તેથી પંડિત પુરુષો તેવા સુખને કદી પણ ઇચ્છતા નથી.

(૫૫) દેવ અને મનુષ્યોનાં વૈષયિક સુખો પરમાર્થથી દુઃખો જ છે અને દુઃખના જ એક પરમ નિમિત્ત તથા

અશાશ્વત છે. વિશુદ્ધ બુદ્ધિવાળા આત્માઓ એ કારણે વિષયસુખોનો ત્યાગ કરે છે અને શાશ્વત સુખના સાધનરૂપ શ્રી જિનાજ્ઞાનું આરાધન કરે છે. **એ શ્રી જિનાજ્ઞા, સમ્મગ્-દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપની આરાધનાસ્વરૂપ** છે.

આ જાતના બીજા પણ અનેક ઉત્તમ અને પ્રેરક વિચારોને દર્શાવનારાં વાકયો અહીં ઉતારી શકાય છે, કે જેની છાયા સંસ્કારી જૈન કુળોનાં ઘરોની ભીંતોમાં પણ છવાયેલી હોય છે.

જૈન કુળમાં જન્મેલા આત્માઓને વારસામાં જ આ વિચારો મળેલા હોવાથી, તેનું વારંવાર શ્રવણ આદિ પ્રાપ્ત થયા કરે છે, અને એના પ્રતાપે પુસ્તકો આદિનો અભ્યાસ નહિ કરી શકનારા, પણ તે કુળના પુણ્યવાન આત્માઓને, તે ઉપર મનન કરવાની તક પ્રાપ્ત થાય છે. એવી તકો વારંવાર પ્રાપ્ત થતી હોવાથી તે વિચારોની સત્યતાની છૂપી છૂપી પણ પ્રતીતિ થતી જાય છે. એ પ્રતીતિના બળે જ, અક્ષરજ્ઞાનીઓની અપેક્ષાએ નિરક્ષર ગણાતા આત્માઓ પણ પોતાના પરલોકનું હિત સમજીને ઘોર તપશ્ચરણ અને નિયમિત ધર્મક્રિયાઓનું આચરણ કરી શકે છે. એમની એ આચરણા પાછળ શ્રદ્ધાનું બળ છે અને એ શ્રદ્ધાની પાછળ વારંવાર સંભળાતા અને વિચારાતા સુંદર અને સત્ય વિચારોરૂપી સમ્યગ્જ્ઞાનનું બળ છુપાયેલું છે.

*

ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ધર્મ બે પ્રકારનો ઉપદેશ્યો છેઃ એક સાધુધર્મ અને બીજો શ્રાવકધર્મ. સાધુધર્મ પાંચ મહાવ્રતાદિના પાલનરૂપ છે અને શ્રાવકધર્મ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતાદિના પાલન સ્વરૂપ છે.

જેનાથી નિઃશ્રેયસ-કલ્યાણની સિદ્ધિ થાય, તે ધર્મ છે. સમ્યક્ત્વાદિ આત્મ-પરિણામ એ જ કલ્યાણનું કારણ છે. તેના કારણભૂત બાહ્ય ચેષ્ટાઓ પણ કારણમાં કાર્યના ઉપચારથી ધર્મ કહેવાય છે.

પરલોકને હિતકારી શ્રી જિનવચનને જે સમ્યગ્ રીતિએ અને ઉપયોગપૂર્વક સાંભળે, તે શ્રાવક કહેવાય છે.

તે સાંભળવાનું અતિ તીવ્રકર્મ ઘણાં ઘટી ગયા પછી થાય છે.

(૧) જિનવચન એટલે આપ્ત આગમ.

(૨) પરલોક એટલે જન્માંતર અથવા બીજો શ્રેષ્ઠ જન્મ.

શ્રી જિનવચનના આરાધનથી જ અનુકૂળ પરલોક થાય છે. જિનવચન બે પ્રકારનું હોય છેઃ

(૧) નિમિત્તશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર આદિ, કે જે મુખ્યત્વે

આ લોકને હિતકારક છે તથા ગૌણપણે પરલોકનું પણ હિત કરે છે. *

(૨) જે સાધુ તથા શ્રાવકનાં અનુષ્ઠાન ગર્ભિત છે, તે સાક્ષાત્ પરલોકને હિત કરનારું છે.

સમ્યગ્ પ્રકારે એટલે અશઠપણે, વિરોધભાવ કે અરુચિભાવ વિના અથવા સમ્યગ્ એટલે સમીચીન. પરલોકને અત્યંત હિતકારી એવું શ્રી જિનવચન એ સાક્ષાત્ અથવા પરંપરાએ મોક્ષનો હેતુ હોવાથી, તે જે રીતે પરલોકનું હિત કરે છે, તે રીતે બીજા દર્શનકારોનાં વચનોનું શ્રવણ પરલોકનું હિત કરતું નથી.

ઉપયોગપૂર્વક એટલે એકાગ્રતાપૂર્વક. એકાગ્રતા વિનાનું શ્રવણ નકામું છે. એકાગ્રતા એટલે બે હાથ જોડીને, ત્રણ યોગોને ગોપવીને તથા નિદ્રા–વિકથાદિ પ્રમાદનો ત્યાગ કરીને ભક્તિ, બહુમાનપૂર્વક સાંભળવું.

અતિ તીવ્ર કર્મનો વિગમ એટલે જ્ઞાનાવરણીય અને મિથ્યાત્વ મોહનીય આદિ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો નાશ. એ નાશ વિના ઉપર જણાવેલ પ્રકારથી શ્રવણ થવું શક્ય નથી.

ઉપર કહેલા વિશેષણોવાળો ઉત્કૃષ્ટ શ્રાવક ગણાય. શ્રાવક શબ્દ મુખ્યતયા તેને જ લાગુ પડે અને તેને શુક્લપાક્ષિક પણ કહેવાય. જેનો સંસાર–પરિભ્રમણ કાળ અર્ધ

* શાસ્ત્રમાં કહ્યું છે કે જેટલા ભવના હેતુ છે, તેટલા જ મોક્ષના હેતુ છે. એ ન્યાયે સમ્યગ્દૃષ્ટિ આત્માને સઘળાં કુશાસ્ત્રોનું શ્રવણ પણ તેના મિથ્યાપણાને સમજાવીને પરલોકને હિતકર બની શકે છે.

પુદ્ગલપરાવર્તન કાળથી ઓછો હોય, તે શુકલપાક્ષિક કહેવાય. તે સિવાય શ્રાવક એ નામ શ્રાવક-સ્થાપના શ્રાવક કે દ્રવ્યશ્રાવક ગણાય.

## સમ્યગ્દર્શન

શ્રાવકધર્મનું મૂળ સમ્યક્ત્વ છે, તેથી સમ્યક્ત્વમૂલ બાર વ્રતોને શ્રાવકધર્મ કહેવાય છે.

સમ્યક્ત્વને ધર્મવૃક્ષનું મૂલ, ધર્મપુરનું દ્વાર, ધર્મપ્રાસાદનો પાયો, ધર્મપીઠનો આધાર, ધર્મામૃતનું ભાજન તથા ધર્મગુણોના નિધાન તરીકે શાસ્ત્રોમાં વર્ણવેલ છે. તત્ત્વાર્થશ્રદ્ધાનસ્વરૂપ શુદ્ધાત્મ અધ્યવસાય, તે જ સમ્યક્ત્વ છે.

આત્મ અધ્યવસાય એ પરોક્ષ જ્ઞાની એવા છદ્મસ્થ પ્રાણીઓને અગોચર છે. પરોક્ષજ્ઞાની એવા છદ્મસ્થ આત્માઓથી તો તેને ઉચિત પ્રવૃત્તિના સ્વીકાર અને અનુચિત પ્રવૃત્તિના ત્યાગ દ્વારા જ ઓળખી શકાય છે. સમ્યક્ત્વની ઉત્પત્તિ પણ પરમાર્થથી તો કર્મગ્રન્થિનો ભેદ થવાથી થાય છે, તોપણ મિથ્યાત્વત્યાગાદિ ક્રિયાઓ જ કર્મગ્રન્થિના ભેદમાં કારણભૂત થાય છે; તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને વ્યવહારમાં મિથ્યાત્વત્યાગને જ સમ્યક્ત્વ માનેલું છે. એ કારણે શ્રાવકધર્મની ઇચ્છાવાળો આત્મા યાવજ્જીવ માટે, મન-વચન-કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું, એ સર્વ પ્રકારે મિથ્યાત્વનો ત્યાગ કરે.

## આઠ પ્રકારના દર્શનાચાર

સમ્યગ્દૃષ્ટિ શ્રાવક આઠ પ્રકારના દર્શનાચારોનું પાલન

કરે. દર્શનશુદ્ધિ વિના કષ્ટ ક્રિયા કરનારને પણ શુદ્ધિ કે ફળની પ્રાપ્તિ માનેલી નથી. કહ્યું છે કે–

'અનેક પ્રકારની ક્રિયાઓને કરે; સ્વજન, ધન અને ભોગોનો ત્યાગ કરે, તથા દુઃખને છાતી ઉપર ધારણ કરે; તોપણ અંધ માણસ જેમ શત્રુના સૈન્યને જીતી શકે નહિ, તેમ અનેક પ્રકારની વિરતિ કરે, સ્વજન, ધન અને ભોગોનો ત્યાગ કરે તથા પરિષહ અને ઉપસર્ગોનાં તીવ્ર કષ્ટો સહન કરે, તો પણ અંધ સમાન મિથ્યાદૃષ્ટિ આત્માની સિદ્ધિ થાય નહિ.

આથી કર્મ-શત્રુના સૈન્યને જીતવાની ઇચ્છાવાળાએ સમ્યગ્દર્શનને વિષે ઉદ્યમ કરવો જોઇએ. જ્ઞાન, તપ કે ચારિત્ર સમ્યગ્દર્શનવાન આત્માનાં જ સફળ છે, બીજાઓનાં નિષ્ફળ છે.' એ દર્શનાચાર આઠ પ્રકારનો છે.

**સમ્યગ્દર્શનનાં આઠ આચારો**

૧. નિઃશંકિત–જીવાદિક–તત્વોને–વિષે નિઃશંક.

૨. નિષ્કાંક્ષિત–અન્ય તીર્થિક મતોની આકાંક્ષા વિનાનો.

૩. નિર્વિચિકિત્સ–અનુષ્ઠાનના ફલમાં નિશ્ચયવાળો.

૪. અમૂઢદૃષ્ટિ–કુતીર્થિકોના વિદ્યા–મંત્ર–ચમત્કારાદિ દેખાવા છતાં અમોહિત મતિવાળો.

૫. ઉપબૃંહણ–ગુણવાનની સ્તુતિ, પ્રશંસાદિ કરવા.

૬. સ્થિરીકરણ–ધર્મમાં અસ્થિરને સ્થિર કરવા,

૭. વાત્સલ્ય–સાધર્મિકોની આહારાદિ વડે ભક્તિ કરવી તથા વત્સલતા બતાવવી.

૮. પ્રભાવના–શ્રી જિનશાસનના પ્રભાવને પ્રગટ કરવો તથા તેનો પ્રચાર કરવો.

**સર્વવિષયક અને દેશવિષયક શંકા**

ભગવાન શ્રી અરિહંતપ્રણીત ધર્મ, અધર્મ આકાશ આદિ અત્યંત ગહન પદાર્થોને વિષે મતિમંદતાદિ અનેક કારણોએ સર્વથી યા દેશથી સંશય થવો તે શંકા છે.

સર્વવિષયક સંશય, તે સર્વશંકા (સર્વાંશ સંદેહ) છે અને દેશવિષયક સંશય, તે દેશશંકા (એક અંશનો સંદેહ) છે.

**સર્વવિષયક શંકા :** જેમ કે 'શ્રી આચારાંગાદિક સમસ્ત ગણિપિટક (લોકોત્તર શ્રુત) પ્રાકૃત ભાષામાં રચાયેલું છે. તેથી તેને રચનારા પુરુષો પ્રાકૃત, સામાન્ય હોવા જોઈએ, કિન્તુ અસાધારણ કે વિદ્વાન હોવા જોઈએ નહિ. જો વિદ્વાન હોત, તો સકલ શિષ્ટ પુરુષોને અભીષ્ટ અને વ્યાકરણાદિ પ્રતિપાદિત, પ્રતિનિયત પ્રયોગયુક્ત, સુવિશિષ્ટ સંસ્કૃત ભાષામાં શાસ્ત્રોની રચના કરત. માટે શ્રી આચારાંગાદિ દ્વાદશાંગ શ્રુત પ્રાકૃત પુરુષોએ રચેલું છે, તેથી અવિશ્વસનીય છે.' આ સર્વવિષયક શંકા છે. તેનું સમાધાન એ છે, કે, 'પરમ–ઉપકાર–કરણૈક–તત્પર ભગવાન શ્રી ગણધર દેવોએ બાલવૃદ્ધ આદિ સકલ ઉપકાર્ય લોકને ઉપકારક થઈ શકે એ કારણે, સૂત્રોને અર્ધમાગધી નામની પ્રાકૃત ભાષામાં ગૂંથ્યાં છે. વળી તે ભાષા અલ્પ અક્ષર અને મહા અર્થ આદિ અનેક ગુણ–ગણયુક્ત હોવાથી, બીજી સર્વ ભાષાઓથી વિશિષ્ટ છે. જેમ તે ભાષા થોડા અક્ષર અને મહા અર્થથી

યુક્ત છે, તેમ તે ભાષામાં ગૂંથાયેલાં આગમસૂત્રો પણ બત્રીસ દોષે રહિત આઠ ગુણે યુક્ત અને શબ્દશાસ્ત્રના નિયમોથી અલંકૃત છે. તદુપરાંત, તે આગમોમાં કહેલું કથન કષ, છેદ અને તાપની પરીક્ષામાંથી શુદ્ધ થયેલા કંચનની જેમ શુદ્ધ છે. સમસ્ત રત્નો જેમ રત્નાકરની ઉત્પત્તિ છે, તેમ જગતનાં સમસ્ત સૂકતો, તે શ્રી જિનાગમની જ ઉત્પત્તિ છે.' શ્રી જિનાગમની અદ્દભુતતાનું વર્ણન કરતાં એક સ્થળે કહ્યું છે કે–

> सुणिउणमणाँइनिहणं भूअहिअं भूयभावणमणग्घं ।
> अमिअमजिअं महत्थं महाणुभावं महाविसयं ॥१॥

શ્રી જિનઆગમ એ (સૂક્ષ્મ દ્રવ્યાદિને બતાવનાર હોવાથી) સુનિપુણ છે, (દ્રવ્યાર્થિક નયે) અનાદિ નિધન છે. (કોઈને પીડાકારક નહિ હોવાથી, ભૂતાહિત છે, (સત્યને કહેનાર હોવાથી) સદ્દભુતનું ભાવન છે, (અવિદ્યમાન મૂલ્યવાળું હોવાથી) અનર્ઘ્ય છે, અનંત અર્થવાળું હોવાથી અમિત છે અને (શેષ પ્રવચનથી) અજિત છે, તેમ જ નયગર્ભિત (મહા અર્થવાળું) લબ્ધિસિદ્ધિ આદિ (મહાપ્રભાવવાળું) અને સકલદ્રવ્યાદિને વિષય કરનાર (મહાવિષયવાળું) છે.

**દેશવિષયક શંકા :** શ્રી જિનાગમના અમુક અમુક વિષયમાં શંકા થવી, તે દેશવિષયક શંકા છેઃ જેમ કે 'જીવત્વ સમાન હોવા છતાં એક ભવ્ય અને એક અભવ્ય કેમ ? અથવા એક આકાશપ્રદેશમાં અનંત પરમાણુ આદિ કેવી રીતે રહી શકે ? જોકે વસ્તુના સ્વભાવમાં પ્રશ્ન હોઈ શકતા

નથીઃ જેમ કે 'અગ્નિ બાળે છે અને આકાશ કેમ બાળતું નથી ?' એવો પ્રશ્ન કોઇ કરતું નથી, તોપણ મિથ્યાત્વના ઉદયથી શ્રી જિનવચનમાં સંદેહને ઉત્પન્ન કરનારા તેવી જ જાતના પ્રશ્નો હૃદયમાં ઊઠે છે, તેનું સમાધાન નહિ થવાથી તે તે વિષયની શંકા વધતી જાય છે અને પરિણામે દર્શનાચારની પાલનામાં તે અંતરાયભૂત બને છે, તેથી તેવી શંકાઓનાં તાત્કાલિક સમાધાન કરી લેવાં જોઈએ. તેવા પ્રકારના ગુરુના સંયોગ આદિના અભાવે અગર મતિમંદતાદિના કારણે સમાધાન ન થાય, તોપણ શ્રી જિનવચનના પ્રામાણ્ય પ્રત્યે લેશ પણ સંદેહ લાવવો જોઈએ નહિ.

**કાંક્ષાના બે પ્રકારો**

કાંક્ષા પણ બે પ્રકારની છે. 'સાંખ્યાદિ સર્વ દર્શનો મોક્ષનાં કારણ છે' એમ માનીને તે સર્વની અભિલાષા કરવી, તે સર્વકાંક્ષા છે અને એમાંના એકાદ દર્શનની અભિલાષા કરવી, તે દેશકાંક્ષા છે.

'સર્વ દર્શનોમાં અહિંસા, સુકૃત-દુષ્કૃતનું ફળ તથા સ્વર્ગ–મોક્ષાદિનું વર્ણન સમાન છે, તેથી સર્વ દર્શનો મોક્ષનાં અંગ છે' એવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે, પરન્તુ નય–દુર્નયના સ્વરૂપને સમજવાથી તે કાંક્ષા નષ્ટ થાય છે. ઇતર દર્શનો એક એક નયની માન્યતાને આગળ કરી ઉત્પન્ન થયેલાં છે અને પોતાથી ભિન્ન નયની માન્યતાનો તિરસ્કાર કરી રહ્યાં છે. તેથી અસત્ય છે; જ્યારે શ્રી જિનશાસન એ સર્વ નયોને પોતામાં સમાવી લે છે, તેથી તેનું નિરૂપણ સર્વાંશ સત્ય છે.

### વિચિકિત્સાના બે પ્રકારો

વિચિકિત્સા પણ બે પ્રકારની છે. વિચિકિત્સા એટલે ધર્મના ફળનો સંદેહ. દેશવિષયક વિચિકિત્સા યમ-નિયમ-ચૈત્યવંદનાદિ કોઈ પણ એક અનુષ્ઠાનના ફળનો સંદેહ ઉત્પન્ન કરે છે; જ્યારે સર્વ વિષયક વિચિકિત્સા ચૈત્યવંદનાદિ સઘળાં અનુષ્ઠાનોનાં ફળોમાં સંદેહ ઉત્પન્ન કરે છે; અથવા 'પૂર્વપુરુષો આગમનિર્દિષ્ટ માર્ગને યથોક્તપણે પાળનારા હતા, તેથી તેમને આગમમાં કહેલાં સ્વર્ગાપવર્ગાદિક ફળની પ્રાપ્તિ શક્ય છે, કિન્તુ તેવા પ્રકારની ધૃતિ અને સંઘયણાદિકથી રહિત એવા આધુનિક પુરુષોને ધર્મવ્યાપારોનું યથોક્ત ફળ મળવું શક્ય નથી.' આ જાતની વિચિકિત્સા ઉત્પન્ન થાય છે. ધર્મ-ક્રિયાના ફળનો સંદેહ પણ વસ્તુતઃ મિથ્યાત્વનું જ કારણ છે. પૂર્વપુરુષો ધૃતિ આદિથી યુક્ત હતા, તો તેમને ઉત્કૃષ્ટ ફળ મળે અને વર્તમાનના પુરુષો ધૃતિ આદિએ કરીને હીન છે, તેથી જઘન્ય-મધ્યમાદિ ફળ મેળવે, પણ 'ધર્મકાર્યોનું સર્વથા ફળ ન મળે' એમ માનવું, એ મહિમોહ સિવાય બીજું કાંઈ નથી.

આગમમાં કહ્યું છે કે, "આ ક્ષેત્રમાં દુપ્પસહસૂરિ પર્યંત ચારિત્ર છે" એમ ભગવાને કહેલું છે અને એ ચારિત્ર આજ્ઞા-યુક્તને અવશ્ય હોય છે, છતાં 'હમણાં તે નથી.' એમ કહેવું તે વ્યામોહ છે.

એ રીતે તીર્થાવસાન પર્યંત સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર રહેનાર છે અને તેને ધારણ કરનાર આત્માઓને કાલાદિના અનુસારે મુક્તિ ફળને આપનારું અનુષ્ઠાન પણ અવશ્ય રહેનારું છે.

કાલાદિના અનુસારે યતનાપૂર્વક સંભવિત સંયમાનુષ્ઠાનને આરાધનારા સાધુપુરુષોની નિન્દા કરનાર મહાન અનર્થને પામે છે, એમ શ્રી જિનશાસનમાં કહ્યું છે. કાલ, સંહનન અને ધૃતિ આદિને અનુરૂપ ધર્મને વિષે પરાક્રમ ફોરવનાર આત્માને તેનું શાસ્ત્રોક્ત ફળ અવશ્ય મળે છે, તેમ સમજી સર્વથા નિર્વિચિકિત્સ રહેવું જોઈએ.

### અમૂઢદૃષ્ટિતા

મોક્ષમાર્ગથી રહિત અન્ય આત્માઓની વિભૂતિ-વિશેષોને જોઈ જેનું ચિત્ત મૂંઝાતું નથી કે ભ્રાન્તિને પામતું નથી, તે આત્માઓ અમૂઢદૃષ્ટિ કહેવાય છે.

વિભૂતિ અને ઋદ્ધિઓ અનેક પ્રકારની હોય છે. કેટલીક વશીકરણાદિ વિદ્યાથી સંપાદિત હોય છે. કેટલીક ઉપવાસાદિ કષ્ટકારી તપ કરવાથી પ્રાપ્ત થાય છે. અને કેટલીક સુવર્ણસિદ્ધિ આદિની સાધનાથી સિદ્ધ થાય છે. તપ વગેરેથી વૈક્રિય લબ્ધિ અને આકાશગમનાદિ લબ્ધિઓ પણ પ્રાપ્ત થાય છે. અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, આસન, શય્યાદિ અનેક પ્રકારો વડે પૂજાની પ્રાપ્તિ થવી, એ પણ ઋદ્ધિનો જ પ્રકાર છે. અન્ય લિંગમાં રહેલા તથા મોક્ષમાર્ગની વિરુદ્ધ વર્તનારા આત્માઓના પણ પૂજા, સત્કાર, વિભૂતિ આદિ જોઈને જેઓ ચલચિત્ત થતા નથી, તેઓ દર્શનાચારના આચારને પાળનારા છે.

### શંકા-વિચિકિત્સા વચ્ચે ભેદ

શંકા, કાંક્ષા, વિચિકિત્સા અને મૂઢદૃષ્ટિતા વગેરે મિથ્યાત્વ

મોહનીયના ઉદયથી થનારા જીવના પરિણામવિશેષ છે. તેથી તેને સમ્યક્ત્વના અતિચાર પણ કહેવાય છે. શંકા અને વિચિકિત્સા એ બે દોષો લગભગ સરખા લાગે છે, તોપણ તે બે વચ્ચે થોડો ભેદ છે. શંકા એ દ્રવ્ય અને ગુણવિષયક છે; જ્યારે વિચિકિત્સા એ ક્રિયાવિષયક છે.

યુક્તિ અને આગમથી સિદ્ધ એવાં પણ અનુષ્ઠાનોનાં ફળ પ્રત્યે સંદેહ તે વિચિકિત્સા નામનો ત્રીજો દોષ છે અને આત્મા પરલોક, ધર્માસ્તિકાયાદિ પદાર્થોના સ્વરૂપ અને અસ્તિત્વ સંબંધી સંદેહ–એ શંકા નામનો પહેલો દોષ છે.

**ઉપબૃંહણ, સ્થિરીકરણ અને વાત્સલ્ય**

વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, તપ અને ચરણકરણ આદિને વિષે ઉદ્યમવંત આત્માઓની પ્રશંસા કરવી, તે ઉપબૃંહણ નામનો દર્શનાચાર છે.

વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય અને તપશ્ચર્યા આદિ ગુણોને વિષે મંદ ઉત્સાહવન્ત બનેલા આત્માઓને તથાપ્રકારનાં વચનો વડે ઉત્સાહિત કરવા, મનુષ્ય ભવની દુર્લભતા આદિ દર્શાવી ઉદ્યમવંત બનાવવા, તે સ્થિરીકરણ નામનો દર્શનાચાર છે.

સમાનધર્મીઓનું ભક્ત, પાન અને વસ્ત્રપાત્રાદિ વડે વાત્સલ્ય કરવું, તે વાત્સલ્ય નામનો દર્શનાચાર છે. પ્રાઘૂણક (પરોણા), આચાર્ય, ગ્લાન, તપસ્વી, બાલ આદિની વિશેષ ભક્તિ કરવી, તે વાત્સલ્યગુણને દીપાવનાર છે.

## પ્રભાવના

પ્રભાવના એ આઠમો દર્શનાચાર છે. સ્વશક્તિ વડે શ્રી જિનશાસનને દીપાવવું, એનું નામ પ્રભાવના છે. જોકે શ્રી જિનપ્રવચન અનેક અતિશયોનું નિધાન છે અને પોતાના પ્રભાવથી જ પ્રતિષ્ઠિત છે, તોપણ તે ભવ્ય આત્માઓના મનને વિષે અધિક સ્થિર થાય, એવો પ્રયત્ન કરવો એ સમ્યગ્દૃષ્ટિઓનું કર્તવ્ય છે. અવધિજ્ઞાનાદિ અતિશાયિક ઋદ્ધિવાળા, ધર્મકથાની લબ્ધિવાળા, વાદલબ્ધિવાળા, પ્રવચનના પારગામી આચાર્યાદિકો, છટ્ઠ અટ્ઠમાદિ વિપ્રકૃષ્ટ (કઠિન) તપ કરનારાઓ, નિમિત્ત આદિને જાણનારાઓ, કવિત્વશક્તિને ધારણ કરનારાઓ અને રાજા-પ્રજાદિ બહુજનમાન્ય એવા પુરુષો પોતપોતાની વિભૂતિ વડે શ્રી જિનપ્રવચનની પ્રભાવના કરી શકે છે અને મધ્યસ્થ દૃષ્ટિવાળા આત્માઓને શ્રી જિનકથિત તીર્થ ઉપર બહુમાન ઉત્પન્ન કરાવી શકે છે.

## શુશ્રૂષાદિ ગુણો

સદ્બોધના કારણભૂત ધર્મશાસ્ત્ર સાંભળવાની તીવ્ર ઇચ્છા એનું નામ શુશ્રૂષા છે. શુશ્રૂષા વિના સાંભળેલું અને સંભળાવેલું શ્રુત સર વિનાના સ્થળે કુવો ખોદવા જેવું છે. શુશ્રૂષા પણ પર અને અપર બે પ્રકારની છે.

યુવાન અને વિદગ્ધ એવા કાન્તાયુક્ત કામી પુરુષને કિન્નરના ગેય શ્રવણમાં જે આનંદ હોય છે, તેથી પણ અધિક આનંદ પર (ઉત્કૃષ્ટ) શુશ્રૂષાવાળા જીવને ધર્મશ્રવણમાં હોય છે.

ધર્મરાગ એટલે ધર્મના કારણભૂત સદનુષ્ઠાનને વિષે તીવ્ર અભિલાષ. જંગલમાંથી આવેલા અને ક્ષુધાથી પીડિત એવા બ્રાહ્મણને ઘૃતપૂર (ઘેબર)ને વિષે જેટલો અભિલાષ હોય, તેથી પણ અધિક અભિલાષ ધર્મરાગવાળાને સદનુષ્ઠાનને વિષે હોય છે.

ગુરુદેવની વૈયાવચ્ચમાં નિયમ એ શુશ્રૂષાનો બીજો અર્થ છે. ગુરુ એટલે ધર્મોપદેશક આચાર્યાદિ અને દેવ એટલે આરાધ્યતમ શ્રી અરિહંતો. અહીં ગુરુપદ પ્રથમ મૂકવાનું પ્રયોજન એ છે કે, એક અપેક્ષાએ ગુરુ, દેવ કરતાં પણ પ્રથમ પૂજ્ય છે, કારણ કે, ગુરુના ઉપદેશ વિના સર્વજ્ઞ એવા દેવનો બોધ થવો જ દુષ્કર છે. તે ગુરુદેવની સ્વશક્ત્યનુસાર ભક્ત-વિશ્રામણા-અભ્યર્ચના પૂજાદિ નિરંતર કરવાનો નિયમ સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે.

## સમ્યગ્દર્શન છતાં અણુવ્રતાદિ ન પણ હોય

સમ્યક્ત્વવાન આત્મા શુશ્રુષાદિ ગુણોને અવશ્ય ધારણ કરે છે, પરંતુ વ્રતના અંગીકાર માટે તેવો નિયમ નથી. સમ્યગ્દૃષ્ટિ આત્મા અણુવ્રતાદિ વ્રતોને અંગીકાર કરે પણ ખરો અને ન પણ કરે, કારણ એ છે કે, સમ્યક્ત્વની પ્રાપ્તિમાં દર્શનમોહનીયકર્મનો ક્ષયોપશમ આદિ જરૂરી છે. ચારિત્રની પ્રાપ્તિમાં તેના કરતાં વિશેષ દર્શનમોહનીય ઉપરાંત ચારિત્ર મોહનીયકર્મના ક્ષયોપશમની પણ જરૂર છે.

જોકે અપૂર્વકરણથી રાગદ્વેષની ગાઢ ગાંઠ ભેદાઈ જાય છે, તેથી સમ્યગ્દૃષ્ટિ આત્માને ચારિત્રનું પાલન તથા વ્રતોનો અંગીકાર, એ જ અત્યંત ઉપાદેય ભાસે છે, તોપણ જેટલી

કર્મસ્થિતિ ભેદાવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, તેટલી જ કર્મસ્થિતિ ભેદાવાથી ચારિત્રની પ્રાપ્તિ થતી નથી; કિન્તુ તેથી અધિક કર્મસ્થિતિ ભેદાવાની આવશ્યકતા રહે છે. એ સંબંધી આગમમાં કહ્યું છે કે—

सम्मत्तम्मि उ लद्धे, पलिअपुहुत्तेण सावओ हुज्जा ।
चरणोवसमखयाणं, सागरसंखंतरा होंति ॥१॥

સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી બેથી નવ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિ લઘુ થયે દેશવિરતિ શ્રાવકધર્મની પ્રાપ્તિ થાય છે અને સંખ્યાતા સાગર પ્રમાણ સ્થિતિ ઘટયા બાદ સર્વ-વિરતિ-સાધુધર્મની પ્રાપ્તિ થાય છે.

## દેશવિરતિનાં બાર વ્રતો

(૧) પ્રથમ અણુવ્રતમાં શ્રાવક ગુરુ પાસે ધર્મનું સ્વરૂપ સાંભળીને મોક્ષની અભિલાષાએ સ્થૂલ પ્રાણ–વધની વિરતિ કરે છે. પ્રાણવધની ક્રિયા બે પ્રકારે થાય છે: એક સંકલ્પથી અને બીજી આરંભથી. તેમાં માત્ર સંકલ્પથી એટલે માર-વાના અભિપ્રાયથી મારવાની ક્રિયાનો ત્યાગ કરે છે, કિન્તુ ખેતી આદિના આરંભમાં થતી હિંસાનો ત્યાગ કરતો નથી.

(૨) બીજા અણુવ્રતમાં સ્થૂલ મૃષાવાદનો ત્યાગ કરે છે. અહીં સ્થૂલનો અર્થ દ્વિપદ, ચતુષ્પદ, ક્ષેત્ર, વાસ્તુ, હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્ય આદિ પરિસ્થૂલ અને બહુમૂલ્ય વસ્તુ વિષે અસત્ય બોલવું, તે છે. સૂક્ષ્મ વસ્તુવિષયક અસત્યની અપેક્ષાએ સ્થૂલ વસ્તુવિષયક અસત્યવાદમાં અધ્યવસાયની દુષ્ટતા વિશેષ પ્રવર્તે છે.

(૩) ત્રીજા અણુવ્રતમાં જે ગ્રહણ કરવાથી ચોરીનો આરોપ આવે તેવી સચિત્ત (ધન્ય આદિ), અચિત્ત (વસ્ત્ર આદિ) અને મિશ્ર (અશ્વ આદિ) સ્થૂલ અદત્ત વસ્તુઓના ગ્રહણનો ત્યાગ કરે છે.

(૪) ચોથા અણુવ્રતમાં ઔદારિક (મનુષ્ય અને તિર્યંચની) તથા વૈક્રિય (વિદ્યાધરી અને દેવી) પરદાઓનો ત્યાગ કરે છે તથા સ્વદારાને વિષે સંતોષને ધારણ કરે છે.

(૫) પાંચમા અણુવ્રતમાં અસદ્ આરંભની પ્રવૃત્તિ કરાવનારા ધનધાન્યાદિ નવ પ્રકારની વસ્તુઓમાં ઈચ્છાનું પરિણામ કરે છે.

(૬) છઠ્ઠા દિગ્વિરતિ વ્રતમાં, ઊંચે પર્વતાદિ ઉપર, નીચે કુવા આદિમાં તથા તિર્યક્ પૂર્વાદિ દિશાઓને વિષે, યાવજ્જીવ માટે યા ચાતુર્માસાદિ કાલ માટે, જવા–આવવાનું પરિમાણ કરે છે.

સાતમા ઉપભોગ–પરિભોગ–પરિમાણ વ્રતમાં ભોજનાદિકમાં અભક્ષ્ય–અનંતકાયાદિનો ત્યાગ કરે છે અને વ્યાપારાદિકમાં અતિ ક્રૂર કર્મવાળા કોટવાલાદિકના અને યંત્રકર્માદિકના વ્યાપારોનો ત્યાગ કરે છે.

૧. આંતરિક ભોગ અથવા એક વાર ભોગ થાય તે ઉપભોગ (અશનાદિ) અને ૨ બાહ્ય ભોગ અથવા વારંવાર ભોગ થાય તે પરિભોગ (વસ્ત્રાદિ) કહેવાય છે. (૧) ઉપભોગમાં શ્રાવક ઉત્સર્ગથી પ્રાસુક (નિર્જીવ) અને એષણીય (પોતા માટે નહિ બનાવેલો) આહાર વાપરે. અનેષણીય વાપરવો પડે તો પણ અનંતકાય, બહુબીજાદિ તો કદી પણ ન વાપરે.

પરિભોગમાં શ્રાવક ઉત્સર્ગથી સ્થૂલ, ધવલ અને અલ્પ મૂલ્યવાળાં પરિમિત વસ્ત્રો વાપરે. કવચિત્ શાસનોન્નતિ માટે બહુ મૂલ્યવાળાં પણ વાપરે. તે સિવાયના કારણ માટે બહુ મૂલ્યવાળાં વસ્ત્રાદિક વાપરવાનું પરિમાણ કરે. એ રીતે પરિભોગની અન્ય સામગ્રીઓનું પણ પરિમાણ કરે.

ઉત્સર્ગથી શ્રાવક વ્યાપારાદિકની ચિન્તામાં ન પડે. વ્યાપારાદિક કર્યા વિના જો આજીવિકા ન જ ચાલે તેમ હોય, તો અત્યંત સાવદ્ય (પાપવાળા) વ્યાપારોનો તો અવશ્ય ત્યાગ કરે. અત્યંત પાપવાળા વ્યાપારો શાસ્ત્રોમાં અંગારકર્મ આદિ પંદર ગણાવ્યા છે. શ્રાવકોએ તજવા જેવા અત્યંત પાપવાળા બીજા સર્વનો એ પંદરમાં સમાવેશ થઈ જાય છે.

આઠમા અનર્થદંડવિરતિ વ્રતમાં ચાર પ્રકારનાં અપધ્યાન, હિંસ્રપ્રદાન, પાપોપદેશ અને પ્રમાદાચરણનો ત્યાગ કરે છે. નિર્નિમિત્ત પાપથી બંધાવું, તે અનર્થદંડ છે, નિષ્પ્રયોજન આર્ત્ત–રૌદ્ર–ધ્યાન કરવું, તે અપધ્યાન છે. વિના પ્રયોજને હિંસાનાં કારણ શસ્ત્ર, આયુધ, અગ્નિ, વિષાદિ પદાર્થો બીજાને આપવા તે હિંસપ્રદાન છે. વગર કારણે કૃષ્યાદિ પાપક્રિયાઓ કરવાનો ઉપદેશ આપવો, તે પાપોપદેશ છે અને શરીરાદિકના પ્રયોજન વિના પણ ખાવું–પીવું, હરવું–ફરવું, સૂવું–બેસવું અગર નાટક–સિનેમા જોવાં વગેરે પ્રમાદાચારણ છે. એ ચારે અનર્થદંડ છે.

નવમા સામાયિક નામના પ્રથમ શિક્ષાવ્રતમાં એક મુહૂર્તપર્યંત સાવદ્યયોગ (સપાપ વ્યાપારો)નો ત્યાગ અને નિરવદ્ય યોગ (નિષ્પાપ વ્યાપારો)નું આસેવન કરે.

સામાયિકાદિ ચાર વ્રતો-શિક્ષાવ્રત એટલા માટે કહેવાય છે, કે પરમપદની પ્રાપ્તિ માટે તે વારંવાર સેવવા યોગ્ય છે. શિક્ષા એટલે અભ્યાસ અથવા પરમપદ અપાવનાર ક્રિયા, તત્પ્રધાન વ્રત, તે શિક્ષાવ્રત છે.

સમ એટલે રાગદ્વેષનો અભાવ, તેનો આય એટલે લાભઃ રાગદ્વેષ-વિરહિત મધ્યસ્થ આત્મા પ્રતિક્ષણ ચિન્તામણિ અને કલ્પવૃક્ષને પણ પરાસ્ત કરનાર નિરુપમ સુખના હેતુભૂત અપૂર્વ જ્ઞાન, દર્શન અને ચારિત્રના પર્યાયને પામે છે, તેનું નામ સમાય છે. તે સમાય જે ક્રિયાનુષ્ઠાનનું પ્રયોજન છે, તે સામાયિક કહેવાય છે. અહર્નિશ મુહૂર્તાદિકાલની મર્યાદાએ સપાપ વ્યાપારોનું વર્જન અને નિષ્પાપ વ્યાપારોનું સેવન કરવું તે સામાયિક નામનું નવમું વ્રત છે.

દશમા દેશાવગાશિક નામના શિક્ષાવ્રતમાં, છઠ્ઠા દિગ્-વિરતિ વ્રતમાં અંગીકાર કરેલ દિશાપરિમાણને, પ્રતિદિવસ સંક્ષિપ્તતર પરિમાણવાળું કરે. દેશ એટલે દિગ્વ્રતમાં ગ્રહણ કરેલ પરિમાણનો એક વિભાગ, તેને વિષે અવકાશ એટલે રહેવું, તે દેશાવગાશિક. ઉપલક્ષણથી ભોગોપભોગ પરિમાણાદિ વ્રતોમાં દીર્ઘકાલ સુધી ગ્રહણ કરેલા નિયમોમાં પ્રતિદિન સંક્ષેપ કરવો, તે પણ દેશાવગાશિક છે.

અગીઆરમા પૌષધોપવાસ નામના શિક્ષાવ્રતમાં અષ્ટમીચતુર્દશી આદિ પર્વ દિવસોમાં આહારાદિનો ત્યાગ કરે. આદિ શબ્દથી શરીરસત્કાર, અબ્રહ્મ-સેવન અને સપાપ વ્યાપારોનો ત્યાગ કરે. પૌષધ શબ્દ પર્વદિવસોમાં રૂઢ થયેલો

છે, તેથી તે દિવસોએ ઉપવાસાદિ કરવો, તે પૌષધોપવાસ વ્રત કહેવાય છે.

(૧) આહાર–પૌષધ, (૨) શરીરસત્કાર–પૌષધ, (૩) બ્રહ્મચર્ય–પૌષધ અને (૪) અવ્યાપાર–પૌષધ–એમ ચાર પ્રકારનો પૌષધ છે.

(૧) દેશથી આહાર–પૌષધ એટલે વિગઈના ત્યાગપૂર્વક આયંબિલ અથવા એકાશન કરવું. સર્વથી આહાર–પૌષધ એટલે ચારે પ્રકારના આહારનો અહોરાત્રિ માટે ત્યાગ કરવો.

(૨) દેશથી શરીર–પૌષધ એટલે શરીરના બધા ભાગમાં નહિ, પણ અમુક ભાગને વિષે જ સંસ્કારાદિ કરવો પણ બીજો નહિ અને સર્વથી શરીર–પૌષધ એટલે શરીરના સર્વ ભાગે સંસ્કારાદિ ન કરવો.

(૩) દેશથી બ્રહ્મચર્ય–પૌષધ એટલે દિવસે વા રાત્રિએ અબ્રહ્મનો ત્યાગ કરવો અને સર્વથી બ્રહ્મચર્ય–પૌષધ એટલે દિવસ–રાત્રિ ઉભય માટે બ્રહ્મચારી બનવું.

(૪) દેશથી અવ્યાપાર–પૌષધ એટલે અમુક અમુક વ્યાપારનો ત્યાગ કરવો અને સર્વથી અવ્યાપાર–પૌષધ એટલે સાંસારિક સર્વ વ્યાપારોનો ત્યાગ કરવો. દેશથી પૌષધ કરે તે સામાયિક અંગીકાર કરે, એવો નિયમ નથી. સર્વથી પૌષધ કરે, તે દિવસ માટે, રાત્રિ માટે યા અહોરાત્રિ માટે ઘરમાં યા પૌષધશાળામાં અવશ્ય સામાયિક અંગીકાર કરે.

બારમા અતિથિસંવિભાગ નામના શિક્ષાવ્રતમાં શુદ્ધ અને કલ્પનીય અન્નાદિ દેશકાલોચિત રીતિએ મુનિને આપે.

આદિ શબ્દથી પાન, વસ્ત્ર, ઔષધાદિ આપે, કિન્તુ અકલ્પ્યદિ નહિ. શુદ્ધ એટલે ન્યાયથી પ્રાપ્ત કરેલ પણ અન્યાયથી પ્રાપ્ત કરેલ નહિ. કલ્પનીય એટલે ઉદ્‌ગમાદિક દોષોથી રહિત, કિન્તુ દોષવાળા નહિ. દેશકાલોચિત રીતિએ એટલે પોતાના ઘેર આમંત્રણ કરીને, પોતા માટે બનાવેલ અન્નાદિ ભોજન-કાળે આપે, કિન્તુ ભોજન કાળ વીતા ગયા બાદ અથવા મુનિની સામે લઈ જઈને કે મુનિ માટે બનાવીને આપે નહિ.

તિથિ, પર્વ અને ઉત્સવો એ સર્વનો જેઓએ ત્યાગ કર્યો છે, તેઓને અતિથિ કહ્યા છે, શેષ અભ્યાગત જાણવા. અતિથિની પ્રાપ્તિ ન થાય, તો ભોજનકાળે દિશાઓનું અવ-લોકન કરવું અને વિશુદ્ધભાવે ચિન્તવવું, કે 'જો સાધુઓ પધાર્યા હોત તો મારો નિસ્તાર થાત'–એ રીતે બારમા વ્રતની આરાધના થાય છે.

એ પ્રત્યેક વ્રતના પાંચ પાંચ અતિચારો કહ્યા છે, તેને જાણી, સમજી, નિરતિચારપણે વ્રતપાલન કરવાને ઉદ્યમશીલ બનવું, એ સંપૂર્ણ હિતાવહ છે.

દેશથી ભંગ તે અતિચાર છે. વ્રત ગ્રહણ કરતી વખતે અતિચારનું વર્જન પણ ગ્રહણ થઈ જાય છે. વ્રતોની સુવિ-શુદ્ધ પાલના માટે નિરંતર ઉભયકાલ તેનું સ્મરણ કરવું જોઈએ તથા વ્રતપાલનના ગુણો, અવ્રતપાલનના દોષો, મિથ્યાત્વ અને પ્રાણીવધાદિના દારુણ વિપાકો આદિ નિરંતર ચિન્તવવા જોઈએ. વ્રતપાલનનો ઉપદેશ આપનાર શ્રી અરિ-હંતદેવ અને સુસાધુજનોની નિરંતર ભક્તિ અને પર્યુપાસના કરવી જોઈએ તથા ઉત્તરોત્તર અધિક ગુણોની આત્માને પ્રાપ્તિ થાય, તે માટે રત્નત્રયીને વિષે સતત ઉદ્યમ કરવો

જોઈએ, એ રીતે વર્તવાથી વિરતિનો પરિણામ ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થયો હોય તો ટકી રહે છે, પણ ચાલ્યો જતો નથી.

શ્રાવકનાં આ બાર વ્રતોમાં અણુવ્રતો અને ગુણવ્રતો પ્રાયઃ યાવજ્જીવ માટે ગ્રહણ થાય છે અને શિક્ષાવ્રતો અમુક કાલ માટે, એટલે સામાયિક તથા દેશાવગાશિક પ્રતિદિવસ કરવા માટે અને પૌષધોપવાસ તથા અતિથિસંવિભાગ પ્રતિનિયત દિવસોએ કરવા માટે ગ્રહણ થાય છે. પ્રાયઃ શબ્દથી અણુવ્રતો પણ પ્રતિ ચાતુર્માસ આદિ માટે ગ્રહણ કરી શકાય છે.

આયુષ્યના અંતે શાસ્ત્રપ્રસિદ્ધ સંલેખના (અનશનક્રિયા)-પૂર્વક શ્રાવક દેહનો ત્યાગ કરે.

## સંલેષણા વ્રતની આરાધના

સર્વ પ્રકારની અરાધનાઓમાં જે સૌથી વધુ અગત્યની આરાધના શ્રી જૈનશાસને દર્શાવી છે, તે અંતિમ આરાધના છે. તેનું બીજું નામ સંલેષણા વ્રત છે. જીવનમાં કરેલી સઘળી આરાધનાઓની સફળતાનો આધાર આ અંતિમ આરાધના ઉપર છે. અંતિમ વખતે એટલે આયુષ્યના અંત સમયે કરવા યોગ્ય આરાધના કર્યા વિના જ મૃત્યુ થઈ જાય, તો ગમે તેવા આરાધક આત્માની પણ ગતિ બગડી જાય, એટલું જ નહિ પણ કર્મવશાત્ જીવનપર્યંત જે આત્મા આરાધના નથી કરી શક્યો, તે આત્મા પણ જો આ પર્યંત આરાધનાને સાધી લે, તો તેની ગતિ સુધરી જાય, એવો આ અંતિમ આરાધનાનો મહિમા છે.

શ્રી જિનશાસનમાં રહેલા સાધુ યા શ્રાવક, પ્રત્યેકનો આ હંમેશનો મનોરથ હોય છે, કે 'મારું મરણ આરાધનાપૂર્વક થાઓ.' અર્થાત્–'મરણ વખતે હું આરાધનાપૂર્વક કેવી રીતે મરણ પામું ?' એની સતત ચિંતા એને હોય છે. એ આરાધના સંક્ષેપથી અહીં જણાવવમાં આવે છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે, 'જે આત્મા મરણ સમયે ભક્ત-પરિજ્ઞા નામના પ્રકીર્ણકનાં કહેલા વિધિ મુજબ મરે છે, તે આત્મા નિશ્ચયથી વૈમાનિક કલ્પોમાં ઉત્પન્ન થાય છે, એટલું જ નહિ, કિન્તુ ઉત્કૃષ્ટથી સાતમા ભવે અવશ્ય સિદ્ધ થાય છે,

મરણપથારીએ રહેલો માંદો મનુષ્ય સદ્ગુરુને નમસ્કાર કરીને કહે, કે 'હે ભગવન્ ! હવે અવસરને ઉચિત મને ફરમાવો !' તેના પ્રત્યુત્તરમાં ગુરુમહારાજ તેને છેવટની આરાધના કરી લેવા માટે નીચે મુજબ ફરમાવે. ગુરુનો યોગ ન હોય તો ઉત્તમ શ્રાવકના મુખે તેનું શ્રવણ કરે.

ગુરુ કહે 'મરણ સમયે ૧: લીધેલાં વ્રતોમાં લાગેલા અતિચારોને આલોવવા જોઈએ. ૨. લીધેલાં કે નહિ લીધેલાં વ્રતોને ફરી ઉચ્ચારવાં જોઈએ. ૩. સર્વ જીવોને ક્ષમા આપવી જોઈએ. ૪. અઢાર પાપસ્થાનકોને વોસિરાવવાં જોઈએ. ૫. ચાર શરણને ગ્રહણ કરવાં જોઈએ. ૬. દુષ્કૃતની નિન્દા કરવી જોઈએ. ૭. સુકૃતની અનુમોદના કરવી જોઈએ. ૮. અનશન સ્વીકારવું જોઈએ. ૯. શુભ ભાવના ભાવવી જોઈએ. અને ૧૦. શ્રી પંચ પરમેષ્ઠીઓને નમસ્કાર કરવો જોઈએ.

### અતિચાર-આલોચના

સાધુ અને શ્રાવકોને પાળવાયોગ્ય પાંચ આચારો શ્રી જૈનશાસનમાં દર્શાવેલા છે. તેના પાલનમાં જેટલી બેદરકારી

બતાવી હોય, અગર તેથી વિરુદ્ધ આચરણ કર્યું હોય, તે અહીં અતિચારો સમજવાના છે. જેમ કે; સામર્થ્ય છતાં જ્ઞાનીઓને અન્ન, પાન, વસ્ત્ર, પાત્ર આદિ વડે સહાય ન કરી હોય, તેમની અવજ્ઞા કરી હોય, મતિશ્રુતાદિ પાંચ પ્રકારના જ્ઞાનની નિન્દા કરી હોય, ઉપહાસ કર્યો હોય અથવા ઉપઘાત કર્યો હોય, જ્ઞાનનાં સાધન : પુસ્તક, કાગળ, કલમ આદિની આશાતના કરી હોય તે બધા જ્ઞાનના અતિચારો છે. તેની હૃદયથી માફી માગવી જોઈએ.

એ જ રીતે દર્શનના અતિચારો, જેવા કે શ્રી જિનેશ્વરદેવ અને તેમનાં બિંબોની ભાવથી ભક્તિ ન કરી હોય, અગર અભક્તિ કરી હોય, શ્રી જિનભક્તિ નિમિત્તે ઉત્પન્ન થયેલ દ્રવ્યનો વિનાશ કર્યો હોય અગર વિનાશ થતો જોવા છતાં, છતી શક્તિએ ઉપેક્ષા કરી હોય, શ્રી જિનમંદિર વગેરેની અશાતના કરી અગર આશાતના કરનારની ઉપેક્ષા કરી હોય, તેની ક્ષમા યાચવી જોઈએ.

ચારિત્રના અતિચારો, જેવા કે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિસહિત ચરિત્રનું પાલન ન કર્યું હોય અગર પાલન કરનારની ભક્તિ ન કરી હોય.

પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય જીવો, કીડા, શંખ, છીપ, પુરા, જલો, અળસિયા આદિ બેઇન્દ્રિય જીવો; કીડી; મંકોડી, જૂ, માંકડ, લીખ, કુંથુઆ આદિ; તેઇન્દ્રિય જીવો વીંછી, માંખ, મચ્છર, ભ્રમર આદિ ચઉરિન્દ્રિય જીવો; અને પાણીમાં વસનાર, જમીન ઉપર રહેનાર કે આકાશમાં ઉડનાર પંચેન્દ્રિય જીવોની વિરાધના કરી હોય.

ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી કે પરવશતાથી

અસત્ય વચન ઉચ્ચાર્યાં હોય, માયાદિકનું સેવન કરીને અન્યનું નહિ આપેલું ધન પણ ગ્રહણ કર્યું હોય.

દેવ સંબંધી, મનુષ્ય સંબંધી કે તિર્યંચ સંબંધી મૈથુન સેવ્યું હોય, કે સેવવાની અભિલાષા કરી હોય :

ધન-ધાન્યાદિક નવવિધ પરિગ્રહ સંબંધમાં જે મમત્વ-ભાવ પોષ્યો હોય તથા રાત્રિભોજનત્યાગમાં જે કોઈ અતિચારો થયા હોય, તે સર્વની આત્મસાક્ષીએ નિન્દા કરવી જોઈએ અને ગુરુસાક્ષીએ ગર્હા કરવી જોઈએ.

તપ સંબંધી અતિચારો, જેવા કે, અનશન, ઊનોદરી આદિ છ પ્રકારનો બાહ્ય તપ અને પ્રાયશ્ચિત્ત, વિનયાદિ છ પ્રકારનો અભ્યંતર તપ શક્તિ પ્રમાણે ન કર્યો હોય, તેની નિન્દા અને ગર્હા કરવી જોઈએ.

વીર્ય સંબંધી અતિચારો-જેમ કે, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધનામાં મન, વચન, કાયાનું છતું બળ ગોપવ્યું હોય તથા વીર્યાચારનું પાલન કરનારની નિન્દા-ઉપેક્ષા કીધી હોય, તેની નિન્દા, ગર્હા કરવી જોઈએ.

## વ્રતોચ્ચારણ

પ્રાણાતિપાતવિરમણ આદિ વ્રતો પૂર્વે લીધેલાં હોય, તો તેને ફરી ઉચ્ચરવાં જોઈએ અને પૂર્વે ન લીધાં હોય તો અત્યારે નવાં લેવાં જોઈએ.

## સર્વ જીવ-ક્ષમાપના

પૃથ્વીકાયાદિ ચોરાશી લાખ જીવયોનિમાં રહેલા જીવોના

જે અપરાધો કર્યા હોય, તેને ખમાવવા જોઈએ તથા તે જીવોએ કરેલા અપરાધોને ખમવા જોઈએ. પૂર્વે બંધાયેલાં વૈરોને દૂર કરીને સર્વ જીવોની સાથે હૃદયથી મૈત્રી ચિન્તવવી જોઇએ.

**ચતુઃશરણગમન**

(૧) **અરિહંત ભગવંતોનું શરણ**–ચારનું શરણ સ્વીકારવું જોઈએ. જેમ કે, ચોત્રીશ અતિશયોથી યુક્ત, કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે જગતના ભાવોને જાણવા અને જોવાવાળા તથા દેવરચિત સમવસરણમાં બેસીને ધર્મોપદેશ આપવાવાળા, ઘાતિ કર્મથી મુક્ત, આઠ પ્રતિહાર્યોની શોભાથી યુક્ત તથા આઠ પ્રકારનાં મદસ્થાનોથી રહિત, સંસારરૂપી ક્ષેત્રમાં જેમનું ફરી ઊગવું નથી, ભાવશત્રુઓનો નાશ કરવાથી જેઓ અરિહંત બન્યા છે તથા ત્રણ જગતને જેઓ પૂજનીય છે, તે શ્રી અરિહંતોનું મને શરણ હોજો.

(૨) **સિદ્ધભગવંતોનું શરણ**–ભયંકર દુઃખની લાખો લહરીઓથી યુક્ત હોવાથી, દુઃખે તરી શકાય એવા સંસારસમુદ્રને જેઓ તરી ગયા છે અને જેઓને સિદ્ધિ–સુખની સંપ્રાપ્તિ થઈ છે, તપરૂપી મુદ્ગરથી જેમણે કર્મરૂપી બેડીઓ તોડી નાખી છે, ધ્યાનરૂપી અગ્નિના સંયોગથી જેમણે સઘળો કર્મમળ બાળી નાખ્યો છે, જેમને જન્મ નથી, જરા નથી, મરણ નથી, ચિત્તનો ઉદ્વેગ નથી કે ક્રોધાદિક કષાય નથી, તેવા સુવર્ણ સમાન નિર્મળ શ્રી સિદ્ધોનું મને શરણ હોજો.

(૩) **સાધુ ભગવંતોનું શરણ**–બેંતાલીસ દોષરહિત ભીક્ષા અંગીકાર કરનારા, પાંચે ઇન્દ્રિયોને વશ કરવામાં

તત્પર, કામદેવના માનને તોડનારા, બ્રહ્મવ્રતને ધારણ કરનારા, પાંચ સમિતિઓથી સમિત, ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, મહાવ્રતોરૂપી મેરુનો ભાર વહન કરવાને વૃષભ સમાન, મુક્તિ રમણીના અનુરાગી, સર્વસંગના પરિત્યાગી, તૃણ–મણિ અને શત્રુ–મિત્રને સમાનપણે જોનારા, મોક્ષના સાધક અને ધીર એવા મુનિવરોનું મને શરણ હોજો.

**(૪) સર્વજ્ઞ કથિત ધર્મનું શરણ** ક્રોડો–કલ્યાણને ઉત્પન્ન કરનારી તથા સર્વ પ્રકારના અનર્થોની રચનાનો નાશ કરનારી જીવદયા જેનું મૂળ છે, તથા જે જગતના સર્વ જીવોને હિતકર છે, કેવળજ્ઞાન વડે સૂર્ય સમાન દેવાધિદેવ ત્રિલોકનાથ શ્રી તીર્થંકરદેવો વડે પ્રકાશિત છે, પાપના ભારથી ભારે થયેલા જીવોને કુગતિરૂપી ઊંડી ગર્તામાં પડતાં ધારણ કરી રાખનાર છે, સ્વર્ગ અને અપવર્ગના માર્ગમાં સાર્થવાહતુલ્ય છે અને સંસારરૂપી અટવીનું ઉલ્લંઘન કરાવી આપવા માટે સમર્થ છે, એવા શ્રી સર્વજ્ઞભાષિત ધર્મનું મને શરણ હોજો.

**દુષ્કૃત–ગર્હા**

આ પ્રમાણે ચાર પ્રકારના શરણને સ્વીકારી એ ચારની સાક્ષીએ જ પોતાનાં દુષ્કૃતોની નિન્દા કરવી જોઈએ. જેમ કે, મિથ્યાત્વથી મોહિત બનીને ભવમાં ભટકતાં મેં આજ સુધી મન, વચન કે કાયાથી જેટલાં કુમતનાં સેવન કર્યાં હોય, તે સર્વની નિન્દા કરું છું. શ્રી જિનમાર્ગને પાછો પાડ્યો હોય કે અસત્ય માર્ગને આગળ કર્યો હોય અને બીજાઓને પાપના કારણભૂત બન્યો હોઉં, તે સર્વની હું હવે નિન્દા કરું છું.

જંતુઓને ત્રાસ આપનાર હળ, મૂસળ આદિ અધિકરણો મેં કરાવ્યાં હોય અને પાપી કુટુંબોનાં પોષણ કર્યાં હોય, તે સર્વની હમણાં હું નિન્દા કરું છું,

**સુકૃતાનુમોદના**

સ્વ-પરનાં સુકૃતોની અનુમોદના કરવી જોઈએ. જેમ કે, શ્રી જિનભુવન, શ્રી જિનાગમ અને શ્રી ચતુર્વિધ સંઘ-એ ઉત્તમ પ્રકારનાં સાતે ક્ષેત્રોમાં જે ધનબીજ મેં વાવ્યું હોય અગર મન, વચન, કાયાથી તેની ભક્તિ કરી હોય, તે સુકૃતની હું વારંવાર અનુમોદના કરું છું. આ સંસારરૂપી સમુદ્રમાં જહાજ સમાન રત્નત્રયીનું સમ્યગ્ રીતિએ જે આસેવન મારાથી થયું હોય, તે સર્વ સુકૃતનું હું અનુમોદન કરું છું. શ્રી અરિહંત, શ્રી સિદ્ધ, શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય, શ્રી સાધુ અને શ્રી સિદ્ધાન્તને વિષે મેં જે બહુમાન કર્યું હોય; તેની અનુમોદના કરું છું. સામાયિક, ચતુર્વિંશતિસ્તવ આદિ ષડાવશ્યકમાં મેં જે કાંઈ ઉદ્યમ કર્યો હોય, તે સુકૃતની અનુમોદના કરું છું.

**શુભ ભાવ**

મરણ સમયે શુભ ભાવ લાવવા પ્રયત્ન કરવો જોઈએ. જેમ કે, આ જગતમાં પૂર્વે કરેલાં પુણ્ય અને પાપ એ જ સુખ-દુઃખનાં કારણો છે.

સુખ-દુઃખનું કારણ બીજું કોઈ નથી, પૂર્વે બાંધેલાં કર્મોનો ભોગવટો કર્યા સિવાય છૂટકો જ નથી. નરકમાં નારકીપણે આ આત્માએ તીવ્ર કલેશોનો અનુભવ કર્યો છે.

તે વખતે તેને કોઈ સહાયભૂત બન્યું નથી. આવા આવા પ્રકારનાં શુભ ચિંતન દ્વારા શુભ ભાવ લાવવા પ્રયત્ન કરવો, કેમ કે, શુભ ભાવ વિના ચારિત્ર, શ્રુત, તપ, શીલ, દાન આદિ સર્વ ક્રિયાઓ કુસુમની જેમ નિષ્ફળ બને છે.

## અનશનનો સ્વીકાર

અંત સમયે ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો અને વિચારવું જોઈએ કે 'આ જીવે આજ સુધી મેરુપર્વતના સમૂહથી પણ અધિક આહાર ખાધો છતાં તૃપ્તિ થઈ નથી, માટે ચતુર્વિધ આહારનો સ્વેચ્છાએ ત્યાગ કરવો એ જ હિતકર છે.' દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક, એ ચારે ગતિઓમાં આહાર સુલભ છે, પણ એની વિરતિ અત્યંત દુર્લભ છે, એમ સમજી ચારે આહારનો ત્યાગ કરવો. જીવ-સમુદાયના વધ સિવાય આહાર તૈયાર થતો નથી. તેથી ભવભ્રમણના કારણભૂત જીવવધથી વિરામ કરાવનાર ચતુર્વિધ આહારનો ત્યાગ કરવો. જે આહારનો સકામપણે ત્યાગ કરવાથી દેવોના આધિપત્યવાળું ઇન્દ્રપણું પણ સ્વાધીન થાય છે અને અત્યંત દૂર એવા મોક્ષનું સુખ પણ નિકટ આવે છે, તેથી ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો.

## શ્રી નમસ્કારમંત્ર

અન્તિમ આરાધના માટે છેલ્લું અને દશમું કૃત્ય શ્રી નમસ્કારમહામંત્રનું સ્મરણ છે. તે મંત્રને અંત સમયે અવશ્ય સ્મરવો જોઇએ. પાપ પરાયણ જીવને પણ અંત સમયે તે પ્રાપ્ત થઈ જાય, તો તેની ગતિને સુધારી નાંખે છે. દેવપણું અગર ઉત્તમ કોટિનું મનુષ્યપણું પ્રાપ્ત કરાવે છે. સ્ત્રીઓ

મળવી સુલભ છે, રાજ્ય મળવું સુલભ છે, દેવપણું મળવું સુલભ છે, પણ નમસ્કાર મહામંત્રની પ્રાપ્તિ થવી દુર્લભ છે. એક ભવમાંથી બીજા ભવમાં જતી વખતે શ્રી નવકારમંત્રની સહાયથી પ્રાણીઓ મનોવાંછિત સુખોને પામે છે. જે શ્રી નવકારમંત્રની પ્રાપ્તિથી ભવરૂપીસમુદ્ર પણ ગાયની ખરી જેટલો થઈ જાય છે તથા જે મોક્ષસુખના સત્યંકાર (કોલ) સમાન છે, તે શ્રી નવકારમંત્રનું અંત સમયે મનની અંદર વારંવાર સ્મરણ કરવું જોઈએ.

પૂર્વે શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારમંત્રનું સ્મરણ કરવામાં તત્પર એવો શ્રી રાજસિંહકુમાર મરણ પાંમીને પાચમા દેવલોકમાં ઇન્દ્રપણું પામ્યો અને તેની સ્ત્રી રત્નવતી પણ તે જ પ્રકારે નમસ્કાર મહામંત્રને આરાધીને પાંચમા કલ્પને વિષે સામાનિક દેવપણું પામી, ત્યાંથી ચ્યવી બંને મોક્ષે જશે. એ રીતે શ્રી નમસ્કારમંત્ર જન્માંતર જતાં પ્રાપ્ત થઈ જાય, તો પાપનો નાશ કરી દેવગતિ આદિ ઉત્તમ પદોને આપનાર થાય છે, તેથી અંત સમયે તેનું એકચિત્તે આરાધન કરવું જોઈએ. એ રીતે અંતિમ આરાધનાને સારી રીતે આરાધી મરણ પામનાર આત્મા ભવનો શીઘ્ર અંત કરે છે. ભવનો અંત કરવો–એ જ શ્રી જિનશાસને દર્શાવેલી આરાધનાનું એક પરમ ધ્યેય છે, કારણ કે, એ વિના આત્માને સત્ય સુખની પ્રાપ્તિ થતી નથી.

## શ્રાવક કેવા સ્થાનમાં વસે ?

શ્રાવકનું શેષ કર્તવ્ય દર્શાવતાં શાસ્ત્રોમાં ફરમાવ્યું છે, કે શ્રાવકે તેવા નગરાદિકમાં વસવું જોઈએ, કે જ્યાં સાધુ-

ઓનું આવાગમન હોય, શ્રી જિનચૈત્યો હોય અને સમાન-ધર્મી શ્રાવકોનો નિવાસ હોય.

સાધુઓના આવાગમનથી વન્દનાદિકનો લાભ મળે, સાધુઓની વંદનાથી પાપ નાશ પામે, સાધુઓને મુખે ધર્મનું શ્રવણ કરવાથી શ્રદ્ધા નિશ્ચળ બને તથા સાધુઓને પ્રાસુક અન્નાદિના દાનથી નિર્જરા અને સમ્યગ્જ્ઞાનાદિની પ્રાપ્તિ થાય.

ચૈત્યોને વન્દનાદિ કરવાથી મિથ્યાત્વ નાશ પામે, સમ્યગ્-દર્શનની વિશુદ્ધિ થાય અને પૂજાદિક મહોત્સવો વડે શાસનની પ્રભાવના થાય.

સાધર્મિકોના સહવાસથી ધર્મમાં સ્થિરીકરણ થાય, શાસનના સારતુલ્ય સાધર્મિક વાત્સલ્યનો લાભ મળે તથા પરસ્પર માર્ગસહાયાદિકથી ધર્મની વૃદ્ધિ થાય.

**શ્રાવકનું દિનકૃત્ય**

હવે 'શ્રાવકનું પ્રતિદિન શું કર્તવ્ય હોય?' તે બતાવે છે. શ્રાવક નવકાર મહામંત્રના સ્મરણપૂર્વક જાગ્રત થાય એટલે, નિદ્રામાંથી જાગ્રત થતાં સૌથી પ્રથમ શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરે. તે પછી પોતે અંગીકાર કરેલાં વ્રતાદિકનું સ્મરણ કરે. ત્યાર બાદ આવશ્યાકાદિ ક્રિયા કરે. તે પછી શરીરચિન્તાદિ કરીને ગૃહમંદિરમાં જાય. ત્યાં ચૈત્યવંદન કરે. ત્યાર બાદ માતાપિતાદિ વડીલોને નમસ્કાર કરે તથા વિધિપૂર્વક પ્રત્યાખ્યાન અંગીકાર કરે.

પછી પંચવિધિ અભિગમન સાચવવાપૂર્વક ચૈત્યગૃહમાં જાય અને પુષ્પાદિ વડે શ્રી અરિહંતની પ્રતિમાઓનું દ્રવ્ય-

ભાવ પૂજન કરે. ત્યાર બાદ, ગુરુ પાસે જાય અને સ્વયં અંગીકાર કરેલ પ્રત્યાખ્યાનને ગુરુસાક્ષીએ ફરી ગ્રહણ કરે. ગુરુમુખે આગમનું શ્રવણ કરે. સાધુઓના સંયમ અને શરીરની પૃચ્છા કરે અને ગ્લાનાદિકને માટે ઔષધાદિની વ્યાવસ્થા કરે.

ત્યાર બાદ ઉપવાસાદિ ન હોય, તો ભોજન કરે. ત્યાર બાદ ઉચિત કાળે કર્માદાનાદિથી રહિત, અલ્પપાપયુક્ત પ્રવૃત્તિવાળો વ્યાપાર કરે. ત્યાર બાદ સાયંકાળનું પ્રત્યાખ્યાન કરે, ચૈત્યગૃહે જાય અને ધૂપ, દીપ તથા વંદન, સત્કારાદિ વડે શ્રી અરિહંતનાં ચૈત્યોની ભક્તિ કરે.

ત્યાદ બાદ સાધુઓ પાસે જાય, ત્યાં આવશ્યકાદિ ક્રિયા કરે, આવશ્યકાદિ ક્રિયા કર્યા બાદ, આખો દિવસ સ્વાધ્યાયાદિ કરીને શ્રાન્ત થયેલા સાધુઓની વિશ્રામણા કરે અને તેમના શરીરખેદને દૂર કરે, ત્યાર બાદ શ્રી નમસ્કારાદિકનું ચિન્તવન કરે આદિ શબ્દથી પઠન કરેલા પ્રકરણાદિનું ચિન્તવન કરે અને આત્માની સાથે એકમેક બનાવે.

તે પછી ઘેર જઈને દેવગુર્વાદિને મનને વિષે ધારણ કરીને સૂઇ જાય. ઉત્સર્ગથી અબ્રહ્મની વિરતિ કરે, મોહની નિન્દા કરે અને સ્ત્રીશરીરના જુગુપ્સનીય સ્વરૂપનું વારંવાર ચિન્તવન કરે. અબ્રહ્મથી વિરામ પામેલા યતિ પુરુષોનું હૃદયથી બહુમાન કરે. રાત્રિએ નિદ્રા ચાલી જાય ત્યારે આત્મા, કર્મ, પરલોક આદિ સૂક્ષ્મ પદાર્થોની ચિન્તવના કરે. પ્રતિક્ષણ થતા આયુષ્યના ક્ષયનો વિચાર કરે. પ્રાણવધાદિ અસદાચરણોથી થતા નરકાદિ દુષ્ટ વિપાકોનું ચિંતવન કરે અને થોડા કાળમાં ઘણો લાભ આપનાર ધર્માનુષ્ઠાનથી

થતાં વિવિધ પ્રકારનાં (કર્મનિર્જરા, પુણ્યોપાર્જનાદિ) ફળોનો વિચાર કરે અથવા જે જે દોષ આત્માને બાધક હોય, તે તે દોષના પ્રતિપક્ષી સદ્દ્ગુણોનું વારંવાર ચિન્તવન કરે, વગેરે ચિન્તવના કરવાથી આત્મામાં સંવેગરસનો ઉદ્દ્ભવ થાય છે અને મોક્ષસુખનો અનુરાગ પેદા થાય છે.

## સુંદર પ્રશ્નોત્તર

પ્રશ્ન : किं दानं ? किं स्नानं ? किं ध्यानं ? किं ज्ञानं ?

દાન–સ્નાન–ધ્યાન અને જ્ઞાન સાચું કયું ?

ઉત્તર :

स्नानं मनोमलत्यागो, दानं चाभयदक्षिणा ।
ज्ञानं तत्त्वार्थसंबोधो, ध्यानं निर्विषयं मनः ॥१॥

મનના મેલનો ત્યાગ કરવો તે જ સાચું સ્નાન છે, મરતા જીવોને અભયદાન આપવું એ જ સાચું દાન છે, તાત્ત્વિક પદાર્થોનો બોધ થવો તે જ સાચું જ્ઞાન છે, અને વિકાર વિનાનું નિર્મળ મન એ જ સાચુ ધ્યાન છે.

## મૂળનો અનુવાદ

**શ્રી વીર** જિનેશ્વરને પ્રણામ કરી **રાજગૃહ** નગરને વિષે શ્રી **અભયકુમારના** પૂછવાથી જગદગુરુ શ્રી વીર ભગવાને 'શ્રાદ્ધવિધિ' અર્થાત્ 'શ્રાવકોની સામાચારી' જે રીતે કહી, તેને હું શ્રુતાનુસારે કિંચિત્ કહું છું. ૧

શ્રાદ્ધજનના અનુગ્રહને માટે દિનકૃત્ય, રાત્રિકૃત્ય, પર્વકૃત્ય, ચાતુર્માસકૃત્ય, સાંવત્સરિકકૃત્ય અને જન્મકૃત્ય-એ છ દ્વારો (શ્રાદ્ધવિધિ) નામના આ ગ્રંથ વડે કહેવાય છે. ૨

ભદ્રક-પ્રકૃતિ (અરક્તદ્વિષ્ટ), વિશેષ-નિપુણ મતિ (વિશેષજ્ઞ), ન્યાય-માર્ગ-રતિ (પાપભીરુ) તથા દૃઢ નિજ-વચન-સ્થિતિ (દૃઢપ્રતિજ્ઞ), એ ચાર ગુણને ધારણ કરનારો પુરુષ શ્રાવકપણાને યોગ્ય છે. ૩

નામાદિ ચાર પ્રકારના શ્રાવક છે, તેમાં અહીં ભાવથી શ્રાવકનો અધિકાર છે. સમ્યગ્દર્શનને ધારણ કરવા વડે, વ્રતોને ધારણ કરવા વડે તથા પ્રતિમાપાલનાદિ ઉત્તર ગુણોને ધારણ કરવા વડે, શ્રાવકના ત્રણ પ્રકાર છે.

નવકારના સ્મરણપૂર્વક જાગૃત થયેલો શ્રાવક સ્વકુલ, સ્વધર્મ, સ્વનિયમાદિને યાદ કરે, પ્રતિક્રમણ કરી, પવિત્ર થઈ, ગૃહ-જિનમંદિરની પૂજા કરી, પ્રત્યાખ્યાન કરે. ૫

ઉચિત ચિન્તામાં રક્ત એવો શ્રાવક શ્રી જિનગૃહમાં

જઇ, વિધિપૂર્વક શ્રી જિનની અર્ચના કરે. ત્યાર બાદ દઢ પંચાચારને પાળનારા ગુરુ પાસે જઈ પચ્ચક્ખાણને કરે. ૬

ત્યાર બાદ સ્વધર્મનું પાલન થાય, એ રીતે વ્યવહાર-શુદ્ધિપૂર્વક દેશવિરુ આદિનો ત્યાગ કરવાપૂર્વક અને (માતા-પિતા-પૂજનાદિ) ઉચિત વૃત્તિનું પાલન કરવાપૂર્વક અર્થ-ચિન્તા (ધનોપાર્જન કરવા) માટે ઉદ્યમ કરે. ૭

મધ્યાહ્ને શ્રી જિનપૂજા, સુપાત્રાદિને દાન તથા ભોજન કરીને પચ્ચખ્ખાણ કરે અને ગીતાર્થની પાસે જઈ સ્વાધ્યાય કરે. ૮

સંધ્યા સમયે ફરીથી અનુક્રમે શ્રી જિનપૂજન, પ્રતિક્રમણ, મુનિઓનું વિશ્રામણ (ભક્તિ) તથા વિધિપૂર્વક આત્મ-ધ્યાન (સ્વાધ્યાય) કરે. ત્યાર બાદ ઘરે ગયેલો તે (સ્વજનોને) ધર્મ કહે. ૯

પ્રાયઃ અબ્રહ્મ (મૈથુનસેવન)થી વિરત એવો શ્રાવક અવસરે અલ્પ નિદ્રાને કરે. નિદ્રાનો ઉપશમ થયે છતે (નિદ્રા ઊડી જાય ત્યારે) સ્ત્રીશરીરની અશુચિતા વગેરેનું ચિંતવન કરે. ૧૦

પર્વદિવસોને વિષે તથા આશ્વિન અને ચૈત્ર માસની અઠ્ઠાઇ વગેરેને વિષે પૌષધ, બ્રહ્મચર્ય, આરંભ-વર્જન, તપશ્ચરણ આદિ અનુષ્ઠાનોને વિશેષે કરે. ૧૧

પ્રતિચાતુર્માસે (પૂજા-દાનાદિ) સમુચિત નિયમોનું ગ્રહણ કરે તથા વર્ષા ઋતુમાં (સચિત્તત્યાગ-આરંભવર્જનાદિ) સવિશેષ નિયમોનું ગ્રહણ કરે. પ્રતિવર્ષ શ્રી સંઘાર્ચન, શ્રી

સાધર્મિકભક્તિ, શ્રી સ્નાત્ર–મહોત્સવ, શ્રી જિનદ્રવ્યવૃદ્ધિ, શ્રી મહાપૂજા, શ્રી ધર્મજાગરિકા, શ્રી શ્રુતપૂજા, શ્રી ઉદ્યાપન મહોત્સવ, શ્રી તીર્થશાસનપ્રભાવના તથા પાપશુદ્ધિ કરે. ૧૨–૧૩

જન્મકૃત્ય અનેક પ્રકારનાં છે. ત્રિવર્ગની સિદ્ધિ માટે (૧) ઉચિત નિવાસસ્થાન કરાવવું. (૨) ઉચિત વિદ્યાને ગ્રહણ કરવી. (૩) ઉચિત રીતિએ પાણિગ્રહણ કરવું. (૪) ઉચિત મિત્રાદિક કરવાં. (૫) શ્રી જિન ચૈત્ય કરાવવું. (૬) શ્રી જિનપ્રતિમા ભરાવવી. (૭) શ્રી જિનબિમ્બની પ્રતિષ્ઠા કરવી. (૮) પુત્રાદિની પ્રવ્રાજના (દીક્ષા) ઉજવવી. (૯) (આચાર્યાદિ) પદપ્રદાનનો મહોત્સવ કરવો. (૧૦) પુસ્તક લખાવવું તથા પ્રચારવું. (૧૧) પૌષધશાળા આદિને કરાવવી. (૧૨) આ જન્મ સમ્યક્ત્વ પાળવું. (૧૩) યથાશક્તિ વ્રત પાળવાં (૧૪) અથવા દીક્ષા ગ્રહણ કરવી. (૧૫) આરંભનો ત્યાગ કરવો. (૧૬) બ્રહ્મચર્ય પાળવું. (૧૭) શ્રાવકની પ્રતિમા વહવી તથા અંતિમ આરાધના કરવી. ૧૪–૧૫–૧૬

જે ગૃહસ્થો ગૃહસ્થધર્મના આ વિધિને પ્રતિદિવસ નિર્વહન કરે છે, તે ગૃહસ્થો નિશ્ચે આ ભવ, પરભવનાં સુખોને તથા નિવૃત્તિ (મુક્તિ)નાં સુખોને શીઘ્ર મેળવે છે. ૧૭

[ જૈનો પરમેશ્વરને માને છે, પરન્તુ પૃથ્વી, પાણી, પર્વત, નદી, હવા, પ્રકાશ કે સૂર્ય, ચંદ્ર આદિ ભૌતિક પદાર્થોની સિદ્ધિ માટે નહિ, કિન્તુ આત્મિક ઉન્નતિના સાધનભૂત અહિંસા, સંયમ અને તપસ્વરૂપ સદ્ધર્મની પ્રેરણા અને સિદ્ધિ માટે માને છે. સ્વર્ગ અને મોક્ષ આદિ પદાર્થો સ્વયંસિદ્ધ છે. જીવોને તેની પ્રાપ્તિ કરાવનાર કોઈ પણ હોય તો તે અહિંસા, સંયમ અને તપસ્વરૂપ નિર્મળ–ધર્મનું શુદ્ધ પાલન જ છે. એ સદ્ધર્મના આદ્ય પ્રવર્તકો અને આદ્ય ઉપદેશકો તરીકે જૈનો પરમેશ્વરને પૂજે છે. જગતના જીવો અનાદિ કાળથી અજ્ઞાન–સમુદ્રમાં ડૂબેલા છે અને એ અજ્ઞાનના પ્રતાપે પોતાના હિતાહિતને સમજી શકતા નથી. તેવા અજ્ઞાન જીવોને તેમનું હિતાહિત સમજાવનાર તથા અહિતનો માર્ગ છોડાવીને હિતના માર્ગે ચઢાવનાર પરમ ગુરુ તરીકેનું સ્થાન જૈનોના પરમેશ્વરને ઘટે છે. તેમને તીર્થંકર, આદ્યગુરુ કે જગદ્ગુરુ તરીકે પણ ઓળખવામાં આવે છે. સદ્ધર્મની દેશના દ્વારા તેઓ જગતને કેવી રીતે ઉપકાર કરનારા થાય છે તથા તેમના નામમાત્રની ઉપાસના કરનારનું પણ તેઓ કેવી રીતે કલ્યાણ કરનારા થાય છે, તેનું તર્કશુદ્ધ અને બુદ્ધિગમ્ય કિંચિત્ આલેખન હવે પછીના લેખમાં છે.]

# તીર્થંકરોના નામનો મંગળ જાપ

नामाकृतिद्रव्यभावैः पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ॥

"નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ વડે ત્રણે જગતના જીવોને પવિત્ર કરતા એવા સર્વ ક્ષેત્ર અને સર્વ કાળમાં રહેલા અર્હંતોની અમે સમ્યક્‌પ્રકારે ઉપાસના કરીએ છીએ."

આ દુનિયામાં બે પ્રકારના જીવો હોય છે. કેટલાક સ્વપરનું હિત કરનારાઃ કેટલાક સ્વ-પરનું અહિત કરનાર. સ્વ-પરનું હિત કરનારાઓમાં વિતરાગદેવ તથા નિર્ગ્રન્થ ગુરુઓનું અગ્રપદ આવે છે. સુદર્શન કે સુમતના પ્રણેતાઓ સુતીર્થિકો ગણાય છે.

સુદર્શનના પ્રણેતા વિતરાગદેવના માર્ગે ચાલનાર નિર્ગ્રન્થ ગુરુઓ સમ્યક્‌જ્ઞાનના બળે સદ્‌ગ્રન્થોની રચનાઓ કરે છે અને તેમાં સુતર્કો અને સુસિદ્ધાન્તોનું પ્રતિપાદન કરે છે.

મોહથી ગ્રસ્ત જીવો અનેક પ્રકારનાં કુતર્કો તથા કુવિકલ્પોને આ વિશ્વમાં ફેલાવે છે અને તેમાંથી અનેક પ્રકારના મિથ્યાવાદો ઉત્પન્ન થાય છે, કે જે વસ્તુસ્થિતિથી અને વિશ્વના વાસ્તવિક હિતથી સર્વથા વિરોધી હોય છે.

કાર્યાકાર્ય, ભક્ષ્યાભક્ષ્ય કે પેયાપેય સંબંધી ભિન્ન ભિન્ન પ્રકારોની માન્યતાઓ અને મતો આ વિશ્વમાં પ્રચલિત છે, તેનું પણ તે જ કારણ છે. એથી પણ આગળ વધીને આત્મા નથી, સર્વજ્ઞ નથી, મોક્ષમાર્ગ નથી-ઈત્યાદિ જે વસ્તુઓનું

પોતાને જ્ઞાન નથી, તે વસ્તુઓનો નિષેધ પ્રચલિત થાય છે,* અને તેમાંથી હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહાદિ પાપોને ઉત્તેજન મળે છે. માંસ-મદિરાદિ અભક્ષ્ય અને વર્જ્ય વસ્તુઓનું સેવન થાય છે. સન્માર્ગની નિન્દા અને ઉન્માર્ગની પ્રશંસા થાય છે. વંદનીયનો વિરોધ અને અવન્દનીયનો ઉત્કર્ષ કરાય છે. ટૂંકમાં, સમગ્ર પાપોનું નિર્ભિકૂપણે આચરણ અને સેવન વધે છે. એ બધું કુવિલ્પોનું પરિણામ છે. કુવિકલ્પોના સંપાદક કુતર્કો છે. કુતર્કોનો સંપાદક અનાદિનો મોહ છે-મોહગ્રસ્ત જીવો આ કાર્ય કરતા રહે છે.

તીર્થંકર, ગણધરો કે જેઓ લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન અને કેવળદર્શનના બળે વિશ્વની વસ્તુસ્થિતિને પ્રકાશિત કરનારા સત્સિદ્ધાન્તોનું નિરૂપણ કરે છે. તેમાંથી સદ્ગ્રન્થો રચાય છે. સદગ્રન્થોમાં સુયુક્તિઓ ગુંથાય છે. સુયુક્તિઓના બળે સુવિકલ્પો ફેલાય છે. જેમાંથી ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, કાર્યાકાર્ય આદિની હિતકર નીતિઓ પ્રચલિત થાય છે. આત્મા, સર્વજ્ઞ, મોક્ષમાર્ગ આદિ પ્રમાણસિદ્ધ પદાર્થોનું સ્થાપન થાય છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્યાદિ ધર્મો

* આત્મા, સર્વજ્ઞ, મોક્ષ કે મોક્ષમાર્ગ નથી એવું પ્રતિપાદન સર્વજ્ઞ હોય તે જ કરી શકે, અસર્વજ્ઞ કેવી રીતે કરી શકે ? સમગ્ર વિશ્વમાં એટલે ત્રિકાલ અને ત્રિલોકમાં અમુક વસ્તુ નથી, એવું પ્રતિપાદન કરવાનો અધિકાર જેને સમગ્ર લોકના એક અંશનું પણ પુરું જ્ઞાન નથી, તેને ન્યાયની રીતિએ પ્રાપ્ત કેમ થઈ શકે ? ઓછામાં ઓછું જે પદાર્થો વિદ્યમાન આગમ, અનુમાન અને અનુભવ આદિ પ્રમાણોથી સિદ્ધ થતા હોય, તે પદાર્થો માટે તો ન જ હોઇ શકે.

પ્રતિષ્ઠિત થાય છે. સન્માર્ગની પ્રશંસા અને ઉન્માર્ગની ઉપેક્ષા થાય છે. વન્દનીયની વંદના અને પૂજનીયની પૂજાઓ પ્રચલિત થાય છે. પાપકર્મો અટકે છે અને પુણ્યકર્મો વધે છે, એ બધું સદ્વિકલ્પો અને સદ્વિચારોની પ્રેરક સુયુક્તિઓ છે. સુયુક્તિઓના સંપાદક સુગ્રન્થો છે અને સુગ્રન્થોના પ્રણેતા સુતીર્થિકો છે.

તીર્થંકરો અને ગણધરો સુતીર્થના પ્રણેતા કહેવાય છે. જેનાથી હિત, સુખ, ગુણ, અભય, કીર્તિ, યશ, નિવૃત્તિ, સમાધિ આદિ થાય, તે 'તીર્થ' કહેવાય છે. તે તીર્થ દ્વાદશાંગીસ્વરૂપ છે. તેને અર્થથી કહેનારા તીર્થંકર છે અને સૂત્રથી ગૂંથનારા પ્રથમ ગણધર છે. તેને ધારણ કરનાર શ્રમણ સંઘ છે. તેથી દ્વાદશાંગી, પ્રથમ ગણધર અને શ્રમણ સંઘને પણ તીર્થ કહેવાય છે. માગધ, વરદામ અને પ્રભાસાદિ દ્રવ્ય તીર્થ (જલ)ના સેવનથી જેમ દાહોપશમ,[1] તૃષોચ્છેદ,[2] અને મલક્ષાલનાદિ[3] થાય છે, તેમ તીર્થંકર–ગણધરના પ્રવચન-સ્વરૂપ દ્વાદશાંગી રૂપી ભાવતીર્થના સેવનથી ભાવદાહનો ઉપશમ, ભાવતૃષાનો છેદ અને ભાવમલનું ક્ષાલન થાય છે. ક્રોધ–કષાય એ ભાવદાહ છે. વિષયતૃષ્ણા એ ભાવતૃષા છે અને બહુ–ભવ–સંચિત–કર્મરજ, એ ભાવમલ છે. દ્વાદશાંગી પ્રવચનના સતત અભ્યાસથી અને તેમાં રહેલા અર્થોના વારંવાર અનુષ્ઠાનથી ક્રોધરૂપી દાહનો ઉપશમ થાય છે. વિષયાભિલાષરૂપી તૃષાનો છેદ થાય છે અને કર્મરજરૂપી મલનું પ્રક્ષાલન થાય છે.

---

૧. ઉષ્ણતાનું શમી જવું. ૨. તૃષાનું છેદાઈ જવું. ૩ મેલનું ધોવાઈ જવું.

દર્શન, જ્ઞાન અને ચારિત્રને પણ તીર્થ કહેવાય છે. દર્શન એટલે જીવાજીવાદિ પદાર્થો ઉપર શ્રદ્ધા, તેથી ક્રોધ–દ્વેષાદિ વૃત્તિઓનો નિગ્રહ થાય છે. જીવાજીવાદિ પદાર્થોના જ્ઞાનથી લોભ–તૃષ્ણાદિ વૃત્તિઓનો નાશ થાય છે. અને અત્યન્ત–અનવદ્ય-ચરણ-કરણાત્મક ક્રિયા–કલાપના પાલનસ્વરૂપ ચારિત્રથી કર્મ અને પાપાદિ અશુભ પ્રકૃતિઓનો ક્ષય થાય છે. શ્રી જિનપ્રવચનરૂપી તીર્થ એ અત્યંત અનવદ્ય અને અન્ય (મિથ્યાદૃષ્ટિ વડે) અવિજ્ઞાત એવી ચરણ–સિત્તરી[1] અને કરણ સિત્તરી[2] સ્વરૂપ ક્રિયાઓનો આધાર છે, તથા સકલ જીવાજીવાદિ સત્ય પદાર્થોના સમૂહનું પ્રતિપાદક છે. એ કારણે તે અચિન્ત્ય શક્તિથી યુક્ત છે અને ત્રણ લોકમાં રહેલા ઉજ્જવલ ધર્મ સંપત્‌થી યુક્ત એવા મહાપુરુષોના આશ્રયરૂપ છે. એ તીર્થને અર્થથી પ્રરૂપનાર તીર્થંકર છે, તેથી તીર્થંકર એ જગતને હિત કરનારા, સુખ કરનારા અને ગુણ કરનારા ઇત્યાદિ તરીકે પ્રસિદ્ધ છે.

તીર્થંકરોનું તીર્થ અવિસંવાદિ હોવાથી જો અચિન્ત્ય પ્રભાવ અને શક્તિથી યુક્ત હોય, તો પછી તેવા અવિસંવાદિ તીર્થને સ્થાપન કરનારા, સ્વયં પ્રરૂપનારા, સૌથી પ્રથમ અર્થથી કહેનારા તીર્થંકરોનો પ્રભાવ અને સામર્થ્ય અચિન્ત્ય હોય એમાં શંકા જ શી ? અચિન્ત્ય પ્રભાવયુક્ત તીર્થના આસેવનથી જેમ ભાવદાહોપશમાદિ કાર્યો સિદ્ધ થાય છે, તેમ અચિન્ત્ય પ્રભાવસંપન્ન તીર્થંકરોના આસેવનથી પણ તે કાર્યો સિદ્ધ થાય જ છે. તીર્થંકરોનું આસેવન એટલે તેમનાં નામનો મંગળ જાપ, તેમનાં સ્વરૂપનું પવિત્ર

૧. સીત્તેર પ્રકારના મૂળ ગુણો. ૨. સીત્તેર પ્રકારના ઉત્તર ગુણો.

દર્શન, તેમના ચારિત્રનું ઉત્તમ શ્રવણ અને તેમના ઉપદેશનું સક્રિય પાલન-એ ચાર રીતને છોડીને બીજી કોઈ પણ રીતે તીર્થંકરોનું આસેવન શક્ય નથી. બીજી જે કોઈ રીતો છે, તે એ ચારમાં એક યા બીજા પ્રકારે સમાવેશ પામી જાય છે.

તીર્થંકરોનાં તીર્થનું જ્ઞાન, શ્રદ્ધાન કે આચરણ પ્રાપ્ત કરવા માટે પણ તીર્થંકરોના નામ, રૂપ, ચરિત્ર કે ઉપદેશનો આશ્રય લેવાની જરૂર છે. જેટલી ભક્તિ તીર્થંકર ઉપર, તેટલી જ ભક્તિ તીર્થ ઉપર અને જેટલી ભક્તિ તીર્થ ઉપર, તેટલી જ ભક્તિ તીર્થંકર ઉપર થવી જોઈએ. તીર્થ અને તીર્થંકરને પિતા-પુત્રનો સંબંધ છે. અવિસંવાદિ, સત્ય, અને એ કારણે, અચિન્ત્ય પ્રભાવસંપન્ન તીર્થ, એ જગતના પિતાને સ્થાને છે અને તીર્થંકર એ પિતાના પિતા (પિતામહ)ના સ્થાને છે. જગતનું પાલન, પોષણ, અને ધારણ તીર્થથી થાય છે અને તીર્થનું પાલન પોષણ અને ધારણ તીર્થંકરથી થાય છે; તેથી તીર્થંકરનો પ્રભાવ એ દૃષ્ટિએ તીર્થથી ઘણો વધી જાય છે. અને તીર્થંકર પોતાના નામ, રૂપ, ચારિત્ર અને ઉપદેશથી ભિન્ન નથી, તેથી જેટલો પ્રભાવ તીર્થંકરોનો, તેટલો જ પ્રભાવ તેમના નામનો, તેમના રૂપનો, તેમનાં ચરિત્રોનો અને તેમના ઉપદેશ આદિનો માનવો જોઈએ. તીર્થંકર લોકમાં 'મંગળ' છે, તો તેમનું નામ પણ લોકમાં 'મંગળ' છે. તીર્થંકરો લોકમાં 'ઉત્તમ' છે, તો તેમનું નામ પણ લોકમાં 'ઉત્તમ' છે. તીર્થંકરો લોકમાં 'શરણભૂત' છે, તો તેમનું નામ પણ લોકમાં 'શરણભૂત' છે. જે લોકો તીર્થંકરોનાં રૂપ, આકૃતિ, પ્રતિબિમ્બ કે પ્રતિચ્છાયા આદિનો પ્રભાવ તીર્થંકરોના જેટલો સ્વીકારતા નથી, તે લોકો પણ તીર્થંકરોના નામનો પ્રભાવ તો

ખુદ તીર્થંકરો જેટલો સ્વીકારે જ છે.

**"પ્રભુ નામની ઔષધિ, ખરા ભાવથી ખાય,**
**રોગ શોક દૂરે ટળે, આધિ વ્યાધિ મિટ જાય. ૧**

તીર્થંકરવાચક પદ, કે જે તીર્થંકરની સમાન આકારવાળું નથી, તેમાં પણ જો તીર્થંકર જેટલો પ્રભાવ (વાચ્ય-વાચકસંબંધથી) આવી શકે છે, તો તીર્થંકર-દર્શકરૂપ, કે જે તીર્થંકરની સમાન આકૃતિવાળું છે, તેમાં તીર્થંકર જેટલો પ્રભાવ (સ્થાપ્ય-સ્થાપક સંબંધથી) કેમ ન આવી શકે ? વાચ્ય-વાચક સંબંધ જો લોકમાં સત્ય અને સિદ્ધ છે, તો સ્થાપ્ય-સ્થાપક સંબંધ શું લોકમાં સત્ય અને સિદ્ધ નથી ? વાચકના સંબંધથી વાચ્યની સ્મૃતિ જેમ અનુભવસિદ્ધ છે, તેમ સ્થાપનાના સંબંધથી સ્થાપ્યની સ્મૃતિ પણ અનુભવસિદ્ધ છે. વાચક જો વાચ્યની સ્મૃતિ કરાવે છે, તો સ્થાપના પણ સ્થાપ્યની સ્મૃતિ કરાવે છે જ. વાચકમાં વાચ્યનો જ્યારે એક (નામસ્વરૂપ) જ ધર્મ છે, ત્યારે સ્થાપનામાં સ્થાપ્યના નામ, આકૃતિ આદિ અનેક ધર્મો રહેલા છે. અંગ્રેજીમાં એક કહેવત છે કે-"One picture is worth ten thousand words"-"એક ચિત્ર કે આકૃતિમાં ઓછામાં ઓછા દશ હજાર શબ્દો સમાયેલા છે."

તીર્થંકરોના નામની મંગળરૂપતા સ્વીકારનારે તીર્થંકરોના રૂપની, ચારિત્રની, ઉપદેશની તથા એ ચારની સાથે સાક્ષાત્ કે અસાક્ષાત્ સંબંધ ધરાવનારી બીજી સર્વ વસ્તુઓની મંગળરૂપતા પણ સ્વીકારવી જ જોઈએ.

નામનો જાપ જિહ્વાને પવિત્ર કરે છે, રૂપનું દર્શન ચક્ષુને પાવન કરે છે, ચરિત્રનું શ્રવણ શ્રોત્રનું સાફલ્ય કરે છે

તથા ઉપદેશનું ગ્રહણ શ્રવણ, મનન અને અનુષ્ઠાનાદિ મન, વચન, કાયાદિ સર્વને સાર્થક્ય કરે છે.

જિહ્વા દ્વારા થતી ભક્તિને સ્વીકારવી અને ચક્ષુ દ્વારા થતી ભક્તિને ન સ્વીકારવી અથવા ચક્ષુ દ્વારા થતી ભક્તિને સ્વીકારવી અને શ્રોત્ર દ્વારા થતી ભક્તિને ન સ્વીકારવી, એ જેમ અનુચિત છે, તેમ મન દ્વારા થતી ભક્તિને સ્વીકારવી અને તન દ્વારા થતી ભક્તિને ન સ્વીકારવી અથવા તન દ્વારા થતી ભક્તિને સ્વીકારવી પણ વચન દ્વારા થતી ભક્તિને ન સ્વીકારવી અથવા વચન દ્વારા થતી ભક્તિને સ્વીકારવી અને ધન દ્વારા થતી ભક્તિને ન સ્વીકારવી, એ પણ અજ્ઞાનનું જ એક ફળ છે તન–મન–વચન કે ધન કોઈ પણ સાધન દ્વારા થતી તીર્થંકરોની ભક્તિ, સેવા કે આરાધના એકસરખી ઉપયોગી અને ઉપકારક છે, એ જાતનું સમ્યગ્ જ્ઞાન અને શ્રદ્ધાન એ જ એક વિવેકનું સર્વોચ્ચ ફળ છે.

તીર્થંકરોના નામના મંગલ જાપ દ્વારા તીર્થંકરોના ગુણોનું ઉત્કીર્તન થાય છે. ઉત્કીર્તન બે પ્રકારનું છે: એક દ્રવ્યોત્કીર્તન અને બીજું ભાવોત્કીર્તન. દ્રવ્યોત્કીર્તન પુષ્પ, વસ્ત્ર, ગંધ, અલંકારાદિ વડે થાય છે અને ભાવોત્કીર્તન વિદ્યમાન સત્યગુણોના ઉત્કીર્તન વડે થાય છે. સર્વ સાવદ્યયોગના ત્યાગરૂપ સર્વવિરતિધર્મને સ્વીકારનાર સાધુઓ માટે કેવળ ભાવોત્કીર્તન હિતકારી છે અને આરંભ પરિગ્રહથી યુક્ત, સાવદ્ય વ્યાપારોમાં રક્ત ગૃહસ્થોને દ્રવ્યોત્કીર્તન ભાવોત્કીર્તન બંને ગુણકારી છે. એ વસ્તુને સ્પષ્ટપણે સમજવા માટે કૂપ–ખનનનું દૃષ્ટાંત છે. કૂપ–ખનનની ક્રિયામાં જોકે પ્રથમ તૃષા અને પંકાદિથી વિશેષ બાધિત થવાય છે,

તોપણ તૃષાદિના નિવારણ માટે તે સિવાય બીજો ઉપાય પણ નથી. તેમ આરંભ પરિગ્રહરૂપી પંકમાં નિમગ્ન ગૃહસ્થોને તે પંકના પ્રક્ષાલન માટે દ્રવ્યોત્કીર્તન અનિવાર્ય છે. દ્રવ્યોત્કીર્તન સિવાય સાવદ્ય યોગથી વિરામ નહિ પામેલા આત્માઓને ધર્મધ્યાન સંભવિત નથી. દ્રવ્યોત્કીર્તનથી જ તેમના આરંભાદિ પાપપંકનું પ્રક્ષાલન થાય છે. તથા સંસાર પ્રતનુ એટલે પાતળો પડે છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે, ગૃહસ્થોને દ્રવ્યોત્કીર્તનપૂર્વકનું ભાવોત્કીર્તન પ્રભૂતતર નિર્જરા અને શુભાનુબંધી કર્મનો હેતુ છે.

તીર્થંકરો લોકનો ઉદ્યોત કરનારા છે. લોક એટલે પંચાસ્તિકાય. ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જીવ એ પાંચ અસ્તિકાય છે–પ્રદેશ પ્રચયાત્મક છે. કાળદ્રવ્ય પ્રદેશ પ્રચયાત્મક નથી, તેથી તેને અસ્તિકાય કહેલ નથી. કાળદ્રવ્યની સાથે પાંચ અસ્તિકાય મળીને છ દ્રવ્યો કહેવાય છે. તીર્થંકરો પાંચ અસ્તિકાયાત્મક અને છ દ્રવ્યાત્મક લોકનો ઉદ્યોત કરનારા છે. ઉદ્યોત એટલે પ્રકાશ, સ્વયં જાણવું અને બીજાને જણાવવું. લોકની ઊર્ધ્વ, અધો અને તિર્યગ્ આકૃતિને, લોકમાં રહેલાં જીવાજીવાદિ ષડ્ દ્રવ્યોને જીવોની ગતિ–આગતિને, રાગ–દ્વેષાદિ ભાવોને, દેવ–નરકાદિ ભવોને તથા જ્ઞાન–દર્શનાદિ ગુણોને તીર્થંકરો પ્રતિસમય જાણે છે, જુએ છે અને યોગ્યની આગળ કહે છે, તેથી ઉદ્યોત કરનારા ગણાય છે. ઉદ્યોતને આલોક, પ્રલોક, સંલોક પણ કહેવાય છે, એટલે સારી રીતે જાણે છે, સારી રીતે જુએ છે અને સારી રીતે બીજાની આગળ પ્રકાશે છે.

ઉદ્યોત બે પ્રકારનો છે : દ્રવ્યોદ્યોત અને ભાવોદ્યોત.

દ્રવ્યોદ્યોત પરિમિત ક્ષેત્રો અને સ્થૂલ દ્રવ્યોને પ્રકાશે છે અને તે સૂર્ય, ચન્દ્ર, મણિ, વિદ્યુત, દીપ અને અગ્નિ આદિ બાહ્ય વસ્તુઓ વડે થાય છે.

ભાવોદ્યોત અપરિમિત ક્ષેત્ર એટલે લોકાલોકને અને તેમાં રહેલાં સર્વ દ્રવ્યો અને તેના સર્વ પર્યાયોને પ્રકાશે છે અને તે કેવળજ્ઞાન રૂપી આંતરજ્યોતિ વડે થાય છે. કેવળજ્ઞાન રૂપી અભ્યંતર જ્યોતિ લોકાલોકને પ્રકાશે છે, તથા તે લોકમાં રહેલ સર્વ સારભૂત જગહિતકારક ભાવ-ધર્મને પણ પ્રકાશે છે. તેથી તીર્થંકરો ધર્મ–તીર્થંકર પણ કહેવાય છે.

ભાવધર્મ બે પ્રકારનો છે. એક શ્રુતસ્વરૂપ અને બીજો ચારિત્રસ્વરૂપ. શ્રુતધર્મ શાસ્ત્રસ્વાધ્યાયાદિરૂપ છે. અને ચારિત્ર-ધર્મ ક્ષાન્ત્યાદિ (ક્ષમા, માર્દવ, આર્જવ, સંતોષાદિ) ધર્મના પાલનસ્વરૂપ છે. તીર્થંકરો જેમ લોકોદ્યોતકર અને ધર્મ-તીર્થંકર છે. તેમ જિન, અરિહંત અને કેવળી પણ છે.

જિન એટલે ક્રોધ, માન, માયા, લોભાદિને જીતનારા. અરિહંત એટલે ભાવ–અરિ (રાગ–દ્વેષાદિ) અને કર્મરજ (જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ)ને હણનારા, કેવળી એટલે કેવળજ્ઞાન અને કેવલદર્શનને પામેલા. જિન, કેવલી અને અરિહંત હોવાથી સદેવમનુજાસુરને પૂજનીય અથવા સુરાસુર મનુષ્યોને સેવનીય છે. વૈમાનિક–જ્યોતિષ નિકાયમાં વસતા દેવોને, ભવનપતિ–વ્યંતર નિકાયમાં વસતા અસુરોને તથા અઢી દ્વીપ અને બે સમુદ્રમાં વસતા નર–વિદ્યાધરોને કીર્તનીય છે. જેમણે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વિનયાદિ, હિતકર, સુખકર, ગુણકર, અભયકર અને નિર્વૃત્તિકર પદાર્થોને

બતાવ્યા છે તે, લોકમાં રહેલા સર્વ વિવેકી જીવોને સર્વ કાળ માટે સેવનીય, પૂજનીય અને કીર્તનીય બને, તેમાં કશું જ આશ્ચર્ય નથી. કહ્યું છે કે—

**"पूज्योऽयं स्मरणीयोऽयं, सेवनीयोऽयमादरात् ॥**
**अस्यैव शासने भक्तिः, कार्या चेच्चैतनास्तिचेत् ॥१॥"**

"(અર્હન્, જિન, કેવલી, ધર્મ-તીર્થંકર અને લોકોદ્યોતકર એવા) પરમાત્મા એ જ પૂજનીય છે, સ્મરણીય છે અને આદરપૂર્વક સેવનીય છે. જો ચેતના હોય તો એક તેમના શાસનને વિષે જ ભક્તિ કરવા લાયક છે." ૧

તીર્થંકર યદ્યપિ રાગાદિરહિત હોવાથી પ્રસન્ન થતા નથી, તોપણ અચિન્ત્ય ચિન્તામણિ એવા તેમને ઉદ્દેશીને અંતઃકરણની શુદ્ધિપૂર્વક કરેલી સ્તુતિ (સ્તુતિ કરનારના) ઇષ્ટ ફળને આપનારી થાય છે.

તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ અને મને આરોગ્ય, બોધિલાભ અને સર્વોત્કૃષ્ટ ભાવ–સમાધિને આપો, એમ કહેવું એ નિષ્ફળ કે વૃથા પ્રલાપરૂપ નથી, કેમ કે, એનાં બે કારણો છે. એક કારણ તો અંતઃકરણની શુદ્ધિને માટે તીર્થંકરોની વારંવાર પ્રસન્નતા યાચવી, એ અત્યન્ત જરૂરી છે. તથા બીજું કારણ મોક્ષાદિ પદાર્થની પ્રાપ્તિ તીર્થંકરોના ધ્યાનથી જ થાય છે. આપવા લાયક જે ઉત્તમ વસ્તુઓ છે, તેને આપનારા તેઓ જ છે, પણ બીજા નથી. આરોગ્યાદિને કરનાર એવા દર્શન, જ્ઞાન, ચારિત્રનો ઉપદેશ પણ તેમણે જ આપ્યો છે. તેથી તેમની પાસે તે વસ્તુઓ યાચવી એ સુસંગત છે. તીર્થંકરો પાસે બોધિ, સમાધિ કે આરો-

ગ્યાદિની યાચના કરવી એ અસત્યામૃષા (જે સત્ય પણ નથી અને અસત્ય પણ નથી એવી વ્યવહાર) નામની ભાષાનો એક પ્રકાર છે. તીર્થંકરો બોધિ, સમાધિ અને આરોગ્ય આપે છે તે વાત સત્ય નથી, કારણ કે, તીર્થંકરો વીતરાગ છે તથા તે અસત્ય પણ નથી, કારણ કે, તેમના ધ્યાનથી જ બોધિ વગેરે મળે છે. તેથી તીર્થંકરો પાસે તેની યાચના કરવી, એ આરાધનાસ્વરૂપ છે અને ન કરવી એ અનારાધના-સ્વરૂપ છે. એ યાચના નિદાન કે કર્મબંધસ્વરૂપ પણ નથી, કારણ કે, કર્મબંધના હેતુ પાંચ છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. મિથ્યાત્વાદિ એ પાંચ હેતુમાંથી એક પણ હેતુ તીર્થંકરો પાસે આરોગ્યાદિ પદાર્થોની યાચના કરવામાં છે નહિ.

અહીં આરોગ્ય શબ્દથી ભાવ–આરોગ્ય એટલે સર્વ કર્મરોગના ક્ષયજન્ય મુક્તિ–સ્વરૂપ (ભાવ) આરોગ્ય લેવાનું છે, ભાવ–આરોગ્યરૂપ મુક્તિ, તેના કારણભૂત બોધ અને બોધિના કારણભૂત સમાધિ તીર્થંકરોના ધ્યાનથી જ મળે છે, તો પછી તે પદાર્થોની યાચના તીર્થંકરો પાસે કરવી એ શું ન્યાયયુક્ત નથી ? અવશ્ય છે. માગણી કરવી એમાં જ આરાધના છે. ન કરવામાં આરાધના નથી, કિન્તુ અનારાધના યાવત્ વિરાધના પણ છે. જે વસ્તુ જેઓના ધ્યાનથી મળે છે, તે વસ્તુને તેઓ જ આપનારા છે, એમ માનવું એ પણ ન્યાય–પુરઃસર છે. જેના નામથી કે પૈસાથી જે વહેવાર કરે છે, તે તેનાથી જ કમાયો એમ મનાય છે. રાજાના શસ્ત્રથી યુદ્ધને જીતનારા સુભટો રાજાના પ્રભાવે જ જીત્યા, એમ ગણાય છે. સુભટે યુદ્ધ જીત્યું, એમ કહેવાને બદલે રાજાએ જ યુદ્ધ જીત્યું, એમ કહેવાય છે. તેમ તીર્થંકરોના ધ્યાનથી બોધિ, સમાધિ

અને આરોગ્ય પ્રાપ્ત કરનારાઓએ તીર્થંકરોના પ્રભાવે જ તે પ્રાપ્ત કર્યું છે (નહિ કે કેવળ પોતાના પ્રભાવે) એમ માનવું જ જોઈએ.

કેવળ પોતાના જ પ્રભાવે પ્રાપ્ત કરી શકાય તેમ હોય, તો તીર્થંકરના ધ્યાન વિના આજ સુધી કેમ પ્રાપ્ત ન થયું ? એ પ્રશ્ન છે. તીર્થંકરોના ધ્યાન સિવાય બોધિ આદિની પ્રાપ્તિ થતી નથી, તેથી તીર્થંકરો જ બોધિ, સમાધિ અને ભાવઆરોગ્યને આપનારા છે એમ માનવું જોઈએ, વારંવાર કહેવું જોઈએ તથા એ સત્ય વાતને કદી પણ વિસરી ન જવા માટે વારંવાર યાચવું પણ જોઈએ. એ યાચના કરવાથી અભિમાનનો નાશ થાય છે તથા (વિનયાદિ) ગુણોનું પણ પાલન થાય છે.

બોધિ બે પ્રકારની છે : એક દ્રવ્યબોધિ અને બીજી ભાવ-બોધિ. દ્રવ્યબોધિ એટલે કમલાદિ પુષ્પોનો વિકાસ અને ભાવ-બોધિ એટલે જ્ઞાનાદિ ગુણોનો વિકાસ. શિયાળિયો મોંઢામાં રહેલી માંસની પેશીને છોડીને મત્સ્યની પાસે તે માગવા જાય છે, તો જેમ ઉભયથી ભ્રષ્ટ થાય છે, તેમ પ્રાપ્તબોધિને પ્રમાદથી સફળ નહિ કરનારો અને અન્ય બોધિની પ્રાર્થના કરનારો પણ ઉભયથી ભ્રષ્ટ થાય. પ્રાપ્તબોધિ એટલે પ્રાપ્ત સદ્બુદ્ધિ, તેને સદ્ અનુષ્ઠાન સફળ નહિ કરતો અને અનાગત બોધિ એટલે ભવિષ્યકાળ માટે બોધિ (સમ્યગ્જ્ઞાન)ની પ્રાર્થના કરતો એવો મનુષ્ય ઉભયથી ભ્રષ્ટ થાય છે. વિનામૂલ્યે અના-ગત બોધિ મળતી નથી અને મળેલી બોધિને સફળ નહિ કરવાથી પ્રાપ્તબોધિ નિષ્ફળ જાય છે. મળેલ બોધિ (સદ્બુદ્ધિ) મુજબ ક્રિયા કરનારને જ અન્ય ભવે બોધિ સુલભ છે.

આદ્યબોધિનો લાભ તો રાધાવેધની સમાન દુર્લભ માનેલો છે, તેથી તેની પ્રાપ્તિ માટે વારંવાર તીર્થંકરોની પ્રાર્થના કરવી અત્યંત આવશ્યક છે.

ચન્દ્રોથી પણ અધિક નિર્મળ તીર્થંકરોનું ચરિત્ર છે, સૂર્યોથી પણ અધિક તેજસ્કર તીર્થંકરોનું જ્ઞાન છે અને સ્વયંભૂરમરણ સાગરથી પણ અધિક ગંભીરતર તીર્થંકરોની સમતા છે. તેઓ કૃતકૃત્ય છે, કૃતાર્થ છે તેમનાં સર્વ કાર્યો સિદ્ધ થયેલાં છે. તેથી તેમની પાસે કરેલી પ્રાર્થના કદી પણ નિષ્ફળ નથી જતી, અવશ્ય ફળીભૂત થાય છે.

ઉપસંહાર—

તીર્થંકરો ભરત, ઐરવત. ક્ષેત્રોના દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં ચોવીસ ચોવીસ થાય છે, તથા ભરત, ઐરવત અને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાળે એકસો ને સીત્તોર (૧૭૦) વિહરમાન વિચરતા હોય છે. આ ભરતક્ષેત્રની આ અવસર્પિણીના ચોથાં આરામાં થયેલા ચોવીસ તીર્થંકરોના નામની પવિત્રતા, મંગલમયતા તથા સુખકારકતા પણ કેવી છે ? તેને સંક્ષિપ્તમાં વર્ણવી લેખન પૂર્ણ કરીશું.

## નામની પવિત્રતા અને મંગલમયતા

૧. ઋષભ–**ऋषति, गच्छतीति ऋषभः’** પરમપદે જાય તે ઋષભ અથવા **‘वर्षतीति ऋषभः’** દેશના–જલ વર્ષાવે તે ઋષભ.

૨. **અજિત**–પરિષહાદિથી નહિ જીતાયેલા.

૩. **સંભવ**–પ્રકર્ષેણ જેમાં ગુણો ઉત્પન્ન થાય છે તે.

૪. **અભિનંદન**–દેવેન્દ્રાદિથી અભિનંદિત.

૫. **સુમિત**–સુંદર મતિવાળા.

૬. **પદ્મપ્રભ**–પદ્મના જેવી અલિપ્ત પ્રભાવાળા.

૭. **સુપાર્શ્વ**–સુંદર પાસાં (પડખાં)વાળા.

૮. **ચન્દ્રપ્રભ**–ચન્દ્ર સમાન સૌમ્ય પ્રભા-જ્યોત્સ્નાને ધારણ કરનારા.

૯. **સુવિધિ**–અથવા **પુષ્પદંત** શોભન વિધિવાળા અથવા પુષ્પ-કલિકાસમાન મનોહર દંતવાળા.

૧૦. **શીતલ**–સકલ સત્ત્વ-સંતાપ-હરણ.

૧૧. **શ્રેયાંસ**–સકલ ભુવનથી પ્રશસ્યતમ.

૧૨. **વાસુપૂજ્ય**–દેવ-વિશેષોથી પૂજ્ય.

૧૩. **વિમલ**–મલરહિત અથવા નિર્મળ જ્ઞાનાદિસહિત.

૧૪. **અનંત**–અનંત કર્માંશને જીતનારા અથવા અનંત જ્ઞાનાદિથી જયવંત.

૧૫. **ધર્મ**–દુર્ગતિમાં પડતાં પ્રાણીઓને ધારણ કરનાર.

૧૬. **શાન્તિ**–શાન્તિના યોગવાળા, શાંતિ સ્વરૂપવાળા અથવા શાંતિના કરનારા.

૧૭. **કુન્થુ**–પૃથિવી ઉપર સ્થિત.

૧૮. **અર**–વૃદ્ધિને કરનારા.

૧૯. **મલ્લિ**–પરિષહાદિ મલ્લને જીતનારા.

૨૦. **મુનિસુવ્રત**–ત્રિકાલાવસ્થાનું જ્ઞાન તથા સુંદર વ્રત, તેને ધારણ કરનારા.

૨૧. નમિ–પરિષહ ઉપસર્ગોને નમાવનારા.
૨૨. નેમિ–ધર્મચક્રની નેમિ જેવા નેમિ.
૨૩. પાર્શ્વ–સર્વ ભાવોને જોનારા.
૨૪. વર્ધમાન–જન્મથી આરંભીને જ્ઞાનાદિ ગુણો વડે વધનારા.

## કીર્તનનો મહિમા અને ફળ

તીર્થંકરોનાં પવિત્ર અને મંગલ નામનો જાપ અને કીર્તન કેટલું મહિમાવાળું અને ફળદાયી છે, તેને વર્ણવતાં મહાપુરુષો ફરમાવે છે કે, તીર્થંકરોના નામનું કીર્તન કરવાથી–

૧. ક્રોડો તપનું ફળ મળે છે.
૨. સર્વ કામનાઓ સિદ્ધ થાય છે.
૩. જિહ્વા અને જન્મ સફળ થાય છે.
૪. કષ્ટ અને વિઘ્નો ટળે છે.
૫. મંગળ અને કલ્યાણની પરંપરા આવી મળે છે.
૬. મહિમા અને મોટાઈ વધે છે.
૭. પ્રત્યેક સ્થાને વિજય, સુયશ અને મહોદય થાય છે.
૮. દુર્જનોનું ચિન્તવેલું નિષ્ફળ જાય છે.
૯. યશ, કીર્તિ અને બહુમાન વધે છે.
૧૦. આનંદ, વિલાસ, સુખ, લીલા અને લક્ષ્મી મળે છે.
૧૧. ભવજલતરણ, શિવસુખમિલન અને આત્મોદ્ધારકરણ સુલભ થાય છે.
૧૨. દુર્ગતિનાં દ્વારોનું રોકાણ અને સદ્ગતિનાં દ્વારનું ઉદ્ઘાટન થાય છે.

એ કારણે તીર્થંકરોનું નામ એ પરમ નિધાન છે, અમૃતનો કૂંપો છે.

જન–મન–મોહન–વેલ છે.
રાત–દિવસ સંભારવાલાયક છે.
ઘડી પણ ન વિસરવાલાયક છે.
તીર્થંકરોનું નામ એ આળસમાં મળેલી ગંગા છે.
મયૂરને મન જેમ મેઘ,
ચકોરને મન જેમ ચન્દ્ર,
ભ્રમરને મન જેમ કમલ,
કોકિલને મન જેમ આમ્ર,
જ્ઞાનીને મન જેમ તત્ત્વચિન્તન,
યોગીને મન જેમ સંયમધારણ,
દાનીને મન જેમ ત્યાગ.
ન્યાયીને મન જેમ ન્યાય,
સીતાને મન જેમ રામ,
રતિને મન જેમ કામ,
વહેપારીને મન જેમ દામ,
પંથીને મન જેમ ધામ,

તેમ તત્ત્વ-ગુણ-રસિક જીવના મનને તીર્થંકરનું નામ આનંદ આપનારું છે.

તાર્થંકરના નામને જપનારને નવનિધાન ઘેર છે, કલ્પવેલી આંગણે છે, આઠ મહા સિદ્ધિ ઘટમાં છે, તીર્થંકરોના પવિત્ર નામગ્રહણથી કોઈ પણ જાતના કાયાના કષ્ટ વિના જ ભવજલ તરાય છે. તીર્થંકરોના લોકોત્તર નામકીર્તન રૂપી અમૃત-પાનથી મિથ્યામતિ રૂપી વિષ તત્કાલ નાશ પામે છે તથા અજરામર પદની પ્રાપ્તિ હસ્તામલકવત્ બની જાય છે.

*

# જૈન પરમેશ્વરનું સ્વરૂપ ૭

"सर्वज्ञो जितरागादिदोषस्त्रैलोक्यपूजितः ।
यथास्थितार्थवादी च देवोऽर्हन् परमेश्वरः ॥१॥
अन्तराया दानलाभभोगवीर्योपभोगगाः ।
हासो रत्यती भीतिर्जुगुप्सा शोक एव च ॥२॥
कामो मिथ्यात्वमज्ञानं निद्रा चाऽविरतिस्तथा ।
रागो द्वेषश्च नो दोषास्तेषामष्टादशाऽप्यमी ॥३॥

*

"સર્વજ્ઞ, રાગાદિ દોષોને જીતેલા, ત્રૈલોક્યપૂજિત અને યથાસ્થિત વસ્તુને કહેનારા દેવ, તે અહંત પરમેશ્વર છે. દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યગત અંતરાયો; હાસ્ય, રતિ, અરતિ, ભય, જુગુપ્સા અને શોક; કામ, મિથ્યાત્વ, અજ્ઞાન, નિદ્રા, અવિરતિ, રાગ અને દ્વેષ–એ અઢાર દોષો પણ તેમને હોતા નથી." ૧–૨–૩.

જૈન સિદ્ધાંત મુજબ સંસારી મનુષ્યોમાં જે પ્રકારના દોષો દેખાય છે, તેમાંનો એક પણ દોષ પરમેશ્વરમાં હોવો જોઇએ નહિ, મુખ્યત્વે ૧૮ પ્રકારના દોષો સંસારી જીવામાં આવે છે, તેનાં નામો નીચે મુજબ છે. પાંચ અંતરાય તથા હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા એ છે; તેમ જ કામ, મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, રાગ, દ્વેષ અને અજ્ઞાન–એ સાત મળી કુલ ૧૮.

જીવમાં પાંચ પ્રકારની શક્તિઓ સ્વભાવથી રહેલી છે. દાન દેવાની, લાભ મેળવવાની, ભોગ કરવાની, ઉપભોગ કરવાની અને શક્તિ ફોરવવાની. જેનામાં એ પાંચ પ્રકારની શક્તિઓ સંપૂર્ણ પ્રગટી ન હોય, તેને પરમેશ્વર કહેવાય નહિ. પરમેશ્વરમાં કોઈપણ જાતની ન્યૂનતા કે ખામી હોવી જોઈએ નહિ અંતરાયના ઉદયે જીવને દાન દેવા, લાભ મેળવવા, ઈત્યાદિમાં ખામી રહી જાય છે. પાંચ શક્તિઓને પ્રકટ થવામાં અંતરાય કરનારા પાંચ દોષો સર્વથા દૂર થઈ જવાથી, પરમેશ્વર સર્વશક્તિમાન હોય છે. પરમેશ્વરમાં સર્વ-શક્તિ વિદ્યમાન હોય છે, એનો અર્થ એ નથી કે, વિદ્યમાન સર્વ શક્તિઓનો તેઓ ઉપયોગ કરે છે. પરમેશ્વર કૃતકૃત્ય અને નિષ્ઠિતાર્થ હોવાથી, તેઓ પોતાની શક્તિનો કદી પણ ઉપયોગ કરતા નથી, છતાં શક્તિથી પરિપૂર્ણ રહે છે અને તેમના ઉપર ભક્તિ રાખનારને તે બધી જ શક્તિઓનો પરિપૂર્ણ લાભ મળે છે.

હાસ્ય એટલે હસવું તે. પરમેશ્વરને કદી પણ હસવું આવતું નથી; જેઓને હસવું આવે છે, તેઓ સર્વશક્તિ-માન કે સંપૂર્ણ જ્ઞાની હોતા નથી. પરમેશ્વર સર્વજ્ઞ અને સર્વશક્તિમાન હોવાથી, તેમને હસવાનું કોઈ નિમિત્ત હોતું નથી. હસવાનાં નિમિત્તો નીચે મુજબ માનેલાં છે:

૧–અપૂર્વ વસ્તુને જોવાથી

૨–અપૂર્વ વસ્તુને સાંભળવાથી

૩–અપૂર્વ વસ્તુના સ્મરણથી અને

૪–મોહનીય કર્મના ઉદયથી

પરમેશ્વરને મોહકર્મના ઉદયરૂપ આંતરનિમિત્ત કે અપૂર્વ વસ્તુને જોવી, સાંભળવી કે યાદ આવવી-એ રૂપ બાહ્ય નિમિત્ત નહિ હોવાથી, પરમેશ્વરમાં હાસ્ય હોતું નથી. પરમેશ્વર મોહરહિત હોવા સાથે સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન છે, તેથી તેમને આ જગતમાં કોઈ પણ વસ્તુ અપૂર્વ હોતી નથી અને કોઈ પણ મોહકર્મનો ઉદય નથી, તેથી તેમને હાસ્ય નથી.

**રતિ અરતિ** એટલે પદાર્થો પર પ્રીતિ અને અપ્રીતિ. જેને જે પદાર્થ પર પ્રીતિ હોય છે, તેને તે પદાર્થ ન મળે તો દુઃખ થાય છે. જેને દુઃખ થાય તે પરમેશ્વર કહેવાય નહિ. પરમેશ્વરને સુંદર પદાર્થો ઉપર રાગ કે અસુંદર પદાર્થો ઉપર દ્વેષ હોતો નથી, તેથી તેઓ સદા સુખી હોય છે. પદાર્થો ઉપર જ્યાં સુધી રતિ-અરતિ છે, ત્યાં સુધી જ સુખનો નાશ અને દુઃખની પ્રાપ્તિનો સંભવ છે. પરમેશ્વરમાં તે નથી, તેથી તેઓને દુઃખનો લેશ પણ નથી, કિન્તુ સદા સુખ છે.

**ભય** એટલે બીક. બીકનાં કારણો અનેક હોઈ શકે છે. પરમેશ્વર સર્વશક્તિમાન હોવાથી અને તેમનાથી વધારે શક્તિમાન બીજો કોઈ નહિ હોવાથી, પરમેશ્વરને કોઈના તરફથી બીક હોતી નથી.

**જુગુપ્સા** એટલે કોઈ ખરાબ વસ્તુ દેખીને નાક ચઢાવવું, ઘૃણા બતાવવી. પરમેશ્વર મોહરહિત અને સર્વજ્ઞ હોવાથી, તેમને કોઈ પણ વસ્તુ પર ઘૃણા આવતી નથી. જેને ઘૃણા આવે છે, તેને દુઃખ થાય છે. જ્યાં સુધી દુઃખ થાય છે, ત્યાં સુધી તે પરમેશ્વર નથી.

શોક. જેને દુઃખ નથી તેને શોક પણ થતો નથી. પરમેશ્વરને કદી પણ દુઃખ થતું નથી, તેથી તેમને શોક પણ હોતો નથી.

**કામ** એટલે વેદવિકાર. જેમનામાં વેદનો વિકાર હોય તેને પરમેશ્વર કહેવાય નહિ. જેણે સંપૂર્ણ સુખ મેળવ્યું ન હોય, તેનામાં જ કામસુખ ભોગવવાની લાલસા હોય. પરમેશ્વર સર્વશક્તિમાન તથા સંપૂર્ણ સુખી હોવાથી, તેમનામાં કામવિકાર હોતો નથી.

**મિથ્યાત્વ** એટલે પોતાના દર્શનનો મોહ, જેનામાં થોડો પણ મોહ હોય, તે ઇશ્વર કહેવાય નહિ. પરમેશ્વરમાં કોઈ પણ પ્રકારનો મોહ નહિ હોવાથી, પોતાના દર્શન પર પણ મોહ હોતો નથી (દર્શન એટલે મત).

**અજ્ઞાન**–જે જ્ઞાનરહિત કે મૂઢ હોય, તે ઇશ્વર કહેવાય નહિ. પરમેશ્વર સંપૂર્ણપણે અજ્ઞાનથી રહિત અને સંપૂર્ણ જ્ઞાન સહિત હોય છે.

**નિદ્રા**–જેને નિદ્રા હોય તે ઊંઘમાં ઘણી બાબતો જાણતો નથી. પરમેશ્વરમાં નિદ્રા હોતી નથી, તેથી તેઓ સદાકાળ સઘળું જાણે છે.

**અવિરતિ**–એટલે ભોગતૃષ્ણા. જ્યાં સુધી કોઇ પણ વસ્તુના ભોગની તૃષ્ણા હોય, ત્યાં સુધી તે પરમેશ્વર કહેવાય નહિ. પરમેશ્વર ભોગતૃષ્ણાથી રહિત હોવાથી તેમનામાં અવિરતિદોષ પણ હોતો નથી.

**રાગદ્વેષ**. જેને જેના ઉપર રાગ હોય છે, તે તેનું સારું ઇચ્છે છે અને જેને જેના ઉપર દ્વેષ હોય છે; તે તેનું ભૂરું

ઈચ્છે છે. જે એકનું સારું ઈચ્છે અને બીજાનું નરસું ઈચ્છે, તે દોષરહિત કહેવાય નહિ અને તેથી તે પરમેશ્વર પણ કહેવાય નહિ. સર્વ જીવો ઉપર સમદૃષ્ટિવાળા અને સર્વ પદાર્થો ઉપર મધ્યસ્થ સ્વભાવવાળા હોય, તે જ પરમેશ્વર કહેવાય. તેથી જેનામાં રાગ–દ્વેષ ન જ હોય, તે પરમેશ્વર કહેવાય.

પરમેશ્વરમાં ઉપર કહેલા દોષો જેમ ન જ જોઈએ, તેમ તેની સાથે નીચે લખેલા ગુણો હોવા જ જોઈએ :

૧. ત્રણે કાળ અને ત્રણે લોકને જાણનારા હોવા જોઈએ.

૨. અતિશયવાળી વાણી વડે ઉપદેશ આપનારા હોવા જોઈએ.

૩. પોતે દ્રવ્યભાવથી ઉપદ્રવરહિત હોઈને બીજાના ઉપદ્રવોને ટાળનારા હોવા જોઈએ.

૪. જગતમાં પૂજનીય એવા પણ રાજા, બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી, દેવ, દેવેન્દ્રાદિ પણ જેમને પૂજવાની ઈચ્છા કરે, તેવા હોવા જોઈએ.

---

## ગુણાનુરાગની મહત્તા

जइवि चरसि तवं विउलं पढसि सुयं धरसि विविहकट्ठाइं ।
न धरसि गुणाणुरागं, परेसु ता निष्फलं सयलं ॥१॥

ભલે તું વિપુલ તપ કરતો હોય, શાસ્ત્ર ભણતો હોય, વિવિધ પ્રકારનાં કષ્ટોને ઉઠાવતો હોય, પરંતુ જો તું અન્યમાં ગુણાનુરાગ ન ધરતો હોય તો તે સર્વ ક્રિયા તારી નિષ્ફલ છે. ગુણાનુરાગીની જ સર્વ ક્રિયા સફળ થાય છે. એ જ ગુણાનુરાગની મહત્તા છે.

## પૂજ્યપાદ પંન્યાસજી પ્રવર શ્રી ભદ્રંકર વિજયજી ગણિવરશ્રીનાં પ્રગટ થયેલ પુસ્તકોની સૂચિ

| | | |
|---|---|---|
| ૧ | જૈન માર્ગની પિછાણ | ૫—૦૦ |
| ૨ | નમસ્કાર મહામંત્ર | ૧૦—૦૦ |
| ૩ | પરમેષ્ઠિ નમસ્કાર | ૭—૦૦ |
| ૪ | અનુપેક્ષા (કિરણ ૧—૨—૩ સાથે) | ૮—૦૦ |
| ૫ | નમસ્કાર મીમાંસા | ૭—૦૦ |
| ૬ | નમસ્કાર દોહન | ૫—૦૦ |
| ૭ | જિન—ભક્તિ (અપ્રાપ્ય) | ૩—૦૦ |
| ૮ | દેવ દર્શન | ૬—૦૦ |
| ૯ | પ્રતિમા—પૂજન હિન્દી | ૮—૦૦ |
| ૧૦ | પ્રાર્થના | ૨—૫૦ |
| ૧૧ | પ્રતિક્રમણની પવિત્રતા | ૧—૫૦ |
| ૧૨ | ધર્મ શ્રદ્ધા | ૬—૦૦ |
| ૧૩ | આરાધનાનો માર્ગ | ૫—૫૦ |
| ૧૪ | આસ્તિકતાનો આદર્શ | ૧૦—૦૦ |
| ૧૫ | શ્રી મહાવીર દેવનું જીવન (અપ્રાપ્ય) | |
| ૧૬ | તત્ત્વ દોહન | ૧૦—૦૦ |
| ૧૭ | તત્ત્વ પ્રભા | ૯—૦૦ |
| ૧૮ | મનન માધુરી | ૪—૦૦ |
| ૧૯ | મંગલ—વાણી | ૩—૦૦ |
| ૨૦ | પ્રતિમા—પૂજન—ગુજરાતી (અપ્રાપ્ય) | |
| ૨૧ | વચનામૃતસંગ્રહ | ૪—૦૦ |
| ૨૨ | અજાત શત્રુની અમરવાણી | ૫—૦૦ |
| ૨૩ | ચુંટેલુ ચિંતન | ૪—૦૦ |
| ૨૪ | કલ્યાણ શ્રદ્ધાંજલિ વિશેષાંક | ૨૦—૦૦ |
| ૨૫ | મહામંત્રનાં અજવાળા | પ્રેસમાં |
| ૨૬ | અનુપ્રેક્ષાનાં અજવાળા | પ્રેસમાં |